Chapter-6

# પ્ર ક ર ણ - ૬

## કેટલીક અન્ય નાટક મંડળીઓ

## પ્ર ક ર ણ - ૬

### અન્ય પારસી નાટક મંડળીઓ

### એલફિન્સ્ટન નાટક મંડળી

નાટક અને રંગભૂમિના ઉત્થાનકાળે કુંવરજી-નાઝરનું આગમન એ પારસી નાટયોત્કર્ષ માટે સીમાચિન્હ બની ગયુ. વિધાર્થી અવસ્થા દરમ્યાન તેમને નાટકનો શોખ જાગેલો. ઉંચુ કદ, કદાવર બાંધો અને રુપ મળતાં નાઝરના એક એમેચ્યુઅર તરીકે કામ કરવાનો જુસ્સો વધતો ગયો. દૈવયોગે એલફિન્સ્ટન કોલેજમાં તેમના સાથીઓમાં દાદાભાઇ સોરાબજી પટેલ, રુસ્તમજી મેરવાનજી પટેલ જેવા મિત્રોના સહકારથી એક નાટક મંડળીની સ્થાપના કરી જે'એલફિન્સ્ટન ડ્રામેટલીક કલબ' તરીકે ઓળખાઇ. આ કલબ પહેલા માત્ર અંગ્રેજી નાટકો ભજવતી. શેકસપીયરના 'ઓથેલો', 'ટેમીંગ ઓફ ધી શ્રુ', 'મરચંટ ઓફ વેનીસ' આદિ નાટકોમાં અનુક્રમે નસરવાનજી નવરોજી પારેખે 'એમીલ્યા'નો જમશેદજી ઉનવાળાએ 'પોર્શીયા' અને કુંવરજી નાઝરે 'કેથેરાઇન'નો ભાગ ભજવ્યો હતો. એલફિન્સ્ટનના બધાજ નાટકો શંકરશેઠની નાટક શાળામાં થતાં.[૧] શ્રીયુત નાઝર અંગ્રેજીના એક સારા વિદ્વાન હોવા ઉપરાંત નાટકની રજૂઆત વિષેની સૂઝ ધરાવતાં હોવાથી તેમના નાટકો તેઓ ખૂબજ સફળતાપૂર્વક રજૂ કરી શકયા અને તે દ્વારા તેમણે ઘણી કીર્તિ મેળવી. 'શેકસપીયરના' 'ટેમીંગ ઓફ ધી શ્રુ' અને 'હનીમુન' નામના નાટક પરથી નાઝરે 'કકક કન્યાને ખીસેલા પરણ્યા' નામનું નાટક લખ્યું અને પોતાના દિગ્દર્શન હેઠળ તે ભજવી બતાવ્યું. આ નાટક નાઝરે 'પારસી વિકટોરિયા ઓપેરા ટ્રૂપ' નામની કંપનીના ઉપક્રમે ભજવ્યું. 'સુધરેલી શીરીન આખરે ઠેકાણે આવી' નામનું પારસી સંસારી નાટક અરદેશર ખબરદારે 'લેડી ઓફ લીઓન્સ' પરથી નાઝરની કલબ માટે તૈયાર કર્યું.

'એલફિન્સ્ટન ડ્રામેટીક કલબ'ના ઉપક્રમે થતાં ગુજરાતી નાટકો ભજવવા મી.નાઝરે લાંબા સમય માટે નાનાશંકર શેઠનું 'રોયલ થિયેટર' ભાડે રાખ્યું, જેમાં તેમના માર્ગદર્શન હેઠળ ઘણા અંગ્રેજી અને પારસી સંસારી નાટકો સ્ટેજ થઇ ગયા. નાઝરને મળેલી સફળતાનો ફાળો નસરવાનજી નવરોજી પારેખ, ધનજીશાહ નવરોજી પારેખ, પેસ્તનજી નસરવાનજી વાડીયા, મેરવાનજી નસરવાનજી વાડીયા, ધન્જીભાઇ માસ્તર ઉર્ફે પાલખીવાલા, માણેકશા સુરતી જેવા તેમના સદ્‌મિત્રોને આભારી ગણાવી શકાય. 'નાટક ઉત્તેજક મંડળી'ની સ્થાપના પૂર્વે મુંબઇની રંગભૂમિ પર ગુજરાતી નાટક રજૂ કરવા અંગેના પ્રયાસોના પરિપાકરુપ નાઝરે

ગુજરાતનો છેલ્લો રાજા 'કરણઘેલો' નાટક સ્ટેજ પર ભજવ્યું જે ખૂબ પ્રશંસા પામ્યું. આ નાટકમાં પારસી નાટક મંડળીના માલીક ફરામજી અપ્પુએ રાજા કરણનું પાત્ર સફળતાપૂર્વક ભજવી બતાવ્યું. તેની ભજવણી પૂર્વે નાઝરે ગુજરાતી રીત-રસમો, ધાર્મિક ક્રિયાઓને યથાતથ રજૂ કરવા માટે ખાસ હિંદુ બ્રાહ્મણો રોકયા જેમણે 'કરણઘેલો'માં આવતી સંપૂર્ણ ક્રિયા-કર્મ ખેલાડીઓને સમજાવ્યા. આ નાટકમાં નાઝરે સ્મશાનભૂમિનું દૃશ્ય સ્ટેજ પર રજૂ કર્યું જે ખૂબ પ્રસંશા પામ્યું હતું. આ નાટકમાં કરણઘેલો બનેલ ફરામજી અપ્પુને સાથ આપનાર કાવસજી માણેકજી કૅનત્રાકટર હતાં જેઓએ રુપસુંદરીનું પાત્ર ભજવ્યું હતું.[૨]

'એલફિન્સ્ટન ડ્રામેટીક કલબ' શરુઆતમા અંગ્રેજી ખેલો કરતી પરંતુ સમય જતા અંગ્રેજીની સાથે સાથે ગુજરાતી અને ઉર્દૂ ખેલો પણ કરવા લાગી. શ્રી નાઝરની અભિલાષા મુંબઇની તમામ નાટકશાળાઓ એકલે હાથે ચલાવવાની હતી, તેથી તે નાટયક્ષેત્રે વધુને વધુ કાર્યદક્ષ બનતા ગયા. પરિણામે 'એલફિન્સ્ટન'ની સાથે સાથે 'વિકટોરિયા નાટક મંડળી'ના માલીક દાદી પટેલ સાથે ભાગીદારી શરુ કરી. નાટકશાળા પર પ્રભુત્વ મેળવ્યા બાદ નાનાશંકર શેઠના જૂના થિયેટરમાં એલફિન્સ્ટનના નાટકો ભજવાતા અને વિકટોરિયા થિયેટરના વિકટોરિયા નાટક મંડળીના ખેલો થતાં. દાદી અને નાઝરની ભાગીદારીમાં થતા ખેલો મોટે ભાગે ખેલાડીઓને ઘણાંજ બોજારુપ બની ગયા. વિકટોરિયા કલબના ખેલાડીઓને 'વિકટોરિયા' તેમજ 'એલફિન્સ્ટન' બન્ને કલબમાં પોતાના ભાગ ભજવવા જવું પડતું. નાઝરે કરેલી આ ગોઠવણને કારણે ખેલાડીઓ ઉપર કામનો બોજો ખૂબજ વધી ગયો, વિકટોરિયા કલબના ખેલાડીઓને વિકટોરિયા તેમજ એલફિન્સ્ટન બન્ને કલબમાં પોતાનો ભાગ ભજવવા દોડ-ધામ કરવી પડતી. આ પ્રકારની ગોઠવણીથી નાઝરનું કાર્ય સફળ રીતે પાર પડતું. આ પરિસ્થિતિમાં શ્રી એદલજા ખોરી રચિત 'નુરજેહાંન' નામનું નાટક એલફિન્સ્ટન કલબે ઉર્દૂમાં ભજવવાનું શરુ કર્યું. જેમાં ભાગીદારીની ગોઠવણ પ્રમાણે ખુરશેદજી બાલીવાલાને 'મહોબતખાન'નું પાત્ર ભજવવાની ફરજ પડી. શ્રી દાદી પટેલ આ બનાવથી ખૂબ નારાજ થયા અને તેઓ 'વિકટોરિયા નાટક મંડળી'માંથી અલગ થયા. ઈ.સ.૧૮૭૩ ની આસપાસ દાદી પટેલે 'વિકટોરિયા નાટક મંડળી' કુંવરજી નાઝરને સોંપી દઇ કુંવરજી નાઝરની હરિફાઇમાં તેમણે નવી કલબની સ્થાપના કરી જે 'ઓરીજીનલ વિકટોરિયા'ના નામે ઓળખાઇ.

વિકટોરિયા ભાગીદારીમાથી દાદી છુટાં થતાં કુંવરજી નાઝર 'એલફિન્સ્ટન' અને 'વિકટોરિયા' નાટક મંડળીના એકલા માલીક બન્યા. તે અરસામાં એડવર્ડ સાતમા પ્રીન્સ ઓફ વેલ્સ તરીકે ભારતમાં આવ્યા ત્યારે 'વિકટોરિયા' અને 'એલફિન્સ્ટન' બન્ને થિયેટરોમાં

ખેલાડીઓની એવી વ્યવસ્થા કરવામાં આવી કે ખેલાડીઓનો બન્ને થિયેટરોમાં ચાલતા નાટકમાં તેમનો ભાગ રહેતો અને અંક પ્રમાણે પાછળના દરવાજે તેઓ આવ-જાવ કરતાં. મહેમાન રાજાઓને બતાવવા માટે નાઝરે ચાર-ચાર નાટક તૈયાર કરાવ્યા અને સફળતાપૂર્વક ભજવી હજારો રુપીયા મેળવ્યા.

અંગ્રેજી, ગુજરાતી અને પારસી સંસારી નાટકોની સાથે સાથે 'ઇન્દ્રસભા'નામનો જાણીતો ખેલ ભવ્ય આયોજન સાથે તૈયાર કરાવ્યો. તેમા શ્રી નસરવાનજી નવરોજી પારેખે 'ગુલફામ'નો અને શ્યાવક્ષા રુસ્તમજી માસ્તરે 'સબ્જપરી'નો ભાગ ભજવ્યો, જ્યારે ખુરશેદજી બહેરામજી હાથીરામે ઇન્દ્રરાજાનો ભાગ ભજવ્યો હતો. ઇન્દ્રસભાએ શૃંગાર પ્રધાન ગીત-નાટય છે. પ્રેમ અને શૃંગાર તેનો મુખ્ય વિષય છે. ઇન્દ્રરાજા નાટકનો નાયક હોય છે અને તેની સન્મુખ બધી પરીયો નૃત્ય કરે છે. 'સબ્જ પરી' નામની એક પરી 'ગુલફામ'નામના માનવીને પ્રેમ કરે છે, જે ઇન્દ્રને પસંદ નથી. તેથી તેને કષ્ટ આપે છે. અંતે તેની પરીક્ષા લેવામાં આવતાં તે ગુલફામને મેળવે છે. 'ઇન્દ્ર સભા'નુ રચના-વિધાન રાસ સાથે સમાન હોય છે. પ્રારંભમાં નિર્દેશક રંગમંચ પર પ્રવેશ કરી પોતાનો સ્વયં પરિચય આપ્યા બાદ પરીયોને લાવવાની આજ્ઞા આપે છે. ત્યારબાદ સંગીત અને સંવાદની સાથે કથા વિકસિત થઇ પૂર્ણ થાય છે.

શ્રી નાઝરે કરેલી 'ઇન્દ્રસભા'માં દરેક ખેલાડીએ ફકત એકજ રાગમાં પોતાનો પાર્ટ તૈયાર કરી ગાઇ જાય, તેમ છતાં 'ઇન્દ્રસભા'એ લોકોને ગજબનું ઘેલું લગાડયુ જેના કારણે દર શનીવારે નાનાશંકર શેઠની નાટકશાળા ચીક્કાર ભરાઇ જતી. આ 'ઇન્દ્રસભા'એ વળી ઓપેરાનો ચસ્કો લગાડયો.[3] કુંવરજી નાઝરે કરેલા 'ઇન્દ્રસભા'ના ખેલ બાદ દાદી પટેલે 'ઇન્દ્રસભા'નું સેમનું નાટક ખૂબજ જહેમત અને ભવ્ય રીતે તૈયાર કર્યુ. વિવિધ દૃશ્ય રચનાઓ, ગીત-સંગીત અને ડ્રોપસીન દ્વારા ખૂબજ સફળ રીતે ભજવેલુ. ડ્રોપસીન માટે તૈયાર કરાવેલ પડદા ઉપર યુવાનને ડંખ મારવા જતા નાગને કચડતો ચીતરી દાદી પટેલે કુંવરજી નાઝરની તુલના નાગ સાથે કરી ભાગીદારી છૂટી થતાં દાદી પટેલ અને કુંવરજી નાઝર ઉભયના કટ્ટર શત્રુ બની ચુકયા હતાં. તેમની દુશ્મની નાટયોત્કર્ષ માટે ખૂબજ મહત્વની નીવડી. બન્ને મહારથીઓએ એક બીજાથી કંઇ વધું કરી બતાવવાની જાણે પ્રતિજ્ઞા લીધી હતી જેને કારણે નાટકમાં નૂતન પ્રયોગાત્મક તત્ત્વો ઉમેરાતા જતા નાટયરુપ વિવિધ અંગે વિકસવા લાગ્યું.

ઇ.સ.૧૮૭૪ માં કુંવરજી નાઝરે વિકટોરિયા કલબના ખેલાડીઓને લઇ ઉત્તર

હિન્દુસ્તાનની મુસાફરીએ ઉપડયાં. 'એલફિન્સ્ટન કલબ'ની બધીજ જવાબદારી તેમણે દાદાભાઇ રતનજી હુંઠીને આપી દીધી. વિકટોરિયા કલબથી છુટા પડેલા દાદી પટેલે તેમણે સ્થાપેલ 'ઓરિજીનલ વિકટોરિયા કલબ'મા દાખલ થવા માટે ખેલાડીઓને સમજાવા લાગ્યા. કુંવરજી નાઝરના એક સારા ખેલાડી અને ગાયનકાર પેસ્તનજી ફરામજી માદને 'પેસુ આવાન'દાદી પટેલસાથે જવાનું નક્કી કરતા નાઝર છેડાઇ ગયા પરિણામે નાઝરે ત્યા દાદી પટેલ બન્નેએ પોતાની મંડળીઓ માટે જાહેરમાં ખેલાડીઓની ભરતી કરવા માંડી. આ પ્રતિસ્પધાને કારણે નાઝરને પેસુ આવાન નામનો સ્ત્રી ખેલાડી અને એક સારો ગાયનકાર ગુમાવવો પડયો. પરિણામે તેના સમાન નવા ખેલાડીની શોધખોળ કરતાં 'એદુ કોલેજર' નામનો એક નવો ખેલાડી મળી આવ્યો. 'એદુ કોલેજર'નું મુળ નામ એદલજી દાદાભાઇ હતુ. 'પેસુ આવાન'ના જવાથી નાઝરને જે હતોત્સાહ થયો તે 'એદુ કોલેજર'મળતાં દૂર થયો.

સરકારી મહોત્સવની ઉજવણી માટે નાઝરે ખૂબજ ચીવટપુર્વક તૈયાર કરી અને ખુરશેદજી બાલીવાલા અને ફરામજી અપ્પુ જેવા પ્રથમ પંકિતના કલાકારોને નાઝરે માસીક રુપીયા સાઠના પગારે અને ત્યારબાદના ખેલાડીઓને અનુક્રમે પચાસ, ચાલીસ અને પાત્રીસે રોકયા. ૧૮૭૪મા કુંવરજી નાઝરે 'વિકટોરિયા કલબ'ની દિલ્હીની સફર ઉપાડી જેમાં નાઝરની સાથે ખુરશેદજી બાલીવાલા, 'ખુશરુ કોબાદ', ફરામજી અપ્પુ, કોસાભાઇ ફરદુનજી મગોલ, ધનજીભાઇ ખરશેદજી ઘડીયાળી, 'ધનજુ ઘડીયાળી, મેરવાનજી મનચેરજી બાલીવાલા, કાવસજી માણકજી કંત્રાટકર (વહુજી), પેસ્તનજી રુસ્તમજી લાલી,(પેસુલાલી) નસરવાનજી લાલી, એદલજી દાદાભાઇ (એદુ કોલેજર), અરદેશર(અદો), સોરાબજી બાદશાહ(જર્નાલીસ્ટ), પેસ્તનજી માદન(પેન્ટર), અરદેશર ચીનાઇ (અરદેશર મામો), કરોસ (જર્મન પેન્ટર) બમનજી ગરદા૪ આદિ આગેવાન ખેલાડી હતાં. પરંતુ વિકટોરિયા કલબ દિલ્હીમાં કરેલા નાટકો અને ઓપેરા જોતાં અન્ય કલાકારો અને ટેકનીશીયનો સાથે હોવાનો સંભવ છે.

દિલ્હીમાં તે વખતે કોઇપણ નાટકશાળાની હયાતી નહોતી. એક મોટો માંડવો બાંધી વિકટોરિયાએ તેનો પડાવ નાંખ્યો. એદુ કોલેજર નામનો મહત્વનો ખેલાડી-ગાયક પાછળથી આવી પહોંચતા રીહર્સલ યોગ્ય રીતે ચાલવા લાગ્યા. નાઝરે દિલ્હીમાં નસરવાનજી ખાનસાહેબની કલમે લખાયેલ ઉર્દૂ નાટક 'ગોપીચંદ' અને 'સોનાના મૂલની ખુરશેદ'વગેરે વિકટોરિયા ઉપક્રમે ભજવ્યું. ખુરશેદજી બાલીવાલા અને કાવસજી કન્ત્રાટકરે અનુક્રમે લોટન અને જોગનનું પાત્ર ભજવ્યું. જેમા નૃત્યના અભિનય સમયે ખુરશેદજી પગમાં ખીલા ભોકાઇ જતાં એક ગમખ્વાર અકસ્માતથી વિકટોરિયાને પસાર થવું પડયું. વિકટોરિયા નાટક મંડળીના દિલ્હી, કલકત્તા

અને લખનૌના પ્રવાસ દરમ્યાન નાના-મોટા અકસ્માતો, ખેલાડીઓ વચ્ચે ઘર્ષણના પ્રસંગો બનતાં હોવા છતાં વિકટોરિયા કલબે નાટક ભજવણીમાં સારી સફળતા પ્રાપ્ત કરી. દિલ્હીથી ઉપડેલી 'વિકટોરિયા નાટક મંડળી' કલકત્તા પહોંચતાં 'એઝરા સ્ટ્રીટ'માં પોતાનો પડાવ નાંખ્યો. ઇ.સ.૧૮૭૪ પૂર્વે પારસી નાટકની કોઇપણ કંપનીએ કલકત્તામાં નાટયપ્રયોગ કર્યો નહોતો. શ્રી નાઝરે તે વખતના વિખ્યાત 'લુઇસ થિયેટર' (હાલનું રોયલ થિયેટર) રોકયું હતું. મુંબઇની પારસી કંપની કલકત્તામાં નાટક અને ઓપેરા કરવા આવી છે તેવા સમાચાર મળતાં કલકત્તાના ગાયકોએ તેમની નિમંત્રણા અને તેમની સાથે સંગીત વિષે વાચન અને વાદ્ય સંબંધી ચર્ચા કરી. ઇ.સ.૧૮૭૪ પહેલાના નાટક અને ત્યાર પછી ઘણાં સમય સુધી નાટકમાં ગાયનોની સાથે સારંગી, તબલા અને કવચિત 'ફીડલ' વગાડવામાં આવતાં હતાં. બંગાળી ગાયકોની સાથેની વાતચીત પરથી શ્રી બાલીવાલા પોતાની શકિત મર્યાદાઓ નાઝરને કહી. પોતાના ગાયકો બંગાળીઓ પર અસરકારક પ્રતિભા નિપજાવી નહી કરી શકે તેવી બાલીવાલાની સલાહ સાંભળી નાઝરે કલકત્તામાં 'ઇન્દ્રસભા'માટે તૈયારીઓ ચલાવી. બાલીવાલાની સલાહથી 'ઇન્દ્રસભા'ના પાત્રો પણ બદલી નાંખ્યા અને મુંબઇથી 'એલફિન્સ્ટન'નાટક મંડળી'ના જાણીતા ખેલાડી દાદાભાઇ રતનજી ઠુંઠી, ડૉ.નશરવાનજી નવરોજી પારેખ અને ડોસાભાઇ દુબાશને ટેલીગ્રામ કરી કલકત્તા બોલાવી લીધાં. આ ત્રણે ખેલાડીઓ માટે 'ઇન્દ્રસભા' કોઇપણ સમયે ભજવવી એ સરળ કાર્ય હતું અને તે કારણેજ કુંવરજી નાઝરે તેમને તત્કાલ કલકત્તા બોલાવી લીધા. અનેક રીહર્સલ બાદ તૈયાર કરેલ 'ઇન્દ્રસભા'નો ખેલ સ્ટેજ પર રજૂ થયો ત્યારે સમગ્ર ખેલના કેન્દ્રરુપ પાત્રોમાં 'ઇન્દ્ર -દાદાભાઇ રતનજી ઠુંઠી 'દાદી ઠાઇસ્ટ'

ગુલફામ - નશરવાનજી નવરોજી પારેખ

લાલદેવ - ડોસાભાઇ જ.દુબાશ

અને બીજા પાત્રો'વિકટોરિયા કલબ'ના જુના ખેલાડીઓએ ભજવી બતાવ્યા. 'ઇન્દ્રસભા'નો ખેલ ખૂબજ સફળતાપૂર્વક ભજવાયો. મુંબઇથી આવેલા ત્રણે ખેલાડીઓ 'ઇન્દ્રસભા'ની સફળતાનો મુખ્ય આધાર બની ગયા. તેમના અભિનયકલાને કારણે તેઓ ખૂબજ સન્માનપાત્ર બન્યા. 'ઇન્દ્રસભા'ની ભજવણી બાદ તેણે ખેલાડીઓ એલફિન્સ્ટન મંડળીના કાર્યવાહો સંભાળવા મુંબઇ રવાના થયા. કલકત્તા'વિકટોરિયા કલબ' થોડાંક અઠવાડીયા રોકાઇ ત્યાંથી રવાના થતાં વચ્ચે બનારસમાં એક-બે ખેલ કરી મુંબઇ પાછી ફરી. મુંબઇ આવ્યા બાદ કેટલાક અઠવાડીયા બાદ પુનાની મુસાફરી કરી.

પારસી નાટયસાહિત્યના વિદ્વાન શ્રી ધનજીભાઇ પટેલ તેમની 'પારસી તખ્તાની તવારિખ'

નામના પુસ્તકમા નોંધે છે કે, 'કુંવરજી નાઝરની આ સઘળી હીલચાલ ઉપરથી જણાઇ આવતું હતું કે ઉત્તર હિન્દુસ્થાનની તેવણની મુસાફરી નાણાં સંબંધી હાલતમાં જોઇએ તેવી ફાવી નહીં હતી.''

કલકત્તા અને પુનાની મુસાફરી બાદ વિકટોરિયા અને એલફિન્સ્ટન કલબ બન્ને એક સાથે ચલાવવી મુશ્કેલ લાગતાં કુંવરજી નાઝરે 'વિકટોરિયા કલબ'કાઢી નાંખવા વિચાર્યું. પરિણામે આગેવાન ખેલાડીઓને બોલાવી કેટલીક શરત પ્રમાણે આપી દીધી. આમ આ મંડળી પાંચ આગેવાન ખેલાડી મી.દાદાભાઇ ઠુંઠી, ખુરશેદજી બાલીવાલા, ફરામજી અપ્પુ, ઠોસાભાઇ મંગોલે અને ધનજીભાઇ ઘડીયાળીએ ભાગીદારીમાં બધી મિલ્કત અને કોપીરાઇટ ખરીદી લીધાં. મી.દાદાભાઇ ઠુંઠી ભાગીદાર હોવાની સાથે ડીરેકટર પણ બન્યા. આ નવા માલીકોએ 'અલાઉદીન'નાટક રાગરાગીણી સાથે તૈયાર કર્યુ.જેમાં મી.દાદાભાઇ ઠુંઠી 'અબનેઝર' અને 'બાલીવાલાએ 'અલાદીન'નો ભાગ ભજવ્યો. આ નાટક કુંવરજી નાઝરના હસ્તક ફકત બે વર્ષ ઇ.સ.૧૮૭૩ થી ઇ.સ.૧૮૭૫ રહી. ઇ.સ.૧૮૭૬ માં કુંવરજી નાઝરે તે કલબ તેના નવા માલીકોને સુપ્રત કરી પોતાની 'એલફિન્સ્ટન-કલબ'ને વિકાસોન્મુખ બનાવવા માટે નસરવાનજી પારીખ, જમશેદજી માદન, નસરવાનજી વાચ્છા જેવા અદાકારો તેમજ નાટયકારો પાસે નાટકો લખાવ્યા તેમજ ભજવી બતાવ્યાં. 'ઇન્દ્રસભા'જેવો ખેલ દેશી ગાયન અને વાદ્યની હાલત જોતાં તે જમાનામાં ઉતારવો અને સફળ રીતે ભજવવો એ ખૂબજ વિકટ કાર્ય હતું. અભિનયકળામાં શ્રેષ્ઠ ખેલાડીની સાથેસાથે બાળ કલાકારો પાસે પણ કુંવરજી નાઝરે ઇન્દ્રસભાનો ખેલ કરાવ્યો. ત્યારબાદ 'ઇન્દ્રસભા'ને અનુસરતી બીજી 'સભા'ઓમાં 'ખુરશેદ સભા' 'ફરરોખ સભા' અને 'હવાઇ સભા'ના નામ નોંધપાત્ર છે. જ્યારે 'ઇન્દ્રસભા'ની મશ્કરી કરવા માટે એક સભા તૈયાર કરવામાં આવી જે 'બંદર સભા'ના નામે ઓળખાઇ.

કુંવરજી નાઝરની 'એલફિન્સ્ટન કલબ' કોઇ નવા સંજોગોમા શ્રીયુત શંકર શેઠ વાળી નાટકશાળા છોડીને ગ્રાંટરોડ પરની નાટકશાળા એલફિન્સ્ટન થિયેટરમાં તેના ખેલ કરતી. કાળાનુંસાર નાટકની સ્થિતિ બદલાતા નસરવાનજી નવરોજજી પારેખ સિવાય ઘણા બધા કલાકારો કુંવરજીને છોડી ગયાં. રંગભૂમિક્ષેત્રે ફેલાયેલી અરાજકતાને દૂર કરવા મથનાર કુંવરજીનું નામ વિસરી ન શકાય. કંઇક નવીન કરવાની ધગશને કારણે પોતાની કલબના દરેક ખેલાડીને સમજાવી, નોકરી પરથી એક મહીનાની રજા અપાવી તેમણે કલકત્તાની સફળ ખેડી.કલકત્તાની આ સફરમાં જુના વિખ્યાત ખેલાડીઓમાં ડો.નસરવાનજી પારેખ, જમશેદજી માદન, નસરવાનજી વાચ્છા આદિ હતાં.

કલકત્તાથી પાછા ફરતાં તેમણે અલહાબાદમાં પણ થોડાક ખેલ કર્યા.

કુંવરજી નાઝરે ઇંગ્લૅન્ડથી મશહુર કંપનીઓ બોલાવી તેમની પાસે તેમણે તૈયાર કરેલ 'ગેઇટી થિયેટર'માં પણ નાટકો કરાવ્યા જેનું દિગ્દર્શન તેઓ જાતે સંભાળતાં હોવાથી અંગ્રેજી કલાકારોએ આ પારસીના દિગ્દર્શન હેઠળ કામ કરવાનું શરમજનક લાગતાં તેઓ થોડા સમય બાદ છૂટા થઇ ગયા. 'હનીમુન'નામનું નાટક તેમણે અંગ્રેજીમા ભજવ્યુ જેમા મીસ બચ્યન્ક નામની વિખ્યાત અંગ્રેજી અભિનેત્રી સાથે તેમણે પાત્ર ભજવ્યું.[1][૬] 'રતી મદમ'નામના નાટકમાં ગ્રેસ ડાલીંગ નામની જાણીતી અભિનેત્રી પાસે પારસી ડ્રેસમાં નીચે પ્રમાણે ગીત ગવડાવ્યું હતું.

'' આઇ હેવ સીન એ ડીઅલ ઓફ ગેઇટી
રતી મદમ ઇઝ માય નેઇમ ''

કુંવરજી નાઝરનું અંગ્રેજી પર અજબનું પ્રભુત્વ હતું જેના પરિણામે ૧૮૮૫ માં લંડનમાં ભરાયેલા એકઝીબીશનમાં એજંટ તરીકે તેઓ પસંદગી પામ્યા. આ કુંવરજીની નાટ્યક્ષેત્રે ઘણું બધુ કરી છુટવાની ઇચ્છા હતી. મુંબઇની બધીજ કલબોના માલીક થવાની તેમની તમન્ના હતી, પરંતું વિક્ટોરિયા' અને 'એલફિન્સ્ટન' કલબો ચલાવી ત્યારે તેમને નડેલી પ્રતિકળતાથી તેઓ મૂંઝાયા હશે અથવા તેમને બન્ને કલબો સાથે ચલાવવા કરતાં ફકત 'એલફિન્સ્ટન'દ્વારા નક્કર કામ કરવાની ઇચ્છાને કારણે તેમણે વિક્ટોરિયામાંથી છુટા થવાનું મુનાસીબ સમજયું હોવું જોઇએ.

દિગ્દર્શક તરીકે નાઝરની ઘણીજ ઉજ્જવળ કારકિર્દી હતી. નાટકને સ્ટેજ પર રજૂ કરતાં પહેલાં તે સર્વ બાબતોનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અભ્યાસ કરી લેતાં. જ્યારે તેમણે સૌથી પહેલો ગુજરાતી ખેલ 'કરણઘેલો' સ્ટેજ કર્યો ત્યારે પારસીઓ શુધ્ધ ગુજરાતી બોલી શકતા નહીં, તે કાળે કલાકારોને શબ્દોચ્ચાર માટે આપેલી તાલીમ અને 'કરણઘેલો'ની સફળતા એ કુંવરજીની અપ્રતિમ પ્રતિભાને આભારી ગણી શકાય. ખંત અને ઉત્સાહને કારણે તેમણે રંગભૂમિને શિષ્ટ અને અભિનેય નાટકો પરામર્શ કરાવ્યો. માત્ર ગુજરાતી કે પારસી સંસારી નાટકો ભજવી નાઝર અટકી ગયા નથી પરંતું અંગ્રેજી નાટકો તેમણે અંગ્રેજીમાં તેમજ ગુજરાતીમાં ભજવ્યાં. આ ગાળા દરમ્યાન ઘણી બધી નાટ્યકલબો ખુલતી ગઇ. કુંવરજીના સારા એવા સાથીઓ કુંવરજીને છોડી ગયા. બે વાર કુંવરજી એકલા 'એલફિન્સ્ટન'ના માલીક બન્યા પણ અનેક પરિવર્તનોને અંતે 'એલફિન્સ્ટન કલબ'ની માલિકી શ્રી જમશેદજી ફરામજી માદનને હસ્તક ગઇ. કુંવરજી નાઝરના હાથમાંથી 'એલફિન્સ્ટન' જમશેદજી માદનના હસ્તક જતાં પૂર્વે તેને ટકાવી રાખવામા અને વિકાસોન્મુખ બનાવવામાં કુંવરજીના સાથીદારોનો ફાળો વિસ્મરી ન શકાય. જમશેદજી ફરામજી માલીક બન્યા તે પૂર્વે કુવરજી નાઝરના 'એલફિન્સ્ટન'ના સાથીઓનો સૌથી મહત્વપૂર્ણ

ગણાય. કુંવરજી તેમના સાથી કલાકારોના સહકારથીજ ઘણી બધી પ્રગતિ કરી શકયા હતાં.

અંતે જમશેદજી ફરામજી માદન 'એલફિન્સ્ટન કલબ'ના એકલા માલિક બન્યા. તેઓ એક બાહોશ સ્ત્રી ખેલાડી હતાં. તેમણે સંગીતનું શિક્ષણ પ્રાપ્ત કરેલ હોવાથી અઘરા ગીતો પણ તેઓ ખૂબજ સરળ રીતે રજૂ કરતાં. તેમનુ ખાસ કરીને હિન્દુસ્તાની નૃત્યકળાનો સૌ પ્રથમ પરિચય કરાવી નાટકમા નૃત્યની પહેલ કરનાર અભિનેતા તરીકે મહત્વ ગણાવી શકાય. જમશેદજી માદનનું આખું કુટુંબ નાટકના ઉધોગમાં મહત્વનો ફાળો અર્પણ કર્યો હતો. તે વખતની નાટકની દુનિયામાં માદન તેમના મિલનસાર સ્વભાવને કારણે ખૂબ પ્રિય થઇ પડયાં હતાં. શ્રી ધનજીભાઇ નોંધે છે તે પ્રમાણે તેમના હસ્તક એક નહી પણ ઘણી બધી નાટક મંડળીઓ કામ કરતી હતી. આલફિસ્ટન કલબને માદને પોતાના અંગત ભોગે નિભાવી તેને ટકાવી રાખવા માટે તેમણે અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો. અલબત્ત 'એલફિન્સ્ટન'તેમને હસ્તક જતાં તેમાં જે પહેલા અભિનેતાઓ હતાં તે નહી રહયાં હોય તેવો સંભવ છે. તેમણે આ કલબ કલકત્તા ખાતે ચાલુ રાખી એટલુંજ નહી પણ કાવસજી ખટાઉના 'આલ્ફ્રેડ નાટક મંડળી' દોઢ લાખ રુપિયા આપી તેની બધીજ મિલકત સાથે ખરીદી લીધી. 'એલફિન્સ્ટન' પોતાના હસ્તક આવતાં તેમણે તેમના મૃત્યુ પર્યંત નિભાવી જેને પાછળથી તેમના દિકરાઓએ તથા જમાઇએ ચાલુ રાખી હતી.

## ઓરીજીનલ વિકટોરિયા કલબ

કેખશરુ કાબરાજી પછી દાદી પટેલ વિકટોરિયા નાટક મંડળીના મંત્રી તરીકે બે વર્ષ સેવા બજાવ્યા બાદ કુંવરજી નાઝર સાથે થયેલા મતભેદને કારણે હૈદરાબાદની મુસાફરી કરી આવ્યા બાદ ઇ.સ.૧૮૭૩ ની સાલમાં વિકટોરિયા મંડળીથી છૂટા પડયા. અત્રે એક વાત નોંધવી આવશ્યક છે કે વિકટોરિયા નાટક મંડળીથી દાદી પટેલ અને કુંવરજી નાઝર સમજુતીપૂર્વક છૂટા પડયા હતાં. દાદી પટેલે વિકટોરિયા કલબની બધીજ મિલકત કુંવરજી નાઝરને સોંપી દઇ છૂટા પડયાં. પરિણામે કુંવરજી નાઝર વિકટોરિયાના એકલા માલીક બન્યાં. કુંવરજી નાઝરથી છૂટા પડયા બાદ દાદી પટેલ કોઇ પણ નાટક મંડળી સાથે સંકળાયેલા ન હોવાને કારણે નવી કલબ ખોલી. આ નવી કલબ જેનું નામ તેમણે 'ઓરીજીનલ વિકટોરિયા' રાખ્યું હતું. 'વિકટોરિયા કલબ'થી, છૂટા થયા બાદ દાદી પટેલે ખોલેલી 'ઓરીજીનલ વિકટોરિયા'માં કાવસજી નસરવાનજી દારુવાલા 'કાઉ-રોદાબે' તેના અંગત સ્નેહી નસરવાનજી ફરામજી માદન 'નસલુ તહેમીના'ની સાથે જોડાઇ ગયો. દાદી પટેલે શરુ

કરેલી 'ઓરીજીનલ વિકટોરિયા' નો આધાર તેમના પોતાના અંગત વફાદાર કલાકારોને આશ્રયે હતી. ઉર્દૂ નાટકોમાં પોતાને મળેલી અપ્રતિમ સફળતાને કારણે દાદી પટેલે પોતાના માનીતા અને અંગત મિત્ર જેવા કલાકારોને પોતાની નવી કલબમાં આવવાનુ આમંત્રણ આપી પોતાની કલબને સધ્ધર બનાવવાના પ્રયત્નો કરવા લાગ્યા. વિકટોરિયા મંડળીથી છૂટા પડયા બાદ અને'ઓરીજીનલ વિકટોરિયા'ની સ્થાપના કરી તે સમયે દિલ્હીમાં સરકારી ઉત્સવ ઉજવવાની સંભાવના હતી. કુંવરજી નાઝરને તેમજ દાદી પટેલને સારા કલાકારોની જરુર પડી. વળી સારા કંઠવાળા સ્ત્રીપાત્ર ભજવી શકે તેવા કલાકારો મેળવવા કોઇ સાધારણ વાત નહોતી. વળી દિલ્હી શહેરમાં જાહેરમાં ગાયન સાથે નાટક કરવાં તે પણ એક અતિ કઠિન કાર્ય હતું. આવા કટોકટીના પ્રસંગે કુંવરજી નાઝરનો આધારસ્થંભ પેસ્તનજી ફરામજી માદન 'પેસુ આવાન'હતો. દાદી પટેલે આ કલાકારને સમજાવી પોતાની કલબમાં લઇ લીધાના સમાચાર જાણી કુંવરજી નાઝરે નવાં તેમજ જૂના કલાકારોને જાહેરમાં પોતાની નાટક મંડળીમા સામેલ કરવાનું શરુ કર્યું. તેના પ્રત્યુત્તરમાં દાદી પટેલે પણ ખેલાડીઓને જાહેર દાખલ કરવાની શરુઆત કરી.

દાદી પટેલે કલબને સધ્ધર બનાવવા માટે યેનકેન પ્રકારેણ સારા કલાકારોને પોતાની નાટક મંડળીમાં દાખલ કરવાના પ્રયત્નો કર્યા. એક શ્રેષ્ઠ કલાકાર અને ગાયક તરીકે ખુરશેદજી બાલીવાલાને પણ 'પોતાની નાટક મંડળીમાં લઇ જવા માટે તેણે નાનાસૂના પ્રયત્ન નહી કર્યા હોય પરંતુ 'વિકટોરિયા નાટક મંડળી'ની પોતાની એકનિષ્ઠાને કારણે ખુરશેદજી બાલીવાલાએ કુંવરજી નાઝરનો સાથ ન છોડયો અને વિકટોરિયાને બાલીવાલાએ જે સહૃદયતાથી અપનાવી તેના પરિણામે એક દિવસ તેઓ એકલા વિકટોરિયાના માલીક બન્યાં. દાદી પટેલની આ નવી કલબમાં ડો.ધ.ન.પટેલ જણાવે છે તે પ્રમાણે નીચે મુજબના કલાકારો કાર્ય કરતાં હતાં.

૧. દાદી પટેલ
૨. નસરવાનજી મેરવાનજી ખાન સાહેબ.
૩. પેસ્તનજી ફરામજી માદન (પેસુ આવાન)
૪. નસરવાનજી ફ.માદન (નસલુ તહેમીના)
૫. કાવસજી નસરવાનજી દારુવાલા (કાઉ- રોદાબે)
૬. ,સોરાબજી ફરામજી ઓગરા
૭. ખુરશેદજી ઓમનીબસ (ખટલો ઓમનીબસ)

૮. ખુરશેદજી અસ્પંદીઆરજી ચીનાઇ
૯. ભીખાજી કલ્યાણીવાલા (ભીખુ શ્યાવક્ષ)
૧૦. નસરવાજી દોરાબજી પટેલ
૧૧. નસરવાનજી પ્રોમ્પટર (નસલુ પ્રોમ્પટર)
૧૨. જેમશેદજી દાજી (જમસુ મનીજેહ)
૧૩. ધનજીભાઇ ફરદુનજી દુમસીઆ (ધનજી સોહલો)
૧૪. નસરવાનજી આરસીવાલા (નવલુ પેગુ)
૧૫. રતનશા જીવાજી દાવર
૧૬. રુસ્તમજી દાદાભાઇ ચીનીમીની
૧૭. ગણપત પેન્ટર
૧૮. એક પારસી બાવરજી[૭]

નાટકીય ક્ષેત્રે એક એમેચ્યુઅર્સ તરીકે કારકિર્દી આરંભનાર દાદી પટેલ એક સહૃદયી કલાકાર હતાં જેમણે રંગભૂમિ માટે પોતાનીજ કંપનીના માસિક બે હજાર રુપિયાના પગારની પણ પરવાહ કરી ન હતી. 'વિકટોરિયા નાટક મંડળી'થી છૂટા પડયા બાદ જો તેમણે નાટયક્ષેત્રે છોડી દીધું હોત તો કદાચ તેમનું અકાળે અવસાન થાત નહીં. વિધિની વક્રતા તો એ હતી કે દાદી પટેલ અકાળે અવસાન પામ્યા. તેમના પિતાએ તેમનો એકનો એક પુત્ર ગુમાવ્યો અને રંગભૂમિએ તેનો એક મહાન ક્રાન્તિકારી કલાકાર, દિગ્દર્શક ગુમાવ્યો ! ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળીને લઇ દાદી પટેલ હિન્દુસ્તાનની લાંબી મુસાફરીએ ઉપડી ગયા.

દાદી પટેલની જેહમતને કારણે ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળીની ગણત્રી સારી નાટક મંડળીઓમાં થવા લાગી. 'ઓરીજીનલ વિકટોરિયા'ને લઇ દાદી પટેલ મદ્રાસ ઉપડી ગયા. મદ્રાસમાં પ્રીન્સ ઓવ્ વેલ્સ એડવર્ડ સાતમાની સમક્ષ 'શાકુન્તલ'માંથી એક દૃશ્ય પાંચ મિનિટ મોટે સીન રજૂ કરી એડવર્ડ પાસેથી રુ.૫૦૦૦/ ની ભેળ મેળવી. મદ્રાસથી દાદી પટેલ પોતાની કંપની લઇને બેંગલોરના પ્રવાસે ગયા. આ પ્રવાસ દરમ્યાન તેઓ ખૂબજ બીમાર થઇ ગયા જેના પરિણામે તેમને કંપની લઇ મુંબઇ પાછા ફરવું પડયું. બહારગામ પણ તેમને સારી સારવાર મળી હોવા છતા તેની કોઇ અસર થઇ ન હતી. મુંબઇ આવ્યા બાદ પેટનું ઓપરેશન પણ કરવામાં આવ્યું હોવા છતાં ૧૭ માર્ચ ૧૮૭૬ ના રોજ રંગમંચનો એક તેજસ્વી સિતારો સદાને માટે ખરી પડયો.

દાદી પટેલે તેમના નાટયક્ષેત્રના અલ્પકાળ દરમ્યાન જે પ્રયોગો કર્યા તે રંગભૂમિને એટલા ઉપકારક નિવડયા કે પાછળથી તેમણે આદરેલ પ્રયોગો વિવિધ નાટયમંડળીઓ દ્વારા ભજવાવા લાગ્યા. રંગભૂમિ પર જે ચીલાચાલુ નાટકો ભજવાતા તે સામે તેમને સખત રોષ હતો. નાટકોમાં આવી ગયેલી રેઢિયાળતા તેમને સતત ડંખતી. નાટકને તેમણે જીજીવિષાના સાધન તરીકે નહીં પણ કળાના એક પ્રકાર તરીકે સ્વીકાર્યું હતુ. નાટકમાં આવતા સંવાદ પુરુષ પાત્રોને કારણે ઉપસ્થિત થતી કૃત્રિમ અને હાસ્યાસ્પદ પરિસ્થિતિમા પરિવર્તન લાવવા તેમણે સતત પ્રયત્ન કર્યા એટલુંજ નહીં પણ તે પ્રયાસો બાદ તેઓ રંગભૂમિ પર પરિવર્તન લાવવામાં મહદ્ અંશે સફળ થયા હતાં.

પ્રથમ 'વિક્ટોરિયા નાટક મંડળી'ના સેક્રેટરી અને પછી 'ઓરીજીનલ વિકટોરિયા'ના માલિક હોવાને કારણે તેમને નૂતન પ્રયોગ કરવાની સુવિધા મળી હતી. તેમણે કરેલા નૂતન પ્રયોગોને કારણે 'વિકટોરિયા નાટક મંડળી'ના સભ્યો સાથે વૈચારિક મતભેદ ઉભો થતાં તેઓ 'વિકટોરિયા'થી છૂટા પડયા હતાં. આવી વિકટ પરિસ્થિતિમાં પણ તેમણે કરેલા પ્રયોગોને કારણે પારસી કોમમાં તેઓ વધુ ચર્ચાસ્પદ બન્યા. કેખશરુ કાબરાજીના નિકળી જવાથી 'વિકટોરિયા નાટક મંડળી'ના સેક્રેટરી તરીકે તેમણે કાર્યવાહી આરંભી. મુંબઇ યુનીવર્સીટીની એમ.એ.ની ઉપાધિ મેળવનાર દાદી પટેલ અંગ્રેજી નાટકોના એક સારા એમેચ્યુઅર એકટર હતા. દાદી પટેલની કાબેલીયતને કારણે 'વિકટોરિયા કલબ'ના માલિકોને કાબરાજીની ખોટ વધુ પડી નહી. 'વિકટોરિયા નાટક મંડળી'ના સેક્રેટરી બની રંગભૂમિના ઉત્કર્ષ માટે પોતાની નૂતન વિચારસરણી દ્વારા કંપની ચલાવવા લાગ્યા. કારોબારીના સેક્રેટરી તરીકે તેમણે પોતાના વિચારો કમીટીના સભાસદો સમક્ષ મૂકયા. કમીટીના સભાસદો અને દાદી પટેલના વિચારોમાં ખૂબજ મોટો ભેદ હતો. પરિણામે વૈચારિક મતભેદ સર્જાતા કમીટી ભાંગી પડી. દાદી પટેલ પછી એકલા હાથે 'વિકટોરિયા નાટક મંડળી'નુ સંચાલન સ્વતંત્રપણે કરવા લાગ્યા.

તે દરમ્યાન કંપનીના માલિકોને શંકરશેઠની નાટયશાળાના મોટા ભાડા ભરવાને બદલે નવી નાટકશાળા બાંધવાનો વિચાર સ્ફુર્યો અને કંપનીના ચારેય માલિકો 'દાદાભાઇ રતનજી ઠુંઠી, હોરમસજી ધનજીભાઇ મોદી, ફરામજી ગુસ્તાદજી દલાલ, કાવસજી નસરવાનજી કોહીદારુ – નાટકશાળા બાંધવામાં સંપૂર્ણ સહમત થઇ તેના માટે યોગ્ય જગ્યા શોધવા લાગ્યા. અંતે દાદાભાઇ ઠુંઠીએ કંપનીની નાટકશાળા બાંધવા ગ્રાંટરોડ પાસે જમીન શોધી કાઢી. જમીન

મેળવી લીધા બાદ ઈ.સ.૧૮૬૯માં લોખંડ અને પતરાંની નાટકશાળા ઉભી કરી જે 'વિકટોરિયા થિયેટર'ના નામે પ્રસિધ્ધ થઇ. 'વિકટોરિયા થિયેટર'બંધાતા પોતાનો સર્વ સામાન જુની નાટકશાળામાંથી (શંકર શેઠની) ખાલી કરી ગ્રાન્ટરોડ ખાતે લાવી દીધો. મુંબઇમાં બે નાટકશાળા શરૂ થતાં કાવસજી કોહીદારુ કંપનીના આવક જાવકનો હિસાબ રાખતાં. દાદાભાઇ ઠુંઠી ડીરેકટર તરીકે સેવા આપતા. હોરમસજી મોદી પ્રોપરાઇટર મેનેજર અને ફરામજી દલાલ સ્ટેજ મેનેજર તરીકે કામ કરતાં હતાં. 'વિકટોરિયા થિયેટર' બંધાતા જૂની નાટકશાળામાં બીજી નાટક કંપનીઓને નાટક કરવાની તક મળી જેના પરિણામે નવી નાટક મંડળીઓ ખુલે તેવી પરિસ્થિતિ ઉભી થઇ.

ઇ.સ.૧૮૭૦ થી નાટક મંડળીઓ ખોલવી અને નાટકો ભજવવાની પરંપરા સર્જાઈ. 'ઝોરાસ્ટ્રીયન કલબ', 'આલ્ફ્રેડ કલબ', 'ઇરાની નાટક મંડળી','પરશ્યન ઝોરાસ્ટ્રીયન કલબ' અને 'ફરદુન દાહરુસની કલબ' તે કાળે નાટકો ભજવતી. ઈ.સ.૧૮૭૦માં 'વિકટોરિયા થિયેટર' બંધાયા પછી 'વિકટોરિયા નાટક મંડળી'એ 'બેજન અને મનીજેહ' નામનું નાટક ભજવ્યું. વળી કેખશરુ રચિત 'જમશેદ' અને એદલજી ખોરી કૃત 'રુસ્તમ અને સોહરાબ' પણ ભજવાયા. આ સમય ઇ.સ.૧૮૭૧ દરમ્યાન શંકરશેઠની નાટકશાળમાં આલ્ફ્રેડ નાટક મંડળીએ 'શાહજાદો શ્યાવક્ષ' અને 'જેહાંબક્ષ અને ગુલરુખસાર' નાટક ભજવ્યાં, અને ઝોરાસ્ટ્રીયન કલબે એદલજી ખોરીની કોમડી 'ખુદાબક્ષ' રજૂ કરી તેથી 'વિકટોરિયા નાટક મંડળી-એ એદલજી ખોરી પાસે 'હજમબાદ અન ઠગનનાજ' નામની કોમડી 'વિકટોરિયા થિયેટર'માં ભજવી વળી 'ઇરાની નાટક મંડળી'એ દાદી પટેલની મદદથી 'રુસ્તમ અને બરજો'નામનું નાટક શંકરશેઠની નાટકશાળામા રજૂ કર્યું. નવી નીકળેલી 'પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'એ 'બરજો અને મેહર સીમીન ઓઝાર' નામનું નાટક શંકરશેઠની નાટકશાળામાં ભજવ્યું. ઇ.સ.૧૮૭૨ માં દાદી પટેલ કુંવરજી નાઝર સાથે 'એલફિન્સ્ટન કલબ'માં જોડાઇ ગયા. અને શંકરશેઠની નાટકશાળામાં 'નૂરેજહાંન' નામનું નાટક ભજવ્યુ. 'નૂરેજહાંન'નાટક એદલજી ખોરીએ ગુજરાતી ભાષામાં લખ્યું અને નસરવાનજી મેરવાનજી ખાંન સાહેબે તેનું ઉર્દૂમાં ભાષાંતર કર્યું હતું.

'એલફિન્સ્ટન કલબ'માં જોડાયા બાદ શરૂઆતમાં તો દાદી પટેલ અને કુંવરજી નાઝર વચ્ચે સુમેળ રહયો. દાદી પટેલ અને કુંવરજી વચ્ચેના વૈચારિક મતભેદને કારણે તેઓએ કુંવરજીથી છુટા પડી નવી નાટક મંડળી ખોલી અને તે 'ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળી' તરીકે ઓળખાઇ. 'ઓરીજીનલ વિકટોરિયા'નો પુર્નવિચાર અત્રે એટલા માટે પુનઃપ્રસ્તુત છે કે દાદી પટેલની એક સ્થાપક, દિગ્દર્શક, અભિનેતા અને સફળ સંચાલકની સ્પષ્ટ છબી એક સાથે તેમાં જોઇ શકીએ છીએ.

દાદી પટેલ નૂતન રંગભૂમિનો પુરસ્કર્તા :-

રંગભૂમિને દાદી પટેલે કલાનાં એક માધ્યમ તરીકે જોઇ હતી, નહી કે એક પેટિયું રળવાના સાધન તરીકે. અવનવા પ્રયોગો કરવા, રુઢ થયેલા તત્ત્વો દૂર કરવા માટે તેમણે સતત્ જાગરુક રહીને કાર્ય કર્યા જેને પરિણામે રંગભૂમિ અને કલાકારોમાં એક નવું પરિવર્તન આવ્યુ. તેમણે ઉર્દૂ નાટક, ઉર્દૂ ગીત-નાટક, સ્ત્રી પાત્ર તરીકે સ્ત્રીઓને રંગભૂમિ પર લાવવી એટલુંજ નહી પણ તેમની સાથે નાટકમાં પાત્ર ભજવવાની શરુઆત પણ તેણે જાતે કરી. આ પ્રયોગોના કારણે તેઓ સમાજમાં ખૂબજ ચચર્ચાસ્પદ થયા પણ તત્પશ્ચાત્ રંગભૂમિ પર આ પ્રયોગો સ્વાભાવિક રુપે થવા લાગ્યા. અલબત્ત રંગભૂમિને સ્ત્રી કલાકારો તે સમયે વધુ ઉન્નત આગમનથી આજે રંગભૂમિ પર કેટલાક અમૂલ્ય સ્ત્રી કલાકાર તારલાઓ ચમકે છે.

દાદી પટેલે તેમના નાટયક્ષેત્રના અલ્પકાળ દરમ્યાન જે પ્રયોગો કર્યા તે રંગભૂમિને એટલા ઉપકારક નિવડયા કે પાછળથી તેમણે આદરેલ પ્રયોગો વિવિધ નાટય-મંડળીઓ દ્વારા ભજવાવા લાગ્યા. રંગભૂમિ પર જે ચીલાચાલુ નાટકો ભજવાતા તે સામે તેમને સખત રોષ હતો. નાટકોમાં આવી ગયેલી રેઢિયાળતા તેમને સતત ડંખતી. નાટક એક સાહિત્યના સ્વરુપ સ્વીકારતા હોવાથી જયારે પુરુષપાત્રો ભજવતા તેના કારણે જે કૃત્રિમતા ઉપસ્થિત થતી તે નિવારવા તે હૈદરાબાદની નાચનારીઓને રંગભૂમિ પર લાવ્યા તેમની સાથે તેમણે જાતે નાટકમાં પાત્ર ભજવી પારસી કોમમા ચર્ચાસ્પદ થયા છતાં તેમના એ પ્રયત્નોને કારણે રંગભૂમિ પરની સ્થૂળતા કાળાંતરે દૂર થઇ, જેનો યશ તેમના ફાળે જાય છે.

'ઓરીજીનલ વિકટોરિયા જેટલી ત્વરિત સ્થપાઇ, વિકાસ પામી તેટલીજ ત્વરિત ગતિથી બંધ પડી ગઇ. બિમાર પડી દાદી પટેલ જયારે મુંબઇ પાછા ફર્યા ત્યારે તેમની પાછળ તેમની કલબ પણ મુંબઇ આવી છુટી પડી ગઇ હતો. દાદી પટેલનો હાલત દિવસે દિવસે કથળતી ગઇ અને અંતે ૧૭મી માર્ચ ઇ.સ.૧૮૭૬ના દિવસે દાદી પટેલના અવસાન બાદ 'ઓરીજીનલ વિકટોરિયા'ના આગેવાન ખેલાડીઓએ કલબને ચાલુ રાખવાનો નિર્ધાર કર્યો.

(૧) પેસ્તનજી ફરામજી માદન 'પેસુ આવાન'

(૨) નસરવાનજી ફરામજી માદન 'નસલુ તહેમીના'

(૩) કાવસજી નસરવાનજી દારુવાલા (કા.ઉ.રોદાબે)

(૪) ભીખાજી નસરવાનજી કલ્યાણીવાળા ( ભીખુ-સ્યાવક્ષ'

ઉપરોકત ચાર કલાકારોએ 'ઓરીજીનલ વિકટોરિયા'કલબ' ચલાવવાની જવાબદારી લીધી જેમાં અન્ય ગૃહસ્થોએ પણ મદદ કરી હતી. પેસ્તનજી ફરામજી માદનની આગેવાની હેઠળ

ગેઇટી થિયેટરમાં 'ઓરીજીનલ વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે 'શરારે ઇશ્ક' અને 'તંબીહુલ ગુરુર' નામના બે ઉર્દૂ નાટકો ભજવ્યા હતાં. આ નાટકો ભજવ્યા બાદ કંપની સફર પર ઉપડી. સફર દરમ્યાન કંપનીને જે સફળતા મળવી જોઇએ તે ન મળતાં કલાકારો ધીમે ધીમે કંપનીમાંથી છુટા પડતાં ગયા. જેમાં પેસ્તનજી માદન, 'ઓરીજીનલ વિકટોરિયા'છોડીને તેમના ભાઇ જમશેદજી માદનની કંપનીમાં કલકત્તા જઇને જોડાયાં જેમાં તેમણે ડાયરેકટર અને મેનેજર તરીકે પોતાની સેવાઓ આપી હતી. ઉપરાંત કલકત્તામાં તેમણે પોતાની ફોટો સ્ટુડીઓ પણ ખોલી હતી. નસરવાનજી માદન અને કાવસજી દારુવાલા નિવૃત્ત જીંદગી ભોગવી મૃત્યુ પામ્યા. કંપનીનો બધીજ મિલકત વેચાઇ ગઇ અને સ્થંભ તૂટતાંજ 'ઓરીજીનલ વિકટોરિયા' હંમેશને માટે લુપ્ત થઇ ગઇ.

## ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ

સ્વ.હીરજીખંભાતાના ભાણા જહાંગીર ખંભાતાએ'વિકટોરિયા કલબ'ના ઉપક્રમે કેખશરુ કાબરાજી રચીત 'જમશેદ'નામના નાટકમાં 'અરનવાઝ'નામનું સ્ત્રી પાત્ર ભજવીને પોતાની નાટકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. કેખશરુ કાબરાજી અને દાદાભાઇ ઠુંઠીના સમાગમમાં આવતાં તેમનામાં રહેલી શકિતઓને વિકસાવવાનો તેમને પૂર્ણ અવકાશ મળ્યો અને તેની ગણના વિકટોરિયાના પ્રધાન કલાકારોમાં થવા લાગી હતી. 'વિકટોરિયા કલબ'ના તેના સંસર્ગ દરમ્યાન તેના ઉપક્રમે નાટક ભજવવા તે દિલ્હી જઇ પહોંચ્યો. દિલ્હીના તેના રહેઠાણ દરમ્યાન ત્યાંના લાલાજીઓના સંપર્કમાં આવવાથી તેણે તેમની મદદથી નવી નાટક મંડળીની સ્થાપના દિલ્હીમાં કરી જે 'ધી એમપ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ'ના નામે ઓળખાઇ. 'ધી એમપ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબમાં જહાંગીર ખંભાતાએ મેનેજર-એકટર દિગ્દર્શકના હોદ્દાઓ સંભાળ્યા બાદ તેમણે કંપની ચલાવવા માટે સારા કલાકારો પોતાની કલબમાં દાખલ કરવાની શરુઆત કરી હતી જેમાં કાવસજી પાલનજી ખટાઉ, કાવસજી કલીંગર, કાઉ હાંડો, રુસ્તમ સચીનવાળા અને તેના મોટાભાઇ દોરાબજી નવરોજી સચીનવાળા, એદુ સેલાની નસરવાનજી રતનજી સરકારી આદિનો સમાવેશ થયેલ હતો.

'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ'ના ઉપક્રમે જાહાંગીર ખંબાતાએ સૌ પ્રથમ 'ઇન્દ્રસભા' ની ભજવણી કરી. જેમાં કાવસજી ખટાઉએ 'ગુલફામ'નું નસરવાનજી સરકારીએ સબ્જ પરીનું, કાવસજી હાંડાએ 'ઇન્દ્રરાજાનું, દોરાબ સચીનવાળાએ પોખરાજ પરીનું,

ડાવસજી ડર્લીંગરે લાલદેવનું પાત્ર ભજવ્યું હતું.

ઇ.સ.૧૮૭૬માં સ્થાપેલી આ નાટક મંડળી એક વર્ષના સમય દરમ્યાન તેની એક વિશિષ્ટ છબી ઉભી કરી પ્રથમ પંકિતઓની નાટક મંડળીમા તેની ગણના થવાને યોગ્ય બનાવી શકી હતી. આ નાટક મંડળીના દિલ્હીના પ્રવાસ દરમ્યાન ત્યાં તેણે 'છેલ બટાઉ મોહેના રાણી' નામનું નાટક ભજવ્યું હતું. જેમાં 'છેલ બટાઉ'નું પાત્ર ડાવસજી ખટાઉ ભજવતા હતાં. જ્યારે મોહેના રાણીનું પાત્ર નસરવાનજી સરકારીએ ભજવ્યું હતું. વળી 'ગુલ બંકાવલી'નામના નાટકમાં પણ મુખ્ય પાત્રોમાં આજ કલાકારોએ ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત કોઇક સ્ટેટના રાજાની લાગણીને માન આપવા પાંચ દિવસમાંજ એદલજી જમશેદજી ખોરી રચિત 'ખોદાબક્ષ'નામનું નાટક ભજવ્યુ હતુ જેમાં ખોદાબક્ષનું પાત્ર જાંહાંગીર ખંબાતાએ અને નાદીરનું પાત્ર ડાવસજીએ ભજવ્યુ હતું. ખૂબજ ટૂંકા સમયમાં આ નાટક તૈયાર થયેલું હોવાને કારણે ખૂબજ ખામીઓ તેમાં હોવા છતાં તેણે લોકપ્રશંસા પ્રાપ્ત કરી હતી. પારસી કલાકારોની કલાની શ્રેષ્ઠતાનો આવો વિશિષ્ટ પ્રસંગ પારસી રંગમંચમાં માત્ર એકજ નથી. આવી અનેક શકિતઓને પારસીઓએ રંગમંચ પર બતાવી પોતાની સિધ્ધ-હસ્તતાનું પ્રમાણ આપ્યું હતું. આ ઉપરાંત પારસી કલાકારોની શ્રેષ્ઠતા બતાવવાનો એક વધુ પ્રસંગ નોંધવો અહિંયાં અનિવાર્ય બને છે. 'ઇન્દ્રસભા'નું નાટક જોઇ કુંવરજી બમનજી બુચીયાએ કેટલાક મહત્વના સુચન ઇન્દ્રરાજાનું પાત્ર ભજવનાર કલાકાર ડાવસજી હાંડા નામના કલાકારને કર્યાં હતાં. વાત પાછળથી વધી જતા તેજ દિવસે રાત્રે 'ઇન્દ્રસભા'ના નાટકમાં તેણે ભજવવાની ના પાડી અને કોઇપણ રીતે જયારે તૈયાર ના થયો ત્યારે કોઇપણ પ્રકારની પૂર્વ તૈયારી વિના માત્ર કલાકારોને કરાવેલા રીહર્સલના આધારે જહાંગીર ખંબાતાએ તે પાત્ર સફળતાપૂર્વક ભજવ્યું હતું.

આવા અનેક પ્રસંગોનો સામનો નાટક મંડળી ચલાવનારને કે મુખ્ય કલાકારને કરવો પડયો છે અને આશ્ચર્યની વાત તો એ છે કે આવા કોઇપણ પ્રસંગોએ પારસીઓએ બહુધા સફળતા મેળવી છે. આજે કદાચ આવી ઘટનાઓ આપણને કપોલ કલ્પિત લાગે પણ વાસ્તવમાં જોઇએ તો આ ઘટનાઓ એક નમ્ર સત્ય હકીકતો હતી જેની સાક્ષીમાં ઇતિહાસ આજે પણ આપણી સમક્ષ ઉભો છે. ત્યારબાદ 'અલીબાબા' નામનું ડાવસજી ખટાઉ રચિત નાટક ભજવ્યું જે જાહાંગીરે ભજવેલા બધાજ નાટકો કરતા ખૂબજ પ્રશંસા પામ્યું હતું. જેમા ચોરોના સરદારનું પાત્ર જાહાંગીર ખંબાતાએ અને અલીબાબાનુ પાત્ર ડાવસજી ખટાઉએ ભજવેલું. 'અલીબાબા'નાટકે દિલ્હીના લોકોને એવું ઘેલું લગાડયું કે ત્યારબાદ જાહાંગીર ખંબાતાના ઉમંગ વધી પડયો અને તેમણે પોતે એક નાટક તૈયાર કર્યું.

જાંહાંગીર ખંબાતાએ શેકસપીયરના 'પેરીકલીઝ' ઉપરથી 'ખોદાદાદ' નામનું નાટક તૈયાર કર્યું. આ સમય દરમ્યાન 'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ'ના તમામ શેર લાલા લીલસીંગે એકલાએજ ખરીદી લીધા પરિણામે ડીરેકટરોના નિયંત્રણ દૂર થયા અને કંપનીના તેઓ માત્ર એકલાજ માલીક બની રહયા અને જાંહાંગીર ખંબાતાએ નફામાં બે આની ભાગ તેમજ દરરોજની આવકના પાંચ ટકા આપવાનું ઠેરવ્યું.૯ લાલા લાલસીંગની માલિકી હેઠળ કંપની આવતાં જાહાંગીરે તેમને કંપની લઇ મીરત જવાની સૂચના કરી અને દિલ્હી છોડી કંપનીએ મીરતમાં મુકામ કર્યો. મીરતમાં 'સ્ટેશન થિયેટરમાં નાટકો ભજવવા માટે યોગ્ય પૂર્વ તૈયારી કરી જાહાંગીર ખંબાતાએ રચેલુ પ્રથમ નાટક 'ખોદાદાદ' જે ઉર્દૂમાં હતું તેની તૈયારીઓ કરવાની શરુઆત કરી. કાવસજી ખટાઉ પોતાની સાથેજ મીસ મેરી ફેનટનને દિલ્હીથી અહીંયા લાવ્યા હતા અને કંપનીના ઉતારાની સાથેના બંગલામાંજ તેનો ઉતારો આપ્યો હતો અને મેરી ફેનટન પણ કંપનીની એક સભ્ય હોય તે રીતેજ તેમની સાથે રહી હતી. જેને તેના પિતા પાછી દિલ્હી તેડી ગયા હતાં ત્યારે પણ તેને ફરીથી કાવસજી ખટાઉ મીરત તેડી લાવ્યા હતા અને પાછળથી તેને રંગભૂમિ પર રજૂ કરવાનું શ્રેય પ્રાપ્ત કર્યું હતું.

મીરતથી 'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબે' લાહોર મુકામ કર્યો. ત્યાં તા.૧૯ જાન્યુઆરી ઇ.સ.૧૮૭૮ ને શનીવારે 'ખોદાદાદ' નાટક ભજવ્યું. નાટકની શરુઆત થાય તે પહેલાંજ પ્રેક્ષકોની અસાધારણ ગીર્દીને કારણે આખો માંડવો તૂટી પડતાં નાટક બંધ કરવાની પરિસ્થિતિ ઉભી થતાં પ્રેક્ષકોના સહકારથી તે બંધ ન રહેતા રાતે અગીયાર વાગે શરુ કરવામાં આવ્યું જે સવારે ચાર વાગે પૂર્ણ થયું હતું. 'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ' દિલ્હીથી લાહોર આવી ત્યારે 'વિકટોરિયા નાટક મંડળી'એ દિલ્હી છોડી અમૃતસરમાં મુકામ કર્યો હતો. લાહોરમાં 'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબે' પાંચ માસ મુકામ કર્યો તે દરમ્યાન 'અલાદીન'નાટક પણ ભજવ્યું હતું જેને જમશેદજી ફરામજી માદનની કંપનીના કલાકારો અમૃતસરથી જોવા આવ્યા હતાં જેમાં રંગુનના ડોકટર 'એલફિન્સ્ટન નાટક મંડળી'ના મુખ્ય કલાકાર નસરવાનજી નવરોજી પારેખે તે નાટક જોઇ જાહાંગીર ખંબાતાને હૃદયપૂર્વક નવાજયા હતાં.કલાકારની કલાકાર પરત્વેની ખેલદિલી અને કલા અને કલાકારને ગૌરવ અર્પવાની ઉદારતાના ઉદાહરણ તરીકે ઉપર્યુકત પ્રસંગનું મૂલ્ય અવગણી ના શકાય.

'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ'નું એક વર્ષ પૂર્ણ થતાં બે-ચાર કલાકારો બાદ કરતાં બાકીના કલાકારોએ જે પગાર હતો તેનાથી બમણા પગારની માંગણી કરી જે લાલા લાલસિંહે સ્વીકારી નહીં કિન્તુ જહાંગીર ખંબાતાએ પોતાની જવાબદારી પણ તે જોખમ લીધું છતાંય લાહોરના એક પારસીએ નવી જોઇન્ટ સ્ટોક કંપની ખોલવાની હિલચાલ જગવી. આ પારસીને નાટક તેમજ રંગભૂમિનું જ્ઞાન ન હતું છતાં પણ બીજાઓ દ્વારા મળેલા ઉત્સાહને કારણે કંપની ખોલવાની તૈયારી બતાવી. આ પરિસ્થિતિમાં એક જાગરુક નાટયકાર તેમજ કલાકાર તરીકે જાહાંગીર ખંબાતાએ 'ભંગડ સભા' નામનું ફારસ લખ્યું અને પોતેજ ભજવ્યું. આ ફારસમાં લેભાગુઓ જયારે નાટક જેવી કળામાં હસ્તક્ષેપ કરે ત્યારે કેવા હાલ થાય છે તેનુ પ્રસંગાનુરુપ આલેખન કરવામા આવ્યું. જેમાં જાહાંગીર ખંબાતાએ લેભાગુ પારસીની ભૂમિકા ખૂબજ સુંદર રીતે ભજવી તેને એક નવો પાઠ શિખવ્યો. આ ફારસની ભજવણીને પરિણામે તે પારસીની નવી કંપની ખોલવાની મુરાદ અધુરી રહી ગઇ.

લાહોરથી શ્રી જાહાંગીર ખંબાતાએ કંપની અમૃતસર લઇ ત્યાં નાટક કરવાનું નક્કી કર્યુ. 'ધી એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી'ના આગમન પૂર્વે'વિકટોરિયા નાટક મંડળી' અને 'એલફિન્સ્ટન નાટક મંડળી'એ નાટકો ભજવ્યાં હોવાથી લોકોનો વધુ સહકાર પ્રાપ્ત ન થતાં જાહાંગીર ખંબાતા તેની તમામ માલ મિલકત લાલા લાહસીંહને સોંપી મુંબઇ પાછા આવ્યા. મુંબઇ આવ્યા બાદ જાહાંગીર ખંબાતાએ 'એમ્પ્રેસ નાટક મંડળી'ની સ્થાપના કરી જેમાં તે જમાનાના મશહુર હાસ્ય કલાકાર સોરાબજી ઓગરા જોડાયા અને 'વિકટોરિયા નાટક મંડળી' ના પંચની મંજુરીથી વિકટોરિયા થિયેટરમાં નાટક ભજવવાનું શરુ કર્યુ.

## એમ્પ્રેસ નાટક મંડળી

'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ' બંધ પડયા પછી જહાંગીર ખંબાતાએ 'એમ્પ્રેસ નાટક મંડળી' શરું કરી તેણે આ નાટક મંડળીના ઉપક્રમે ભજવેલા નાટકો 'ટીવોલી થિયેટર'માં ભજવ્યા હતા. આ નાટક મંડળીના ઉપક્રમે સૌથી પહેલું નાટક 'ખોદાદાદ'ભજવ્યું. વળી તેમણે કેટલાંક નાટકો વિકટોરિયા થિયેટરમાં પણ ભજવ્યાં.[૧૦] 'ખોદાદાદ' નાટક પછી ખંબાતાએ અલીબાબાનુ નાટક ભજવ્યુ જેને થિયેટરનો અનુકુળતાનો અભાવ હોવા છતાં પણ સફળતા મળી હતી. એમ્પ્રેસ નાટક મંડળીને લઇ જાહાંગીર ખંબાતાએ ઈંદોર મુકામે પ્રવાસ કર્યો હતો ત્યારે તેમની સાથે નીચે મુજબના કલાકાર હતા.

૧. અસમંનદીયારજી જમશેદજી જોષી

૨. નવરોજી કાવસજી આરસીવાળા

૩. ડોસાભાઇ હાથીરામ

૪. નસરવાનજી સરકારી અને બીજા અન્ય વિશ્વાસુ કલાકારો હતાં. જેમણે જાહાંગીરને અણીના સમયે પણ વફાદારીપૂર્વક મદદ કરી હતી. ઈંદોરમાં સૌ પ્રથમ તેમણે 'ઇન્દ્રસભા' નાટક ભજવ્યું જેને ખૂબજ સફળતા પ્રાપ્ત થઇ હતી અને તે એટલે સુધી કે તેની ટિકિટોના કાળા બજાર થતાં. ત્યારબાદ તેમણે ઈંદોરના રાજમહેલમાં પણ નાટકો ભજવી રાજાની કૃપા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ત્યાંથી પ્રવાસ કરતાં કરતાં આ નાટક મંડળી રતલામ પહોંચી હતી. ત્યાંના રાજાસાહેબ તથા મહારાણી સાહેબને જોવા તેમણે રાજમહેલમાં કંપાઉન્ડમાં નાટક ભજવ્યાં હતાં. રાજમહેલમાં જાહાંગીર ખંબાતાએ પંદર નાટકો ભજવ્યાં જેમાં 'શકુન્તલા'નાટક પણ ભજવ્યું હતું. ત્યાંથી 'એમ્પ્રેસ નાટક મંડળી'ને લઇ જાહાંગીર ખંબાતા અલ્હાબાદ ગયા ત્યાં મંડળીને આર્થિક સફળતા ના મળતાં રતલામ અને મઉના બચાવેલા પૈસાં ત્યાં ખલાસ થવા લાગ્યાં. અલહાબાદથી નાટક મંડળીને લઇ મીરઝાપોરમાં નાટકો ભજવ્યાં જેમાં અલ્હાબાદમાં થયેલી ખોટ અહીં વળી ગઇ. મીરજાપુરમાં નાટકોની ભજવણી દરમ્યાન સારી એવી આવક થયા બાદ કંપનીને લઇને જાહાંગીર બનારસ આવી પહોચ્યાં પરંતું તે પહેલા ચુનારગઢમા કેટલાક નાટકો ભજવી તૈયાર કર્યા બાદ કંપની બનારસ આવી. ત્યાં આગળ બાંધેલા માંડવામાં નાટક ભજવવાનું શરુ કર્યુ જેના કારણે કંપનીને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત થઇ હતી. પારસી નાટક સાહિત્યના ઇતિહાસમાં બનારસ ખાતે નાટક ભજવનાર કંપનીઓમાં સૌથી પ્રથમ'એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી'હતી.૧૧

બનારસથી સારી એવી કમાણી કરી કંપનીએ પટણા જવાનો નિશ્ચય કર્યો પરતું ત્યાં જતાં પહેલાં કંપનીએ બનારસ અને પટણાની વચ્ચે આવેલા ઇસ્ટ ઇન્ડીયન રેલ્વેના એક રાજાના સ્ટેટ એવાં દુમરાઉનમાં પડાવ નાખ્યો. ત્યાં કંપની લગભગ બે અઠવાડિયા રહી. તે દરમ્યાન આઠ નાટકો ભજવાયાં હતા. આ નાટકોની ભજવણી અને કલાકારોની કલા પારખનાર ત્યાંના રાજાએ કંપનીના કલાકારોને ભેદ સોગાદ આપી. તેમનું બહુમાન કર્યું હતું. ત્યાંથી કંપનો પટણા જવા તૈયાર થઇ પરંતુ ત્યાં માંડવો તૈયાર ન થયેલો હોવાને કારણે દાનાપોર નામના શહેરમાં કેટલાક નાટકો કર્યાં. દાનાપોરમાં ગેરીસન થિયેટરમાં વીસ દિવસ સુધી યુરોપીયન સોજરો અને દેશી સોજરોની સામે નાટકો ભજવ્યા હતાં. શ્રી જહાંગીર ખંબાતાનો

એવો દાવો છે કે યુરોપીયન પ્રેક્ષકો સામે હિન્દુસ્તાની ભાષામાં સૌ પ્રથમ 'એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી'એજ ભજવ્યા હતાં. દાનાપોરથી 'એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી' પટણા મુકામે ગઇ. પટણા મુકામે કંપનીના કલાકારોએ વધુ પગારની માંગણી કરી ત્યારે ઉપસ્થિત થયેલ વિષમ પરિસ્થિતિમાં જાહાંગીર ખંબાતાના મિત્ર કુંવરજી બમનજી બુચીયાએ ખંબાતાને હિંમત આપી મુંબઇથી કલાકાર લાવવાની જવાબદારી લઇ નાટકો ચાલુ રાખવાનું સૂચન કર્યુ હતું.

દાદાભાઇ ઠુંઠીએ આ કંપનીના ખેલાડીઓનું સુંદર જુથ જોઇને જાહાંગીરના ભાગીદાર થવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. આ સમય દરમ્યાન જાહાંગીર ખંબાતા આર્થિક ભીંસમાં હોવા છતાં ખેલાડીઓના પગાર બાકી પડતા હોવા છતાં તેમણે દાદાભાઇ ઠુંઠીની ભાગીદારી સ્વીકાર કરી ન હતી. અંતે જાહાંગીર ખંબાતાનું સમગ્ર ચિત્ર જોતાં આપણે એમ કહી શકીએ કે તેઓ એક આ જન્મ કલાકાર હતા. જેમણે પોતાનુ આખું જીવન નાટકને અર્પણ કરી પારસી રંગભૂમિના વિકાસમાં મહત્વપૂર્ણ સેવા બજાવી હતી.

## ધી પારસી રીપન થિયેટ્રિકલ કંપની

'ધી એમ્પ્રેસ વિકટોરિયા થિયેટ્રિકલ કલબ' બંધ થતાં જહાંગીર ખંબાતાએ પોતાની 'એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી'ઉભી કરી હતી. તે સમય દરમ્યાન દાદાભાઇ ઠુંઠી 'વિકટોરિયા નાટક મંડળી'થી છૂટા પડયા હતાં અને કાવસજી ખટાઉ ગેઇટી થિયેટરમાં શેકસપીયરના ઉર્દૂમાં કરેલા નાટક ભજવતા હતાં ત્યારે જાહાંગીર ખંબાતાની કલબના ઉપક્રમે ભજવાતા નાટકમાં બે કલાકારોએ પ્રેક્ષકોનું વિશેષ ધ્યાન ખેચ્યું હતું જેમાં એક હતો અરદેશર ચીનાઇ જે 'અરદેશર મામી'ના નામથી ઓળખાતો અને ઝોરાસ્ટ્રીયન અને વિકટોરિયા કલબમાં ફરીને પોતાની કળાને વિકસાવાના કારણે જાહાંગીર ખંબાતાની કલબમાં દાખલ થયો અને 'ઝૂલ્મે નારવા'નામના નાટકમાં સફળ અભિનય કરી ખ્યાતિ પામ્યો હતો. આ કલાકારથી પણ વધુ આકર્ષક બીજો કલાકાર તે મહેરજીભાઇ સરવેયર હતો જે એક સારો હાસ્યકલાકાર હતો. તેણે 'ઝૂલ્મે નારવા'માં કોમીક પાર્ટ રજૂ કર્યો હતો. મહેરજીભાઇ સરવેયર જાહાંગીર ખંબાતાની 'એમ્પ્રેસ વિકટોરિયા નાટક મંડળી'માં વધુ સમય ટકી શકયો ન હતો. પારસી રંગભૂમિમા જેમ સદા બનતુ આવ્યું છે તેમ તેણે ત્યાંથી છૂટા થઇ પોતાની માલિકીની નાટક મંડળી સ્થાપી જે 'ધી પારસી રીપન થિયેટ્રિકલ કંપની' ના નામે ઓળખાઇ હતી. મહેરજીભાઇ

સરવેયરે તેમની નાટકીય કારકિર્દી જાહાંગીર ખંબાતાના માર્ગદર્શન હેઠળ શરુ કરી હોવાને કારણે 'મેક-અપ'માં તેમણે ખૂબ સિધ્ધિ મળી હતી. પોતાની નાટક મંડળીને લઇ તેમણે હિન્દુસ્તાનના પચાસથી બાવન શહેરમાં નાટક ભજવ્યા હતાં અને પાછળથી તેમણે બરમા મુકામે નાટક ભજવી પારસી રંગભૂમિનો ડંકો વગાડયો હતો.

## જેન્ટલમેન એમેચ્યઅર્સ કલબ

'જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ' ફરામજી ગુસ્તાદજી દલાલ તેમજ કાવસજી કોહીદારુએ ભાગીદારીમાં સ્થાપી હતી. આ કલબની સાથે તે વખતે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક કલબ' 'ઓરીએન્ટલ ડ્રામેટીક કલબ', 'પરશ્યન કલબ', અને 'ધી પરશ્યન ઓરીએન્ટલ ડ્રામેટીક કલબ' આદિ અન્ય ગૌણ નાટક મંડળીઓ નાટક ભજવતી હતી. શ્રી જાહાંગીર ખંબાતાના મતાનુસાર આ બધી કલબો કરતા ફરામજી ગુસ્તાદજી દલાલની 'જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ' સારો દેખાવ કરતી હતી.[૧૨] શેકસપીયરનું ઓથેલો નાટક તેમણે ગુજરાતી ભાષામાં ભજવ્યું હતું. નાટક ગુજરાતી ભાષામાં લખાયેલું હતું છતા તેમાના ડ્રેસો બધા શેકસપીયન જમાનાના રાખવામાં આવ્યા હતા. આ નાટકમાં ફરામજી ગુસ્તાદજી દલાલ મહત્વનો અને મુખ્ય પાત્ર ભજવતા. આ કલબ દ્વારા ભજવાયેલ નાટક 'કોમેડી-ઓફ-એરર્સ'માં સ્ત્રી પાત્ર ભજવવા માટે ધનજીભાઇ રુસ્તમજી કેળાવાળાની પસંદગી થઇ હતી ત્યારે તેજ નાટકમાં તેમની સાથે અન્ય સ્ત્રી પાત્ર ભજવનાર કલાકાર ફરામરોજ જોષી હતાં. આ નાટક 'વિકટોરિયા નાટક મંડળી'નો સ્થાપના થઇ તે પહેલા થયો હતો જે દ્વારા ધનજીભાઇની નાટકીય કારકિર્દીની શરુઆત થઇ હતી. પરંતુ પાછળથી 'વિકટોરિયા નાટક મંડળી'ની સ્થાપના થતાં ફરામજી ગુસ્તાદજી દલાલ તેના એક માલીક તરીકે જોડાતા અને હોરમસજી મોદી ઉર્ફે કાકાવાલ તેમા એક કલાકાર તરીકે રહેતા ધનજીભાઇને તેઓ ''વિકટોરિયા નાટક મંડળી'માં લઇ ગયાં જયાં તેમણે 'બેજન-મનીજેહ' નામના નાટકમાં 'બેજન'નુ પાત્ર સફળતાપૂર્વક ભજવી 'ધનજુ બેજન'ના નામ વિખ્યાત થયા.

## ધી શાહે આલમ નાટક મંડળી

દોરાબજી રુસ્તમજી ધાભર પારસી રંગભૂમિમાં 'દોલુ ધાભર'ના નામે વિખ્યાત થયો હતો. પોતાના સમકાલીનોને નાટક મંડળીની સ્થાપના કરતાં જોઇ તેને પણ મંડળી સ્થાપવાનો વિચાર આવ્યો. પરિણામે કેટલાક પારસીઓના છોકરા ભેગા કરી તેણે એક નાટક મંડળીની

સ્થાપના કરી જેનું નામ તેણે 'ધી શાહે આલમ નાટક મંડળી' રાખ્યું હતું. આ નવયુવાન કલાકારોએ પ્રેક્ષકોનું આકર્ષણ જમાવ્યું ન હતું પરંતું આશ્ચર્ય તો એ વાતનુ છે કે આજ કલાકારો- જમસુ ગુલવાલા, પેસુ પોખરાજ - પાછળથી આગેવાન કલબો-'વિકટોરિયા નાટક મંડળી'- દ્વારા મહત્વનો ભાગ ભજવ્યો હતો. 'ધી શાહે આલમ નાટક મંડળી'ના ઉપક્રમે દોરાબજી ધાભરે સૌ પ્રથમ 'જાને આલમ અને અંજુમન આરા'નામનું ઉર્દૂ નાટક કર્યુ હતું. આ નાટકની સૌથી મહત્વની વિશિષ્ટતા એ હતી કે જાને આલમના પાત્રમાં ડોલુ ધાભરે પોતે જે મેક-અપ કર્યો હતો તેના કારણે સૌ પ્રથમ પ્રેક્ષકોને લાગ્યું કે જાને આલમનું પાત્ર દાદાભાઇ પટેલ જાતેજ ભજવે છે ! ! પણ તેમની બોલવા-ચાલવાની રીતભાત ઉપરથી સૌને ખબર પડી ગઇ કે તે પાત્ર તો ડોલુ ધાભર પોતે ભજવતા હતાં.આ નાટક તેમણે 'એલફિન્સ્ટન થિયેટર'માં ભજવ્યું હતું. 'જાને આલમ અને અંજુમન આરા' નાટક પછી તેમણે બીજું ઇરાની નાટક ભજવ્યું તેનું નામ કદાચ રંગભૂમિના ઇતિહાસમાં સૌથી વધારે લાંબુ નામ હશે તે હતું

'' જાબુલી સેલમ, અને અફલાતુન જીન,
ગુલલાલા પરી, ને પાક દામન શીરીન''

આ નાટકમાં જમસુ ગુલવાલાએ મહત્વનું પાત્ર ભજવ્યું હતું, વળી તેનું નામ પણ ધાભરે નાટકના નામમાં દાખલ કર્યુ હતું. ધાભરની આ નાટક મંડળીમાંથી બહાર પડેલ કલાકારોમાંના એક કાવસજી-પાલનજી ખટાઉ પણ હતાં ! ડોલુ ધાભર પોતે એક 'ઓલ-રાઉન્ડ'કલાકાર હતાં. એક ઉર્દૂ નાટકમાં ધાભરે રજૂ કરેલ 'હીજડા'નું પાત્ર અને બીજા એક નાટકમાં ભજવેલ 'અફીણી'નું પાત્ર અત્યંત પ્રશંસા પામ્યું હતું. 'એક હીજડા તરીકે તેમજ એક અફીણી તરીકે ડોલુ ધાભરે જે કાંઇ કીધું હતું, તેવુ ત્યાર પછી બીજા કોઇ પણ પારસી એકટરે સ્ટેજ પર કાર્ય કીધુ હોય તેમ જણાયું નથી.[13] ઉર્દૂ ભાષા પરના પ્રભુત્વ, નૃત્ય અને ગીત અંગેની સૂઝને કારણે તેમના જોડેલા ગાયનો વધુ સફળ રીતે સ્ટેજ પર રજૂ થતા પરિણામે તેમના દરેક નાટક ફતેહમંદ થયા હતાં. શ્રી ધનજીભાઇના મત પ્રમાણે તેમણે એક નહીં પણ અનેક ઉર્દૂ નાટકો લખ્યાં હતાં, જે નાટકોને 'વિકટોરિયા નાટક મંડળી'એ પોતાના મુનશી પાસે સુધરાવી ભજવ્યાં હતાં. ડોલુ ધાભરને ત્યાંથી તૈયાર થયેલ કલાકારોમાં જમસુ ગુલવાલા સ્ત્રી પાત્ર ભજવવામાં ખૂબજ સફળ થયો હતો. આ કલાકાર પાછળથી બાલીવાલાની 'વિકટોરિયા નાટક મંડળી'માં જોડાયો હતો અને ત્યાં તે કંપનીમાં લાંબા સમય સુધી તેણે પોતાની સેવા અર્પણ કરી હતી.

ધાભરના લાંબા નામવાળા નાટકમાં પાકદામન શીરીનનું પાત્ર ભજવનાર કલાકાર તે પેસ્તનજી જીજીભાઇ બાટલીવાલા નામનો કલાકાર હતો જે પેસુ પોખરાજના નામે ઓળખાતો. નાટકમાં તેણે આપેલા અભિનયને કારણે તે કલાકારો અને પ્રેક્ષકોમાં અતિ પ્રિય થઇ પડેલો. કલાકાર તરીકેની નૈસર્ગિક શકિત તેનામાં જન્મદત્ત હતી જેના કારણે તે ઉત્તરોત્તર પ્રગતિના ઉન્નત શિખરો સર કરતો રહયો. 'ધી શાહેઆલમ નાટક મંડળી' પછી પેસ્તનજી જીજીભાઇ બાટલીવાલા 'વિકટોરિયા નાટક મંડળી'માં 'ઇન્દ્રસભા'નાટકમાં 'પોખરાજ પરી' નું પાત્ર ભજવતા હતાં.અહીંયા આ કલાકારને પોતાની કળા બતાવવાનો પુરતો અવકાશ મળતાં તેની કળા સોળેકળાએ ખીલી ઉઠી હતી. પાછળથી 'વિકટોરિયા નાટક મંડળી'માં સ્ત્રી પાત્ર ભજવવાના બંધ કરી પુરુષના પાત્રો ભજવવાનું શરુ કર્યું હતું. 'માહમુદશાહ ગઝનવી' નામના નાટકમાં તેણે વઝુલ કમરના પાસબાન યકીનનું પાત્ર ભજવ્યું હતું જે અનેક ત્રુટિઓથી પૂર્ણ હોવા છતાં તે પાત્રમાં તે ખૂબજ ખ્યાતિ પામ્યો હતો. 'વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે પેસુ પોખરાજે બરમાની સફર કરી હતી પરંતુ તેની સાથે તે વિલાયતની સફરમાં જોડાયો ન હતો. તે દરમ્યાન પેસુ પોખરાજે ખેતરીના મહારાજાની સેવા સ્વીકારી તેમની અત્યંત કૃપા પ્રાપ્ત કરી હતી જેના પરિણામે તેણે મહારાજાની સાથે અનેકવાર ઇગ્લેન્ડની સફર કરી હતી. પાછળથી તેણે નાટક અને રંગભૂમિ ત્યજી પ્રતાપગઢના રાજાની નોકરી સ્વીકારી હતી અને ઇ.સ.૧૯૧૯ ની પહેલી મે'ના દિવસે હાર્ટએટકના કારણે તેનું મૃત્યું થયું હતું.

'ધી શાહેઆલમ નાટક મંડળી'નું આયુષ્ય લાંબો સમય ટકી શકયું નહી અને તે પણ અલ્પજીવી નિવડતાં બંધ પડી ગઇ હતી. આ નાટક મંડળીનો ઉલ્લેખ જાહાંગીર ખૂંબાતાએ 'શાહાનશાહે આલમ નાટક મંડળી'ના નામે કરેલ છે.

## ધી નોશીરવાન આદિલ નાટક મંડળી

ઇ.સ.૧૮૭૧ ની આસપાસ ઘણી બધી નાટક મંડળીઓ જન્મી હતી અને અલ્પઆયુ ભોગવી તેમાંની મોટાભાગની બંધ થઇ હતી. આ કંપનીઓ વધુ સંખ્યામાં ખુલવાને કારણે સ્ત્રી પાત્ર ભજવવા સુંદર દેખાવવાળા છોકરાઓની માંગ વધતાં તેવા પાત્રોની ખેંચ વર્તાવા લાગી. જે રીતે 'ધી શાહે આલમ નાટક મંડળી' દ્વારા નવા નવા પારસી છોકરાઓને તૈયાર કરી ડોલુ ધાભરે જે પ્રવૃત્તિ ચલાવી હતી કંઇક તેવીજ રીતે નવી નાટક મંડળીની સ્થાપના થઇ

જે 'ધી નોશીરવાન આદિલ નાટક મંડળી'ના નામે ઓળખાઇ. આ નાટક મંડળીમાં સ્ત્રી પાત્ર ભજવનાર કલાકારો ન હોવાને કારણે તેના માલિકોએ હાઇસ્કૂલના છોકરાઓમાંથી સ્ત્રી પાત્ર તરીકે એક કલાકાર–ખરશેદજીહમ.ચીનાઇની પસંદગી કરી હતી અને તે કલાકાર 'ધી નોશીરવાન આદિલ નાટક મંડળી' બંધ પડયા પછી દાદી પટેલની 'ઓરીજીનલ વિક્ટોરિયા નાટક મંડળી'માં જોડાયો હતો અને અંતે 'આલ્ફ્રેડ કલબ'નો એક આગેવાન કલાકાર બન્યો હતો.

'ધી નોશેરવાન આદિલ નાટક મંડળી'ના આ કલાકારે 'આલ્ફ્રેડ કલબ'ના ઉપક્રમે ભજવાયેલ 'હોમલો હાઉ'નામના નાટકમાં 'હીરા ભરુચી'નું પાત્ર ભજવ્યુ હતુ જે પ્રેક્ષકો લાંબા સમય સુધી ભૂલી શકયા ન હતાં. સ્ત્રી પાત્રની ભૂમિકા દ્વારા શરુ કરેલ કારકિર્દી બાદ પાછળથી તેની ઉંમરના પ્રમાણમાં શરીરમાં થયેલ પરિવર્તનને કારણે તેણે પુરુષ પાત્ર ભજવવાનું શરુ કર્યું હતુ અને 'અલીબાબા'નાટકમાં તેણે ચોરોના સરદારનું પાત્ર ભજવ્યું હતું. અંતે 'ધી નોશીરવાન આદિલ નાટક મંડળી' દ્વારા પારસી રંગભૂમિને કોઇપણ વિશિષ્ટ પ્રદાન પ્રાપ્ત ના થયું. અલબત્ત તે કંપની દ્વારા મળેલ 'ઓલ–રાઉન્ડ'કલાકાર ખરશેદજી મ.ચીનાઇના ઉકાળાને આપણે વિસ્મરી ના શકીએ

## ધી બોમ્બે વોલેન્ટીયર્સ થિયેટ્રિકલ કંપની

રંગભૂમિના તે જમાનામાં નાટક અને રંગભૂમિનો નાદ બહુજન સમાજ ઉપર ખૂબજ વેધક રીતે પડયો હતો. કેટલીક લેભાગુ નાટક મંડળીઓ રંગભૂમિનું ચિત્ર એવું કુરુપ બનાવી દિધુ કે ઇ.સ.૧૮૮૦–૮૫ ના સમયમાં નાટકના છોકરા સાથે પરણવા કોઇ તૈયાર થતું નહીં ! નાટક અને રંગભૂમિએ ઘણાંયને આબાદ બનાવી દિધા તો કેટલાયને બરબાદ કરી નાંખ્યાં. જે કોઇના જીવન બરબાદ થયાં તેનો દોષ ઘણા લોકો રંગભૂમિ પર આરોપિત કરે છે જે યોગ્ય નથી. કેટલાક વિવેકશૂન્ય માણસો કળાના ઉચ્ચ ક્ષેત્રમાં પ્રવેશ્યા જેમની નિર્બળતાને કારણે તેમનું વ્યકિતગત જીવન નષ્ટ પામ્યું અને તેમના કારણે રંગભૂમિનુ વાતાવરણ કલુષિત થયું. પારસી રંગભૂમિના ઇતિહાસમાં એવી ઘણી બધી નાટક મંડળીઓ આપણે જોઇ શકીએ છીએ કે જેના કારણે સુરેખ અને સુરુચિપૂર્ણ ચીત્ર ન ઉપસતાં માત્ર તેમનું ઐતિહાસિક મૂલ્ય પ્રાપ્ત થાય છે.

'ધી બોમ્બે વોલેન્ટીયર્સ થિયેટ્રિકલ કંપની' કંઇક આવાજ આયાસનુ પરિણામ હતું. વિઠ્ઠલદાસ નામના નાટકના શોખીન યુવાને પોતાની આજુબાજુના વર્તુળમાંથી પચીસ હજાર રુપીયા એકઠા કરી 'ધી બોમ્બે વોલેન્ટીયર્સ કં'નામની નાટયસંસ્થાની સ્થાપના કરી.તેની

પાસેની મોટી થાપણ હોવાની વાતો બહાર આવતાં ઘણાં બધા પારસીઓ તેની આસપાસ ફરતાં. આ કંપની દ્વારા થતાં દરેક નાટકમાં વિઠ્ઠલ આગેવાન પાત્ર લઇ સ્ટેજ પર ઉતરતો. આ કલબના ઉપક્રમે તેણે રોનક મુનશીના ઓપેરા ભજવ્યા હતાં અને પાછળથી નસરવાનજી મેરવાનજી ખાનસાહેબે ૩૦૦ રુપીયા પુરસ્કાર લઇ 'હીરા' નામનું ઉર્દૂ નાટક આ કંપનીને ભજવવા આપ્યું હતું

ધી લેડીઝ એન્ડ જેન્ટલમેન થિયેટ્રિકલ કંપની

જ્યારે 'વિકટોરિયા નાટક મંડળી' દાદી પટેલની માલિકી હેઠળ હતી અને કોલુ ધાભર 'શાહે આલમ નાટક મંડળી' દ્વારા નાટક ભજવતો હતો ત્યારે નવરોજી ગોળવાળાએ 'નવલુ પરી' એ એક મુસલમાન જમાદારને સાથે રાખી એક નાટક મંડળીની સ્થાપના કરી જે 'ધી લેડીઝ એન્ડ જેન્ટલમેન થિયેટ્રિકલ કંપની'ના નામે ઓળખાઇ. આ નાટક મંડળીમાં સ્ત્રી કલાકારો હોવા છતાં નવરોજી ગોળવાળા 'પરી'નું પાત્ર ભજવતા પરિણામે તે 'નવલુપરી'ના નામે પ્રસિધ્ધ થયા. તેમણે પોતાની કંપનીને થિયેટ્રિકલ'ને બદલે 'થીરેટ્રીકલ' નામ આપ્યું હતું. આ સમય દરમ્યાન મુસ્લીમ-મોહમેદન ભાઇઓએ એક નાટક મંડળીની સ્થાપના કરી હતી જેનું નામ તેમણે 'ધી મધરાસ નાટક મંડળી'ને બદલે 'ધીમ-ધરાસ-ના-ટકમં-ડળી' નામ આપ્યું હતું. આ નાટક મંડળીમાં સ્ત્રીઓ પણ કલાકાર તરીકે રાખી હતી પરંતું નાટક અને રંગભૂમિના જ્ઞાન અને લાયકાતના અભાવે તે અલ્પ સમયમાંજ બંધ પડી હતી.

ઉપરોકત નાટક મંડળીઓના કાર્યને જોતાં આપણે એમ કહી શકીએ કે આ નાટક મંડળીઓ પારસી રંગભૂમિને ઉપકારક બની શકી નહીં અને તેમના અલ્પાયુષ દરમ્યાન તેમના કઢંગાપણાને કારણે તે લોક ભોગ્ય ના બનતાં નિરસ્કૃત થઇ અને તેમના આ પ્રકારના કાર્યને પરિણામે સમગ્ર રંગભૂમિ પરત્વે પ્રેક્ષકોની ઉપેક્ષા અને ઉદાસીનતા વધતા ગયા એમ કહીએ તો અસ્થાને નહીં ગણાય.

હિન્દી નાટક મંડળી

'વિકટોરિયા નાટક મંડળી' દાદી પટેલે જ્યારે વેચાતી રાખી કલાશક્તિપૂર્ણ દાદી ઠુંઠીએ કોઇપણ જાતના ચોક્કસ અધિકાર વગર દાદાભાઇ પટેલની સાથે એકટર તરીકે રહેવાની ના પાડતાં તેઓ વિકટોરિયાથી છૂટા પડયાં હતાં. વિકટોરિયાથી છૂટા પડેલા દાદાભાઇ ઠુંઠીએ નવી કલબ અને નાટકશાળા ઊભી કરવાની પૂર્વ તૈયારી શરૂ કરી. નવી

નાટકશાળા બાંધવા ગ્રાંટરોડ ઉપર મહંમદઅલીની બળી ગયેલી નાટકશાળાની જગા તેમણે પસંદ કરી હતી અને તે જગા પર તેમણે થિયેટર બંધાવ્યું જે 'હિન્દી થિયેટર'માં નામે ઓળખાયું. આ સમય દરમ્યાન બીજી ઘણી નાની-મોટી નાટકમંડળીઓએ જન્મ લીધો હતો, જેમની કંગાલસ્થિતિ તોડી બધાના કરતાં કંઇક સારો દેખાવ કરવાના હેતુથી તેમણે એક નવી કંપનીની સ્થાપના કરી જેનું નામ તેમણે 'હિન્દી નાટક મંડળી'આપ્યુ હતું. આ નાટક મંડળીમાં તેમણે સ્ત્રી કલાકારોને દાખલ કર્યા નહી અને જાણીતા સદ્‌ગૃહસ્થ કલાકારોની ભરતી કરી કંપનીની એક સરસ છાપ ઉભી કરી હતી. હિન્દી નાટકમંડળીમાં કાવસજી પાલનજી ખટાઉ, જાહાગીર ખંબાતા, દાદાભાઇ મીસ્ત્રી, અરદેશર શરાફ, ફરામજી ગુસ્તાદજી દલાલ, જમસેદજી કાવસજી દાજી, કાવસજી કલીંગર, નવરોજી બાટલા, નવરોજી એદલજી તંબોલી, કાવસજી મીસ્ત્રી, જાહાંગીર નવરોજી મીનવાલા, ડોસાભાઇ ફરામજી કાંગા, માણેકજી મીસ્ત્રી, બરજોરજી કુટાર આદિ કલાકાર હતાં. આ કલાકારોને લઇને દાદી ઠુંઠીએ સૌ પ્રથમ નાટક 'બેનઝીર બદરે મુનીર' હિન્દી થિયેટરમાં ભજવ્યું. તેના પાત્રોની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવી હતી.બેનઝીરનું પાત્ર અરદેશર શરાફ, કાઉ કલીંગરે કાળાદેવનું જાંહાગીર ખંબાતાએ મહારુખ પરી અને બદરે મુનીરનું પાત્ર એક લખનૌના મુસલમાન કલાકારને સોંપવામાં આવ્યું હતુ જે આખી કંપનીમાં માત્ર એકજ ગાયક કલાકાર હતો. 'બેનઝીર-બદરેમુનીર'માં કાળાદેવ દ્વારા બેનઝીરને સુતેલો અધ્ધર ઉપાડી જવાનો યાંત્રીક સીન ભાઉ નામના હિન્દુ ગૃહસ્થ દ્વારા 'સેટ' કરવામાં આવ્યો હતો. યાંત્રીક સીનની શરુઆત ગ્રાન્ટરોડના થિયેટરમાં દાદાભાઇ રતનજી દલાલ નામના કલાકારે કરી હતી જે નાટકીસૃષ્ટિમાં 'દાદી મોટા ડોળાવાળો'ના નામે પ્રખ્યાત હતા.

'બેનઝીર બદરેમુનીર' નાટક ઉર્દૂ ભાષામાં રજૂ થયું હતું. નાટકના પોશાક ખૂબજ ભભકાદાર અને આકર્ષક હતાં. પડદા અને સીન પણ ઉચ્ચ પ્રકારના હતાં. કલાકારો પણ ખ્યાતનામ હોવા છતાં આ નાટક નિષ્ફળ ગયું.[૧૫] નાટક પાછળ ખૂબજ ખર્ચ કર્યા પછી પણ નાટકમાં ગાયક-કલાકારના અભાવને કારણે તે લાંબા સમય સુધી પ્રેક્ષકોને આકર્ષી શકયું નહીં. નાટક ખૂબજ સફળ રીતે રજૂ થયુ હતુ. લગભગ તે બીનહરીફ સાબિત થયું હોવા છતાં દાદી ઠુંઠી સારી આવક કરાવી શકયું નહી. આર્થિક સધ્ધરતાના અભાવને કારણે દાદી હતોત્સાહ થઇ ગયા પરિણામે 'હિન્દી નાટક મંડળી'ના પાયા ડોલવા લાગ્યા. 'બેનઝીર-બદરેમુનીર' નાટક નિષ્ફળ જતાં દાદી ઠુંઠી જેવા પીઢ કલાકાર-દિગ્દર્શક પણ કેખશરુ કાબરાજીની મદદ માંગી હતી અને તેના પરિણામે કાબરાજીએ દાદી ઠુંઠીને એક

ઇશાની નાટક 'ફેરેદુન' લખી આપ્યો. કેખશરુ કાબરાજી એક મહાન કલાકાર હતા જેમણે નાટક લખી આપી તેના રીહર્સલમાં આવી યોગ્ય સૂચન કરતાં. 'ફરિદૂન' નાટક શાહનામાના કથાનકને આધારે લખાયેલ હતો જેના રીહર્સલ દરમ્યાન ફરામજી ગુસ્તાદજી દલાલ અને જમશેદજી કાવસજી દાજી નામના જુના કલાકારો દાખલ થયા હતા. 'ફરિદૂન'ના પાત્રોમાં શ્યાવક્ષ-દાદાભાઇ ઠુંઠી, ફરેદૂન જમશેદજી દાજી, ફરેદુનની માતા-જાહાંગીર ખંબાતા આદિ પીઠ કલાકારવૃંદ સાથે બે ત્રણ માસના રીહર્સલ પછી પોષાક અને સીન-સીનરી પાછળ હજારોનો ખર્ચ કરી નાટક 'હિન્દી થિયેટર'માં રજુ થયુ જેને જોવા અસાધારણ મેદની ઉમટી અને ખૂબજ સફળતાપુર્વક ભજવાયું હોવા છતાં તે દાદી ઠુંઠીને આર્થિક સધ્ધરતા બક્ષી શકયું નહીં. 'હિન્દી થિયેટર' બાંધવા પાછળ ખર્ચેલા હજારો રુપિયા અને 'બેનઝીર-બદરેમુનીર' તેમજ 'ફરેદૂન' પાછળ થયેલ અસાધારણ ખર્ચને કારણે દાદી ઠુઠી ખોટમાં કામ કરવા લાગ્યા. આ ખોટમાથી નિકળવા મનચેરજી મેરવાનજી ભાવનગરી નામના મિત્રની મદદથી તેમણે ભાવનગરની સફર કરી, ત્યાં આગળ ઠાકોરસાહેબ સમક્ષ પોતાની નાટક મંડળીના કલાકારવૃંદ સાથે નાટક ભજવી સારી એવી રકમ (દશથી પંદર હજાર રુપીયા) મેળવી હતી. આ રકમ દ્વારા પણ દાદાભાઇ ઠુંઠી સંપૂર્ણપણે કરજ મુકત થઇ ના શક્તા તેમને 'હિન્દી નાટક મંડળી' નો સર્વ કારોબાર સમેટી લેવાની ફરજ પડી હતી. વળી થિયેટર મોરગેજ રાખી પૈસા ધીરનાર પારસી પણ અધીરો બની ગયો હતો અને દાદીની વિકટ પરિસ્થિતિમાં તેનો સાથ ન મળતાં થિયેટર તેને સોપી દેવામા આવ્યું હતુ અને 'ફરેદૂન' નાટક કાબરાજીને પાછો સ્વાધીન કરી દેવામા આવ્યો હતો. આમ ઉચ્ચ કલાવૃત્તિ સેવનાર બાહોશ કલાકાર-દિગ્દર્શક હોવા છતાં વિષમ પરિસ્થિતિમાં યોગ્ય સાથ અને સહકારના અભાવના કારણે અને કેટલાક અંશે કમનશીબીના કારણે 'હિન્દી નાટક મંડળી' દ્વારા પારસી રંગભૂમિનો ઉત્કર્ષ સાધવાના પ્રયત્ન કરનાર દાદાભાઇ ઠુંઠીને મંડળી સમેટી લેવી પડે. અંતે જેમ થાય છે તેમ હિન્દી નાટક મંડળી' બંધ થતાં કલાકારો વિખરાઇ ગયા અને તે સમય દરમ્યાન 'વિકટોરિયા નાટક મંડળી' કુંવરજી નાઝરને હસ્તક આવતાં દાદાભાઇ ઠુઠીએ ત્યાં દિગ્દર્શકની નોકરી સ્વીકારી. આમ સારાએ ઉચ્ચ કોટિના કલાકાર હોવા છતાં પણ કંપની અકાળે બંધ પડતાં દાદી ઠુંઠીની એક મહેચ્છા પૂર્ણરુપ વિકસિત થઇ ના શકી.

## ધી ખોજા ડ્રામેટીક કલબ

'ધી ખોજા ડ્રામેટીક કલબ'ની સ્થાપના દારાશા સોહરાબજી તારાપોરવાળાએ કેટલાક ખોજા ગૃહસ્થોની મદદથી કરી હતી. આ કલાકાર 'વિકટોરિયા નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ નાટક 'બેજન-મનીજેહ'માં અફરાસીઆબનું પાત્ર ભજવતો હતો. બુલંદ અવાજવાળો આ કલાકાર એક સારો લેખક હતો. તેણે શાહાનામાના આધારે 'રુસ્તમ અને સફેદ દેવ'નામનું નાટક રચ્યું જે દાદો પટેલ હૈદ્રાબાદની મુસાફરીએ ગયા ત્યારે મુંબઇમાં 'વિકટોરિયાના ઉપક્રમે ભજવવામાં આવ્યું હતું જેમાં દાદાભાઇ રતનજી દલાલે સૌ પ્રથમ 'ઇલ્યુઝન' દેખાડયુ હતું.૧૬ કાવસજી ગુરગીન, હોરમસજી કાકાવાલ, ફરામજી ગુસ્તાદજી, ખુરશેદજી જોશી, ડોસાભાઇ ગોદરેજ આદિ ધરખમ ખેલાડીઓ ભાગ ભજવતાં હોવા છતાં પણ તે નાટક વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકયું નહો. તેની એક બેનીફીટ નાઇટની આવક દારાશાને મળી હતી. આ કલાકારે કોઇ કારણસર 'વિકટોરિયા'થી અલગ થતાં ખોજા ગૃહસ્થોની મદદ લઇ 'ધી ખોજા ડ્રામેટીક કલબ' શરુ કરી હતી. આ કલબના ઉપક્રમે નાટક ભજવવા માટે શાહાનામાના પ્રસંગને આધારે એક બીજું ઇરાની નાટક લખ્યું જેનું નામ 'કયેકાઉસ અને સોદાબે' આપ્યું હતું. આ નાટકમાં સોદાબેનું પાત્ર કાવસજી ખટાઉએ ભજવ્યુ હતુ. પરંતું થોડીક નાઇટ બાદ કાવસજી ખટાઉ જતાં રહેતાં તે ખૂબજ નિરાશ થઇ ગયો હતો. ત્યારબાદ કાવસજી ખટાઉ દ્વારા એકત્ર થયેલા જુના કલાકારો દ્વારા ભજવાતા પારસી સંસારી નાટકમાં પણ તેણે મુખ્ય પાત્ર ભજવ્યું જે નિષ્ફળ જતાં તે હંમેશને માટે રંગભૂમિ છોડી ચાલીગયો હતો.

## ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી

પારસી રંગભૂમિની મહત્વની નાટક મંડળીઓમા 'ઝોરાસ્ટ્રીયનનાટક મંડળી'નુ સ્થાન પણ ખૂબજ અગત્યનુ લેખી શકાય. ડો.ડી.જી.વ્યાસ તેની ચર્ચા કરતાં લખે છે કે ૧૮૫૮માં સ્થાપવામાં આવેલી ઝોરાસ્ટ્રીયન નાટક મંડળીએ કેટલાક વર્ષ ઉપયોગી કાર્ય કર્યું. પારસી રંગભૂમિના આ કાળમાં ઘણી બધી નાટક મંડળીઓ અસ્થિત્વમાં આવી હતી અને તેમણે ભિન્ન ભિન્ન નાટકો ભજવી રંગભૂમિનો ઉત્કર્ષ સાધવાનો યત્કચિત પ્રયત્ન કર્યો હતો. અલબત્ત બધીજ કંપનીઓનું આયુષ્ય બહુ લાંબુ નિવડયું ન હતું તેમ છતાં પણ તેમનુ ઐતિહાસિક મૂલ્ય અવિસ્મરણીય રહેશે. ઇ.સ.૧૮૫૮ માં 'હિંદી અને ફીરંગી રાજ વચ્ચે મુકાબલો' નામનું નાટક 'ઝોરાસ્ટ્રીયનનાટક

મંડળી'ના ઉપક્રમે ભજવાયું. આ નાટક ભજવાયા બાદ 'બુઢ્ઢા ખુશાલજીનું નાતરું' નામનું ફારસ ભજવવામાં આવતું. ઇ.સ.૧૮૬૧ પહેલા ઉભી થયેલી ૨૦ નાટક મંડળીઓનું આયુષ્ય બહુ લાંબું ટક્યું નહી. ઘણી મંડળીઓ તે દાયકામાં ઉભી થયા પછી ટૂંકજ સમયમાં બંધ થઇ જતી. પરિણામે રંગભૂમિનું જે કાર્ય સક્રિય રીતે થવું જોઇતું હતુ તે બધીજ મંડળીઓ દ્વારા થઇ ના શક્યુ. જો તેમ થયું હોત તો એટલે કે દરેક મંડળી વ્યવસ્થિત રીતે ચાલી હોત અને અવનવા નાટય પ્રયોગો કર્યા હોત તો આજે રંગભૂમિનું જે કરુણચિત્ર જોવા મળે છે તેને બદલે કોઇ ભવ્ય રંગભૂમિ આપણને પ્રાપ્ત થઇ હોત: પરંતું કમભાગ્યે તેમ ના થયું. મંડળીઓ જેટલા ઉત્સાહથી સ્થાપવામાં આવતી હતી તેટલાજ ઉત્સાહથી અને સંપથી ચલાવવાના પ્રયાસો મોટા ભાગની મંડળીઓમાં જોવા મળતા નથી. આવી પરિસ્થિતિમાં ઇ.સ.૧૮૬૬ માં રંગભૂમિ માટે કંઇક સક્રિય કાર્ય કરવાના હેતુથી 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' ફરીથી ઉભી થઇ અને પોતાના નાટકની જાહેરાત કરવા માટે તેણે 'રાસ્તગોફતાર' છાપાની મદદ લીધી. આમ જાહેરાત માટે નાટક મંડળીઓ તરફથી છાપાની મદદ મેળવવાનો શરુઆત થતાં બીજી મંડળીઓએ પણ છાપાનો મદદ લેવાની શરુઆત કરવા માંડી. આ મદદ લેવામા 'પારસી નાટક મંડળી' અને 'જેન્ટલમેન એમેચ્યુઅર્સ' નાટક મંડળીઓ હતી.

'ઝોરાસ્ટ્રીયન મંડળી'ને ચલાવવા માટે અને ઘરખમ પાયા પર નાટકો ભજવવા માટે તે નાટક મંડળીના જે આગેવાનો હતાં તેમણે એવો નિર્ણય લીધો કે મંડળીને આર્થિક રીતે નિભાવવા માટે કેટલાક સભાસદોએ ભાગીદાર બનવું અને તન, મન, ધનથી નવા નાટક ભજવવા. આમ મંડળીને ચલાવવા માટે દસ આધારસ્થંભો અને તેઓએ પોતાના સલાહકાર તરીકે શેઠ મંચેરશાહ બેજનજી શેઠ, મંચેરજી હોશંગજી અને કવિ રુસ્તમ જાબુલીને નીમ્યા હતાં. 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'ના આધારસ્થંભો નીચે પ્રમાણે હતાં :

'' મરહુમ નશરવાનજી બેહેરામજી ફારબસ
'' ધનજીભાઇ રાણા
'' કોસાભાઇ બીલીઆ.
'' પેસ્તનજી દાદાભાઇ પાવરી
'' રુસ્તમ જાબુલી (શાએર)
'' ધનજીભાઇ વીમાદલાલ
'' દાદાભાઇ પસતાકીઆ
'' ફરામજી કાવસજી મેહતા
'' બંદેખુદા'(દાદાભાઇ પોંચખાનાવાલા)
'' આનંદરાય ''૧૮

આ નાટક મંડળીના આગેવાન સ્થંભોમાં નશરવાનજી બેહરામજી ફારબસનો ફાળો મહત્વનો ગણાવી શકાય. નસરવાનજી ફારબસ એક શાંત વિચારના ઉચ્ચ કેળવણી લીધેલ વ્યકિત હતાં. સર દીનશાહ પીટીટની લાંબા સમય સુધી તેમણે સેક્રેટરી તરીકે સેવા કરેલી. તે સમયે તેઓને સર્વ માનની નજરે જોતા તેમની નાટકીય કારકિર્દીની શરુઆત 'જેન્ટલમેન-એમેચ્યુઅર્સ' પછી 'ઝોરાસ્ટ્રીયન થિયેટ્રિકલ કલબ' અંતે 'પારસી બેરોનેટ કલબ'ની સ્થાપના કરી. કલાકાર હોવાને કારણે તેમનામાં રહેલી દીર્ઘદ્રષ્ટિને કારણે તેઓએ એદલજી જમશેદજી ખોરીમાં રહેલી અગાધ શકિતઓનો ઉપયોગ 'ઝોરાસ્ટ્રીયન ઉત્થાન માટે કરવા માટે તેમના લખેલા નાટકો માત્ર 'ઝોરાસ્ટ્રીયન થિયેટ્રિકલ કલબ'નેજ આપવા તેવી સૂચના તેમણે એદલજી ખોરીને કરી. એદલજી ખોરી એક સાચા- નિષ્ઠાવાન કલાકાર હતાં. તેમના કલાકાર આત્માને ફારબસનું આ બંધન સૂચક સૂચન ગમ્યું નહી. તેઓ નસરવાનજી ફારબસના સૂચન સાથે સંપૂર્ણપણે - સહમત ન થતાં તેઓએ એટલું સ્વીકાર્યું કે તેમનું દરેક નાટક તેઓ પ્રથમ 'ઝોરાસ્ટ્રીયન'નેજ આપશે પરંતું જો તેનો સ્વીકાર ના થાય તો તેઓ તેજ નાટક અન્ય નાટક મંડળીને આપી શકશે. જેમાં 'ઝોરાસ્ટ્રીયન'નું કોઇપણ બંધન તેમને રહેશે નહી. તેમણે આપેલું વચન તેમણે છેવટ સુધી પાળ્યું હતું.

'વિકટોરિયા નાટક મંડળી' માટે લખેલ 'ખોદાબક્ષ' નાટક તે કંપની દ્વારા જ્યારે અસ્વીકાર્ય થયુ ત્યારે તે નાટક 'ઝોરાસ્ટ્રીયન થિયેટ્રિકલ કલબ'ના ઉપક્રમે શંકરશેઠની નાટક શાળામાં બહુધા ઇ.સ.૧૮૭૧ ની સાલમાં ભજવાયું જેણે ખૂબજ સફળતા પ્રાપ્ત કરી જેના પરિણામે 'વિકટોરિયા નાટક મંડળી'ને તેનુ મૂલ્યાંકન આંકવામાં તેમણે કરેલી પોતાની ભૂલ સમજાઇ. પારસી રંગભૂમિના વિદ્વાન શ્રી ફિરોઝઘર આ નાટક વિશે લખે છે કે, '' સીંગાપુરના મશહુર બેરીસ્ટર એદલજી ખોરીનો નાટક 'ખોદાબક્ષ' સ્ટેજ કીધો ત્યારે તમાસબીનોએ તેઓને તાલીઓની ચાલુ ગર્જનાથી વધાવી લીધો હતો. આ નાટક એટલો તો રસીલો અને કોમીક હતો કે તે વખતે લોકોના ધારેધારાએ નાટક જોવાને તીન પાડતાં હતાં.[૧૯] આ નાટકમાં ખોદાબક્ષનુ પાત્ર પેસ્તનજી પાવરી, નાદીરનું પાત ફરામજી કાવસજી મહેતા અને નુરદીનનું પાત્ર 'પારસી નાટક મંડળી'ના માલિક ફરામજી અપ્પુ ભજવતા હતાં.

બંદેખુદા લિખિત 'ખુશરુ અને શીરીન' નામનું નાટક શંકરશેઠનો નાટકશાળામાં 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયું. ઇરાની વેશમાં ભજવાયેલ આ નાટકમાં નસરવાનજી ફારબસે પરવીઝના રફીક પાર્ટ ખૂબજ સફળતાપૂર્વક ભજવ્યુ હતું. 'ઝોરાસ્ટ્રીયન

થિયેટ્રિકલ કલબ'ની ખાસ વિશિષ્ટતાઓમાં ત્રણ આગેવાન ગૃહસ્થ દ્વારા થતી પ્રાર્થના, એક કલાકાર દ્વાકા થતો 'પ્રોલોગ' અને નાટકને અંતે પ્રેક્ષકોનો આભાર માનતું છેલ્લી સલામીનું ગીત. આ ત્રણેય વિશિષ્ટતાઓએ 'ઝોરાસ્ટ્રીયન'નું વિશિષ્ટ આકર્ષણ ઉત્પન્ન કર્યું હતું. છેલ્લી સલામ ગાવાનું કાર્ય નસરવાનજી ફારબસ કરતાં જેઓ 'ઝોરાસ્ટ્રીયન'ના એક આગેવાન સ્થંભ સમા હતાં. આ સલામ તેઓ બેન્ડ સાથે ગાઇ પારસી રંગભૂમિના અનેક તેજસ્વી તારલાઓમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી દિધું. 'ખુશરુ અને શીરીન'ના નાટક પછી તેઓ 'ઝોરાસ્ટ્રીયન કલબ' છોડી ગયા જેના પરિણામે 'ઝોરાસ્ટ્રીયન કલબ'ની જાકજમાળ થોડી ઓછી થઇ હતી. 'ઝોરાસ્ટ્રીયન છુટા પડયા બાદ તેઓએ 'પારસી બેરોનેટ કલબ'ની સ્થાપનામાં સક્રિય ફાળો આપ્યો હતો.

શ્રી ધનજીભાઇ પટેલ ઇ.સ.૧૮૫૮માં 'પારસી મીતર'નામના સાપ્તાહિકની 'ઝોરાસ્ટ્રીયન કલબ' વિષેની નોંધ કરતાં લખે છે કે, 'ઝોરાસ્ત્રીઅન કલબ નામની ટોળી, પોતાના નાટકમાં ઘણોજ સુધારો કરતી ચાલી છે, તે જોઇને હમુને ઘણીજ ખુશાલી અને સંતોશ ઉપજે છે અને સઘળી ટોળીઓને તેનો દાખલો લેવાની ભલામણ કરીએ છઇયે.[૨૦] ઉપરોકત વિધાન જોતાં તે વાત સ્પષ્ટ થાય છે કે, 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' ખૂબજ વ્યવસ્થિત, સફળ અનેસંગીન રીતે નાટકો ભજવતી. 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'ના નાટકો શંકરશેઠની નાટકશાળામાં ભજવાતા. આ નાટકો ભજવી રંગભૂમિ પરત્વેનું લોકોને ઘેલું લગાડી નાટક પરત્વે અભિમુખ કરવાનો પ્રયાસ વિસ્મરી શકાય નહી. સખેદ નોંધવું પડે છે કે તે કાળે કદાચ નાટક મંડળીઓની સંખ્યા વધુ અને નાટયશાળા માત્ર શંકરશેઠનીજ હોવાને કારણે નાટક મંડળીવાળાને થિયેટરનો અભાવ વર્તાયો હશે. યોગ્ય સમયે નાટકશાળા પ્રાપ્ત થઇ શકતી નહીં હોય જેના કારણે પણ કલાકારોનો ઉમંગ ઘટતો ગયો હોય અને નાના પાયા પર ઉભી થયેલ નાટયમંડળીઓ અકાળે લોપ થઇ ગઇ હોય અને આને પરિણામેજ 'વિકટોરિયા નાટક મંડળી'એ સધ્ધર બનતા પોતાની નાટકશાળા બંધાવી દિધી.

'ઝોરાસ્ટ્રીયન કલબ' સાથેના પોતાના સંપર્ક વિષે શ્રી ધ.ન.પટેલ નોંધે છે કે, આ અદના લખનાર જયારે 'ઝોરાસ્ત્રીયન કલબના સમાગમમા પહેલ વહેલો આવ્યો ત્યારે એ મંડળ, શંકર શેઠવાળી નાટકશાળામાં ખુશરો-શીરીનનો નાટક સ્ટેજ કરતી હતી'' આ નાટક એદલજી ખોરી રચિત 'ખોદાબક્ષ' નામના નાટક પહેલાં ભજવાયું હતું.

ઇ.સ.૧૮૫૮માં 'ઝોરાસ્ટ્રીયન કલબ'ની સ્થાપના થઇ, જે ફરીથી ઇ.સ.૧૮૬૬ માં ઉભી થઇ હતી. આ વર્ષોના ગાળા દરમ્યાન તેણે રંગભૂમિ માટે સક્રીય કાર્ય કર્યું. શ્રી ધનજીભાઇ પટેલ નોંધે છે તે પ્રમાણે જયારે તેઓ 'ઝોરાસ્ટ્રીયન કલબ'ના સંપર્કમાં આવ્યા

ત્યારે 'ખુશરો અને શીરીન' નાટક તેના ઉપક્રમે ભજવાતુ હતું. 'ખુશરો અને શીરીન' નાટક 'ખોદાબક્ષ' નાટકના પહેલાં ભજવાયું હતું.અને તેથી 'ઝોરાસ્ટ્રીયન કલબ' દ્વારા બીજા નાટકો પણ 'ખુશરો અને શીરીન' પહેલા ભજવાયા હોવા જોઇએ, અને તે પણ ઇ.સ.૧૮૬૬ થી ૧૮૭૦ નાજ ગાળામાં. શંકરશેઠની નાટકશાળામાં ભજવાયા હોવા જોઇએ.

એકંદરે ઇ.સ.૧૮૫૮ ની સ્થાપનાથી ઇ.સ.૧૮૬૬માં થયેલ પુનઃસ્થાપના અને ત્યાર પછીના વર્ષોમા રંગભૂમિ ક્ષેત્રે 'ઝોરાસ્ટ્રીયન કલબ'નું મહત્વનુ પ્રદાન વિસ્મરી શકાય નહીં. તત્કાલીન સારી ગણાતી નાટયમંડળીઓમાં તેણે તેની આગવી શૈલી અને રજૂઆતથી પોતાનું સ્થાન નિંશ્ચિત કરી દીધું હતું. તેના ઉત્કર્ષમાં નસરવાનજી ફારબસ, દાદાભાઇ મંચેરજી પસ્તાકીયા, ફરામજી કાવસજી મહેતા, કવિ જાબુલી, નાટયકાર એદલજી ખોરી આદિનો ફાળો ખૂબજ મહત્વપૂર્ણ ગણાવી શકાય.

ઝોરાસ્ટ્રીયન કલબના હિન્દુ ભાગીદાર આનંદરાવ એક પેન્ટર હતાં, તેઓ નાટકના ખ્યાને લગતા પડદા ચીતરતા. ઇ.સ.૧૮૭૦ના તે સમયના પેન્ટરોની-ચિત્રકારોનો અભાવ હતો. જેના કારણે આ કલબને આનંદરાવ જેવા ચિત્રકાર મળી રહેવાથી કલબના કોઇપણ નવા નાટક માટે તેઓ જોઇતા પડદા મોકલાવી આપતાં. તેઓ જાતે દક્ષિણિ હિન્દુ હતાં અને પૂના રહેતા. જાતે હિન્દુ હોવા છતાં પણ તેઓ એક પારસી તરીકે આ મંડળીના તમામ કલાકારો સાથે ભળી ગયા હતાં. આ કલબના બીજા ભાગીદારોમાં દાદાભાઇ મંચેરજી પસ્તાકીયા હતાં.તેઓ ખૂબજ ઉત્સાહી અને સ્વભાવે મોજીલા હોવાને કારણે બધાને પ્રિય હતા. બહુધા તેઓ હાસ્યપ્રધાન પાત્ર ભજવતાં. ઉપરાંત તેમને વૃધ્ધાવસ્થાનું પાત્ર ભજવવાનું તેમનું વલણ વધુ રહેતું. નસરવાનજી આપ અખત્યારના મિત્ર હોવાથી તેઓ તેમના મિત્ર થતાં હોવાથી આપઅખત્યારના નાટક તેમજ રીહર્સલમાં પણ હંમેશ જતાં આવતાં હતાં અને આપઅખત્યારના હાસ્યરસિક 'સ્કેચીઝ'માં પોતે પાત્ર ભજવતા. આમ આ સંબંધ ખૂબજ ઘનીષ્ઠરીતે સ્થપાયો હતો. જેના કારણે આપઅખત્યાર દ્વારા આયોજિત 'રુસ્તમ અને સોહરાબ'ના ઓપેરામાં માણેકજી બારભાયાની ઘેરહાજરીમાં ઝોરાસ્ટ્રીયન કલબના ભાગીદાર પેસ્તનજી દાદાભાઇ પાવરી શોહરાબનું પાત્ર ભજવતા હતાં તેજ પ્રમાણે દાદાભાઇ પ્રસ્તાકીયા આપઅખત્યારના વિવિધ નાટકોમાં અને સ્કેચીઝમાં પાત્ર ભજવતાં. દાદાભાઇ ખૂબજ મોજીલા સ્વભાવના હોવાથી ઝોરાસ્ટ્રીયન કલબના કલાકાર વૃંદમાં 'દાદો ચીકોન' ના નામે ઓળખાતા. રંગભૂમિમાં તે જમાનામાં આ કલબ પારસી સંસારી ફારસ ભજવવા માટે જે પ્રયત્ન કરતી તેના શ્રેષ્ઠ કલાકારોમાં દાદાભાઇનું સ્થાન મહત્વનું ગણાવી શકાય.

દાદાભાઈ પસ્તાકીયા પછી આ કલબના એક બીજા મહત્વના આધારસ્થંભ તે ફરામજી કાવસજી મહેતા હતા. 'કયસરે હીંદ'નુ નામનુ સાપ્તાહિક માસિક પ્રકાશિત કરવાનું માન તેમને ફાળે જાય છે. ફરામજી કાવસજી મહેતાનું મહત્વ સૌ પ્રથમ સ્ટેજ પર અંગ્રેજી ડાન્સ કરનાર તેઓ પ્રથમ પારસી હતાં. તેમના લોકો 'ફલુ ફોટોગ્રાફર'ના નામથી ઓળખતાં. કારણ કે તેઓને ફોટોગ્રાફીનો ખુબ શોખ હતો. તેઓ પણ દાદાભાઈ પસ્તાકીયાની માફક સ્વભાવે મોજીલા અને મળતાવડા હોવાથી સૌનું પ્રિય પાત્ર બનેલા. ફોટોગ્રાફી, સંગીત અને નાટકનો શોખ તેમણે વૃધ્ધાવસ્થા સુધી ટકાવી રાખેલ, જે પાછળથી 'કયસરે હિંદ'નામનુ નાટક ચલાવવાની જવાબદારીને કારણે તે શોખ તેમને છોડવો પડેલો.

શાયર રુસ્તમજી કાવસજી જાબુલી જેમની મૂળ અટક 'સુરતી' હતી જેઓ તે જમાનાના પ્રસીધ્ધ પારસી કવિ-લેખકોમાંના એક હતાં. પ્રકાશક મંચેરજી જાગોશ રુસ્તમજી સાથે પરિચયમાં આવેલા હોવાથી અને તેમનાજ પ્રેસમાં 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' રીહર્સલ ભજવતી હોવાના કારણે રુસ્તમજી જાબુલી 'ઝોરાસ્ટ્રીયન મંડળી'ના સંપર્કમાં આવ્યા હોવા જોઈએ અને પાછળથી ઉત્તરોત્તર સંબંધો વિકસતા તેઓ 'ઝોરાસ્ટ્રીયન કલબ'ના એક આધારસ્થંભ બની તેના ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપ્યો. 'ઝોરાસ્ટ્રીયન કલબ'ના અન્ય કલાકારોમાં ધનજીભાઈ વીમાદલાલનો ફાળો પણ અતી મહત્વનો છે. સ્વભાવે શાંત અને રમુજી દિમાગ ધરાવતાં આ કલાકાર 'ઝોરાસ્ટ્રીયન કલબ'નો હાસ્ય કલાકાર તરીકે ખૂબજ ખ્યાતી પામ્યો હતો. આ ઉપરાંત અન્ય કલાકારોમાં રતનશાહ જીવાજી દાવરનું નામ ઉલ્લેખનીય ગણાય. આ કલાકાર 'ઝોરાસ્ટ્રીયન કલબ'માં પાછલા બારણે દાખલ થયો હતો. દાદાભાઈ ચીકોન જેઓ કંપનીના એક આગેવાન અભિનેતા તેમજ માલીક હતાં તેમણે એક ફારસી 'ઝોરાસ્ટ્રીયન કલબ'ના ઉપક્રમે ભજવવાનું નક્કી કર્યું હતું. તેમાં જુદી જુદી નાતવાળાઓને સ્ટેજ પર રજૂ કરવાના હોવાને કારણે ત્રણ કલાકારતો કલબમાંથીજ મળી આવ્યા. ચોથા કલાકાર તરીકે રતનશાહ દાવરને સુંદર રીતે કચ્છી બોલી બોલતો જોઈ તેને 'ખોજા'નું પાત્ર આપી તેને પોતાની કલબમા દાખલ કરી દીધો. શંકરશેઠની નાટકશાળામાં 'ખોજા'ના પાત્રમાં રતનશાહ સૌ પ્રથમ સ્ટેજ પર રજૂ થયો, અને પોતાના ખંત અને દૃઢ મનોબળને કારણે પાછળથી તેની એક સારા કલાકાર તરીકે ગણતરી થવા લાગી હતી. કલાકાર તરીકે ઉત્તરોત્તર પ્રગતિ થતાં પાછળથી રતનશાહ 'ઝોરાસ્ટ્રીયન કલબ'માંથી નિકળી 'ઓરીજીનલ વિકટોરિયા'માં દાખલ થયો હોય તેવી સંભાવના છે.[૨૧] 'ઓરીજીનલ વિકટોરિયા'માં રતનશાહને 'લીડીંગ' પાત્રભજવવાનો ચાન્સ મળ્યો હતો.પરંતુ કોઈપણ કારણે રતનશાહ દાદી પટેલની 'ઓરીજીનલ વિકટોરિયામાં' પણ લાંબો સમય ટકી

શકયા ન હતા અને ત્યાંથી તેઓ 'આલ્ફ્રેડ કલબ'માં જોડાયા હતાં. સ્વરુપવાન અને મજબુત બાંધાના આ કોમેડીયન કલાકારના આગમનની સાથે કાવસજી ખટાઉએ તેમની કલબની સ્ત્રી-કલાકાર મીસ મેરી ફેનટનની સલામતી માટે વધુ સભાનતા લેવા માંડી હતી. વાત એટલે સુધી પહોંચી હતી કે મીસ મેરી ફેનટન સ્ટેજ પર જે કોઇ કલાકાર સાથે અભિનય કરે તેની પણ સજાગ નોંધ કાવસજી ખટાઉ રાખતા ! 'આલ્ફ્રેડ કલબ'માં સ્થિર થયેલો રતનશાહ દરેક નાટક તેમજ ઓપેરામાં મુખ્ય પાત્ર ભજવતો.'ઝોરાસ્ટ્રીયન કલબ' ના ઉપક્રમે ભજવાયેલ 'ખુશરો-શીરીન'નાટકમાં પારસી કલાકારો જે રીતે શ્રેષ્ઠ અભિનય રજૂ કર્યો હતો તેના કારણે તે નાટકની અનેક નાઇટો થઇ હતી. આ નાટકમાં શિરીનનું પાત્ર ભજવનાર ખુરશેદજી બહેરામજી હાથીરામ નામનો કલાકાર હતો જે મેડીકલનો વિદ્યાર્થી હતો. સ્ત્રી પાત્રની મૃદુતા, હાવભાવ ઉપરાંત સારો ગાયક કલાકાર ના હોવા છતાં પણ ગાયન ગાવાની તેની કળા જેના કારણે નાટકમાં તે સૌનું આકર્ષણ બની રહેતો. નાટકમાં ઉજ્જવળ કારકિર્દી હાંસલ કરનાર આ યુવાન કલાકારનુ અકાળે મૃત્યું થતાં તેની ખોટ કલબને થોડે ઘણે અંશે વર્તાઈ હતી.

'ઝોરાસ્ટ્રીયન કલબ'ના એક માલીક અને હાસ્યકલાકાર તરીકે પેસ્તનજી દાદાભાઇ પાવરીનો ફાળો મહત્વપૂર્ણ ગણાવી શકાય. 'ખુશરો-શિરીન'નાટકમાં ખુશરો પરવીઝનું પાત્ર ભજવી નાટકીય આલમમાં પોતાનું હાસ્યકલાકાર તરીકે સ્થાન નિશ્ચિત કર્યું હતું. પેશોતન પાવરી તરીકે ઓળખાયેલા આ કલાકારે હાસ્ય ભૂમિકાઓની સાથે ગંભીર ભૂમિકાઓ પણ સફળતાપુર્વક ભજવી હતી. મસ્ત સ્વભાવના આ કલાકારે એદલજી ખોરી રચિત 'ખોદાબક્ષ' નામના હાસ્ય પ્રધાન નાટકમાં હાસ્યકલાકારનું પાત્ર ભજવી ખૂબજ ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરી હતી.

## 'પટેટીની ફજેતી' ફારસ અને કરુણ બનાવ

'ઝોરાસ્ટ્રીયન કલબ'ના નિયમ પ્રમાણે દરેક નાટકના અંતે ફારસ ભજવવામાં આવતું જેના કારણે નાટક મંડળી તરીકેની તેની વિશિષ્ટતા તેણે સ્થાપીત કરી હતી. ફારસ રજૂ કરવાનો તેમનો હેતું સમાજમાં પ્રવર્તતી વિસંવાદિતો જ રજૂ કરી તેની સુધારણાનો હતો. કલબ દ્વારા'પટેટીની ફજેતી' નામનું એક ફારસ તૈયાર કરવામાં આવ્યુ હતું. જેમાં 'ઝોરાસ્ટ્રીયન કલબ'ના આગેવાન કલાકારો ધનજીભાઇ રાણા, ડોસાભાઇ બીલીયા, દાદાભાઇ પસ્તાકીયા, હોરમસજી હાથીરામ આદિ કલાકારોએ ભાગ ભજવ્યો હતો.

માનવ સહજ નબળાઈને કારણે કયારેય માનવી માનવીની પ્રગતિ સાખી શકયો નથી. માનવીના જીવનમા અવરોધો ઉભા કરવામાં માનવીનોજ ફાળો મહત્વનો છે. પારસી નાટક મંડળીઓમાં પણ આ બદી પ્રસરેલી જોવા મળે છે. સુવ્યવસ્થિત નાટક મંડળીઓના કલાકારો ભગાડી જવા, થિયેટર, અપ્રાપ્ય બને તેવી જોગવાઇ કરવી, થિયેટરમાં તોફાન કરી કલાકારોને વિક્ષેપ ઉભો કરવો આદિ અનેક રીતે મંડળીની પ્રતિષ્ઠાનો ભંગ કરવા વિરોધી મંડળીના બળો કામ કરતાં હતાં. 'પટેટીની ફજેતી' ફારસમાં ભંગ પાડવા અને 'ઝોરાસ્ટ્રીયન કલબ'ની કીર્તિને ઝાંખી પાડવા ભજવાતા ફારસમાં કોઇકે સ્ટેજ પર ચંપલ નાખ્યો. આ બનાવનું મહત્વ ઓછું ના ગણી શકાય, કારણ કે આ બનાવ પછી મડળીના ઉમંગ અને ઉત્સાહમાં ઓટ વર્તાઈ હતી. ધીમે ધીમે આગેવાન કલાકારો એક યા બીજા કારણે અલગ થતા ગયા. કેસાભાઇ બીલીયા ચીન તરફ વેપાર કરવા, ખુશરુ હાથીરામ અકાળે મૃત્યુ થતાં અને ધનજીભાઇ વીમાદલાલ તેમજ હોરમસજી હાથીરામ કોઇ કારણસર અલગ થતા 'ઝોરાસ્ટ્રીયન કલબ'ની કારકિર્દી ખૂબજ ઘટી ગઇ. આગેવાન કલાકારો જતાં રહેતા 'ઝોરાસ્ટ્રીયન કલબ'નું જોર ખૂબ ઓછું થઇ ગયુ પણ તેની સાથે સાથે નવાગંતુક કલાકારોએ મંડળીનો ફરી ઉત્કર્ષ સાધવાના સભાન પ્રયત્નો કર્યા હતા. જેના કારણે શેરીડનના 'પીઝારો'નાટકના આધારે એદલજી ખોરી રચિત 'જાલમ જોર' નાટક ઇ.સ.૧૮૭૬માં શંકરશેઠની નાટકશાળામાં ભજવી 'ઝોરાસ્ટ્રીયન કલબ'નું નામ ફરી ચમકાવવાના પ્રયાસ કર્યા હતાં.

'જાલમ જોર' નાટકમાં મજબુત બાંધો અને વિશાળ કદ ધરાવતાં કેસાભાઇ ફરીમજી કાંગાએ જાલમ જોરનું પાત્ર સફળતાપૂર્વક રજૂ કર્યુ હતું. ત્યારબાદ કેસાભાઇ કાંગા, દાદાભાઇ ઠુંઠીએ ઉભી કરેલી 'હિન્દી નાટક મંડળી' માં જોડાયા હતાં.[૨૨] આ નાટક મંડળીના ઉપક્રમે ભજવાયેલ 'ફરીદુન'ના જોહાકના સીપાહસાલાર'નું પાત્ર તેમણે સફળતાપૂર્વક ભજવ્યુ હતું. 'ફરીદુન'નાટક ભજવ્યા પછી તેઓ 'હિન્દી નાટક મંડળી' છોડી તેમના વતનમાં જઇ વસવાટ કર્યો હતો. 'જાલમ જોર'માં મહત્વનું પાત્ર ભજવનાર મેરવાનજી પેસ્તનજી મહેતા સૌ પ્રથમ 'નાટક ઉત્તેજક મંડળી' દ્વારા સ્ટેજ પર રજૂ થયો હતો. ત્યાંથી 'ઝોરાસ્ટ્રીયન કલબ'માં જોડાયેલો. આ કલાકાર ખૂબજ કમનસીબ કલાકાર હતો. નાટક-તખ્તા પર સુંદર અભિનય આપી તે ખૂબ ખૂબ સારું મિત્ર વર્તુળ ઉભુ કરી શકયો હતો અને 'વિકટોરિયા કલબ'માં તો તે ઓલ રાઉન્ડર કલાકાર ગણાતો હોવા છતાં તે જીવન જીવવામાં ખુબ કમનસીબ સાબીત થયો હતો. નાટકમાં સફળતા પ્રાપ્ત કરનાર આ કલાકાર જીવનના નાટકમાં બહુધા અસફળ રહયો '.ઇરાની નાટકોમાં આગેવાન ભાગ ભજવનાર અને સંસારી નાટકોમાં સ્ત્રી પાત્ર તરીકે રજૂ થનાર હોરમસજી બહેરામજી હાથીરામ પણ 'જાલમ જોર'નાટકનું મહત્વનું પાત્ર હતો. પણ આ કલાકાર લાંબો સમય સુધી તેની નાટકીય કારકિર્દી લંબાવી શકયો ન હતો.

## પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી

ઇરાની નાટક મંડળીના એક કલાકાર પેસ્તનજી ફરામજી વેલાતીએ ઇરાની મંડળીમાથી છૂટા થઇ 'પરશ્યન ઝોરાસ્ટ્રીયન મંડળી'ની સ્થાપના કરી હતી. આ નાટક મંડળીના ઉપક્રમે ઇ.સ.૧૮૭૧ માં શંકર શેઠના થિયેટરમાં દાદાભાઇ એદલજી પહોંચખાનાવાળા 'બંદેખુદા' રચિત 'બરજોર અને મહેરસીમીન'ઓઝાર' નામનુ નાટક ભજવાયું જે સફળતાપૂર્વક ભજવાયું હોવા છતાં પણ તેમાં પેસ્તનજી વેલાતીને નુકશાન સહન કરવું પડયું હતું. પરિણામે અભિનેતા તરીકે સફળ કીર્તિ પ્રાપ્ત કરી હોવા છતાંય પાછળથી તેમણે ઇરાની નાટકને બદલે ઉર્દૂ નાટક ભજવવાની શરુઆત કરી હતી. ઉર્દૂ નાટકનો રંગ હજુ રંગભૂમિ પર સંપૂર્ણ વર્તાતો ન હતો. વળી નાટકમાં સ્ત્રી પાત્ર ભજવવા માટે યોગ્ય કલાકાર મેળવવા તે સ્થિતિ પણ દુર્લભ હતી. આવી પરિસ્થિતિ હોવા છતા પેસ્તનજી વેલાતીએ ઉર્દૂ નાટક ભજવવાની હિંમત કરી અને સ્ત્રી પાત્ર ભજવવા માટે તેમણે પોતાના ભાઇ કાવસજી ફરામજી વેલાતી 'પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'માં દાખલ કર્યા હતા.

ઇરાની અને ઉર્દૂ નાટકોને સફળતાપૂર્વક ભજવવાનું માન પેસ્તનજી ફરામજી વેલાતીને જતું હોવા છતાં પણ તેઓ નાટક મંડળી ચલાવવામા સફળ થયા ન હતાં. તેમ છતાંય પેસ્તનજી નાહિંમત ના થતાં પોતાનામાં રહેલી લેખકની શકિતને કારણે તેઓ રંગભૂમિ સાથે સંલગ્ન રહી શકયા હતા પરંતુ શ્રી ધનજીભાઇ એક સંભાવના રજૂ કરે છે તે પ્રમાણે તેમના અભિમાની સ્વભાવને કારણે તેમના નાટકો નિષ્ફળ નિવડયાં હોય તે બનવાજોગ છે.[૨૩] ઉર્દૂ અને ઇરાની નાટકો ભજવવામાં તેમજ નાટયકાર તરીકે યોગ્ય શક્તિનો હોવા છતાંય તેમના નાટકોને મળેલી નિષ્ફળતા જોતાં તેમના નદ્વારા સ્થપાયેલી 'પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' વધુ આયુષ્ય ભોગવી ના શકી. આ નાટક મંડળી બંધ થતાં તેમના ભાઇ કાવસજી ફરાંમજી મહેતા જેઓ એક સારા સ્ત્રી કલાકાર હતાં તેઓ 'નાટક ઉત્તેજક મંડળી'માં સામેલ થઇ ત્યાં પોતાની સેવાઓ આપી હતી. પરંતુ પાછળથી તેમની તબીયત નાદુરસ્ત રહેતા તેઓ રંગભૂમિ છોડી ગયા હતાં. 'પરશીયન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી'ના ઉપક્રમે ભજવાયેલ 'બરજો અને મહેર સીમીન ઓઝાર' નામના નાટકમાં ઢોસાભાઇ ફરદુનજી મગોલ જેઓ પાછળથી 'વિકટોરિયા કલબ'ના કલાકાર-માલીક બન્યા હતાં. તેઓએ'એકદસ્ત' નામના હસબીની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જેના કારણે પાછળથી તેઓ 'ઠોસુ એકદસ્ત'ના નામે જાણીતા થયાં.

'પરશ્યન ઝોરાસ્ટ્રીયન કલબ' દ્વારા અભિનિત ઉર્દૂ અને ઈરાની નાટકો અભિનયની દ્રષ્ટિએ સફળતાપૂર્વક ભજવાયા હોવા છતાં પણ તે નિષ્ફળતાનેોવરતા તેનું આયુષ્ય વધુ લાંબુ ના ટકતાં અલ્પ આયુષ્ય ભોગવી તે બંધ પડી ગઇ હતી, અને પેસ્તનજી વેલાતી પછી સ્ટેજ છોડી અદ્રશ્ય થઇ ગયા હતાં જેની કોઇ યોગ્ય માહિતી ઉપલબ્ધ નથી.

## ઇટાલીઅન ઓપેરા કંપની

શંકરશેઠની નાટકશાળા જે 'ગ્રાન્ટ રોડ થિયેટર' તરીકે પ્રખ્યાત થયું ત્યારે ઇગ્લેન્ડના કેટલાય જાણીતા કલાકારો અને ગાયકો આવીને મુંબઇમાં પોતાની કલા દર્શાવી ગયા હતાં. તેમાં યુરોપીયન સીન્ડીકેટે ઇટાલીયન ગાયકોના મંડળને ઇગ્લેન્ડથી ખાસ બોલાવી તેમના કાર્યક્રમ શંકરશેઠની નાટકશાળામાં કર્યા હતાં. આ ઉપરાંત દેવ કારસન નામના કોમેડીયને ગ્રાન્ટરોડ થિયેટરમાં પોતાના પોગ્રામ આપી ખૂબજ કીર્તિ અને કલદાર પ્રાપ્ત કર્યા હતાં. મેડમ કારલોટા-ટાસ્કાની આગેવાની હેઠળ શ્રેષ્ઠ કલાકાર વૃન્દ લઇ એક કંપની આવી હતી જેમાં 'મીસ એલશ્ય મે' નામની અભીનેત્રીમાં ઉચ્ચ પ્રકારની અભિનયશકિત હતી. વળી તેમા શેકસપીરિઅન અભિનેતા ફેરકલવ પણ હતો જેણે મીસ એલશ્યના સહયોગથી શેકસપીરીયન નાટકો ગ્રાન્ટરોડનથિયેટરમાં સફળતાપૂવર્ક ભજવ્યા હતાં, જેમાં ઓથેલો, હેમલેટ, મેકબેથમાં એફીલીઆ, ડેસ્ડીમોના અને પોર્શિયાનું પાત્ર એલશ્યમેએ ખૂબજ સુંદર રીતે રજુ કર્યું હતું. અંતે જનરલ ટોમ ઠંબે આવીને ગ્રાન્ટરોડ થિયેટર ગજવી મૂકયું હતું. ટોમ-ઠંબ એ વહેતીઆઓનું નાનું કુટુંબ હતુ જેમાં સઘળા એકજ કુટુંબના વહેંચીઆ કલાકારો હતાં. તેઓ યુરીપની સફર કરી શાહી કુટુંબો પાસે પોતાના કાર્યક્રમ રજૂ કરી ભારત આવ્યા હતાં અને મુંબઇમાં ગ્રાન્ટરોડ થિયેટરમાં પોતાના કાર્યક્રમ ખૂબજ સફળ રીતે રજૂ કર્યો. તેઓના ગયા પછી ધીમે ધીમે ગ્રાન્ટરોડ થિયેટરની પડતી આવવા લાગી હતી.

## ઓરીએન્ટલ ડ્રામેટીક કલબ

'ઓરીએન્ટલ ડ્રામેટીક કલબ'ની સ્થાપના પારસી પંચના અધીપતી નસરવાનજી આપ અખત્યારે અને માણેકજી બારભાયાએ સાથે મળીને સ્થાપી હતી. માણેકજી બારભાયા એક સારા ગાયક હોવાને કારણે તેમણે 'રુસ્તમ સોહરાબ' નામનો ઓપેરા ભજવ્યો હતો. આ ઓપેરામાં રુસ્તમનું પાત્ર નસરવાનજી આપઅખત્યાર ભજવતા જયારે સોરાબ તરીકે માણેકજી બારભાયા સ્ટેજ પર રજૂ થયા હતાં.

## પરશ્યન કલબ

શ્રી શ્યાવક્ષા દારાશાહ શ્રોફ 'ફિરોઝઘર'ના મતાનુસાર 'પરશ્યન કલબ'ની સ્થાપના પટેલ ખાનદાનના કોઇ ગ્રહસ્થે સ્થાપી હતી. તેમાના કલાકારોમાં ચાર અને શરબતની દુકાન ધરાવનાર તેમજ બબરથી તરીકેનું કાર્ય કરનાર ઇરાની કાર્ય કરતા હતા. આ કલબના ઉપક્રમે ભજવાયેલ 'રુસ્તમ બરજોર' નામના કયાંની નાટકમાં કલાકારો સાચા ઘોડા પર બેસી આવતાં જેમાં ઘોડાઓ ભડકતા કલાકારો સ્ટેજ પર ઉથલી પડતાં અકસ્માત સર્જાયો હતો. આ નાટકમાં પાત્ર ભજવનાર કલાકાર પાત્ર ભજવતાં એટલા ઉશ્કેરાઇ જતાં કે પ્રેક્ષકો તેમની વચ્ચે ઉભયમાં યુધ્ધ થવાની સતત બીક રાખતા. પરંતુ તેવો કોઇ પ્રસંગ બન્યો ન હતો. માત્ર પાત્રની વાસ્તવિકતા ટકાવી રાખવા માટેજ તેમનામાં ઉશ્કેરાટનું તત્ત્વ પ્રાધાન્ય પામતું.

## પારસી સ્ટેજ પ્લેયર્સ

ઇ.સ.૧૮૭૦ ની આસપાસ કેખશરુ કાબરાજી જ્યારે 'ગાયન-ઉત્તેજક મંડળી'સ્થાપી પારસી યુવાનોને ગાયનકળા શિખવતા હતાં ત્યારે તે વખતના એક મહાન પત્રકાર, ગાયક અને લેખક શેઠ નસરવાનજી-દોરાબજી આપઅખત્યાર 'પારસી સ્ટેજ પ્લેયર્સ'નામે સંસ્થા ચલાવતા જેમાં 'ગાયન ઉત્તેજક મંડળી'ના વિરુધ્ધમાં કાર્યવાહી રંગભૂમિ પર રજૂ કરવામા આવતી. અન્ય નાટક મંડળીઓ જ્યારે આખાય નાટકો સ્ટેજ પર ભજવતી ત્યારે નસરવાનજીએ તેમના કાર્યને નાટયરુપ આપી નાના-હાસ્યપ્રધાન 'સ્કેચીસ' ગાયન સાથે રજૂ કરતાં જે પ્રજામાં લોકપ્રિય થઇ પડયાં.પરિણામે નસરવાનજીએ ગાયન ગાનારા છોકરાઓની જૂરુર પડી. તે દરમ્યાન 'ગાયન-ઉત્તેજક મંડળી' તાલીમ લઇ બહાર ગાયક તરીકે વિખ્યાત બનેલ માણેકજી બારભાયા પર આપઅખત્યારની નજર પડતા તેને પોતાની સંસ્થામા આવવાનું આમંત્રણ આપ્યુ જે તેણે સ્વીકાર્યુ અને તે 'પારસી સ્ટેજ પ્લેયર્સ'માં જોડાયો. તે વખતે પારસી કોમમાં નસરવાનજી આપઅખત્યારનું માન ઘણુ સારું હતું.પરિણામે જુની નાટકશાળામાં તેમના દ્વારા ભજવાતા નાટકોમાં મોટા ભાગના પારસી આગેવાનો જોવા અવશ્ય જતાં. આ પરિસ્થિતિમાં ફીરદૌસીના શાહનામાને આધારે રુસ્તમ અને સોહરાબના કીસ્સા પરથી તેનો ઓપેરા ભજવવાનુ નક્કી કર્યુ. જે કાળે ગાયક કલાકારો મળવા અતિ દુર્લભ હતાં તે સમયે આવા પ્રકારની જાહેર ખબરને કેખશરુ જેવાએ પણ હાસ્યાસ્પદ ગણી હતી. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે તે ઓપેરા સફળતાપૂર્વક રજૂ થયો અને તેમાં રુસ્તમનું પાત્ર માણેકજી બારભાયાએ અને સોહરાબનું

પાત્ર નસરવાનજી આપઅખત્યારે જાતે ભજવ્યું હતું. જૂની નાટકશાળામાં માણેકજી બારભાયાએ આ ઓપેરામાં રુસ્તમનું પાત્ર થોડા દિવસોજ ભજવ્યું પરંતુ ત્યારબાદ તેમના સ્થાને ઝોરાસ્ટ્રીયન નાટય કલબના આગેવાન અભિનેતા અને એક માલિક પેસ્તનજી દાદાભાઇ પાવરી રુસ્તમનું પાત્ર ભજવતા હતાં.

નસરવાનજી આપઅખત્યારે 'આપઅખતીયાર'નામનું માસિક કાઢેલું જેના કારણે તેમની અટક આપઅખત્યાર પડી હતી. તેમની મુળ અટક 'કીકા દાવર' હતી. જેમ કેખશરુ કાબરાજી એક મહાન સુધારક, ગાયક, પત્રકાર, લેખક અને અભિનેતા તરીકે વિખ્યાત થયા તેજ રીતે નસરવાનજી આપઅખત્યાર પણ એક પત્રકાર, ગાયક, લેખક અને સુધારક તરીકે સારી કીર્તિ સંપાદિત કરી શકયા હતા. બન્નેના મહાન વ્યકિતત્વ છતાંય બન્નેના પરસ્પર વિરોધી વલણ પરિણામે બન્નેની શકિતનો રંગભૂમિ પર જે સહયોગ થવો જોઇતો હતો તે થઇ શકયો નહીં. વાત આટલેથી ના અટકતાં કેખશરુ કાબરાજીએ આપઅખત્યાર સામે બદનક્ષીનો મુકદ્દમો ચલાવ્યો હતો જેણે મુંબઇના તત્કાલીન પારસી હિન્દુ સમાજમાં ખૂબજ ચકચાર મચાવી હતી. જે પાછળથી પારસી કોમના આગેવાન કેકોબાઇ ફરામજી કરાકા દ્વારા બન્ને વચ્ચે સમાધાન થયું અને આપઅખત્યારે કખશરુ કાબરાજીને માફીપત્ર તેમજ બે હજાર રુપીઆ નુકશાની બદલ આપ્યા હતાં. એક બીજાના કટ્ટર દુશ્મન કાબરાજી અને આપઅખત્યાર પાછળથી ઉભયના ખૂબજ સારા મિત્ર બન્યા હતાં. એટલે સુધી કે એક બીજાએ સાથે ખાણું પણ લીધું હતું અને આપઅખત્યારે કાબરાજીની ગાયનકલાના વખાણ પોતાના સાપ્તાહિકમાં હૃદયપૂર્વક કર્યા હતાં.

જયારે 'વિકટોરિયા નાટક મંડળી' કેખશરુ કાબરાજી રચિત 'બેજન-મનીજેહ' અને શાહનામાના દાસ્તાનવાળો એદલજી ખોરી રચિત 'રુસ્તમ સોહરાબ' ભજવતી ત્યારે તેની સામે એ બે ખેલોની હરિફાઇ કરવા આપઅખત્યારે 'રુસ્તમ અને સોહરાબ'નો ઓપેરા ભજવવાનું નક્કી કર્યું. 'વિકટોરિયા નાટક મંડળી' તરફથી પ્રથમ પંકિતના કલાકારો સ્ટેજ પર રજૂ થયા જયારે આપઅખત્યારના ઓપેરામાં ફકત બે પારસી જવાનો અને ત્રિજા કલાકાર તરીકે તેઓ પોતે રજુ થયા હતાં. રુસ્તમના પાત્ર તરીકે તેઓ પોતે, સોહરાબ તરીકે માણેકજી બારભાયા અને તહેમીનાનો ભાગ ભજવનાર કલાકાર જમસુ કાંદાવાલા હતા, જેની ઉંચાઇ ખૂબજ ઓછી હોવાથી છ-સાડા છ ફુટના રુસ્તમને માદરે વતન વળાવતી વખતે ખુરશી પર ઊભા રહી ગીત ગાવું પડતુ ! તેઓ એક સારા કલાકાર અને ગાયક, હોવા ઉપરાંત ચાલુ નાટકે સ્ટેજ પર તેમજ 'બેક સ્ટેજ'ની દરેક હીલચાલ પર ધ્યાન આપતા એટલુંજ નહી પણ પાત્ર ભજવતા ભજવતા તેઓ 'સ્ટેજ મેનેજર'ને ખૂબજ સીફતથી યોગ્ય સુચના પણ આપી દેતા. શિસ્તની બાબતમા તેઓ ખૂબજ સખતાઇ પૂર્વક કામ લેતા જેનું પાછળથી ઘણી આગેવાન કલબોના માલીકોએ અનુસરણ કરેલુ. તેઓ ખૂબજ સભાન રીતે માનતા કે દિગ્દર્શક થવા માટે

એક સારા ગાયક અને અભિનેતા થવું ખુબજ જરુરી છે. તેની સાથે નાટયને લગતી બાબતોના જ્ઞાતા હોવું પણ અતિ અનિવાર્ય છે. મધુર અને બુલંદ અવાજ અને પ્રતિભાશાળી વ્યકિતત્વને કારણે તેમની મર્યાદાઓ ઢંકાઇ જતી. પરંતું રંગભૂમિના આ સપૂતનો પણ ઇ.સ.૧૮૭૮ માં તેતાળીસ વર્ષની જુવાન વયે ઝાંસી મુકામે સ્વર્ગવાસ થયો.

## પારસી બેરોનેટ કલબ

'ઝોરાસ્ટ્રીયન કલબ' આધાર સ્થંભ સમા નસરવાનજી બહેરામજી ફાર્બસ 'ઝોરાસ્ટ્રીયન કલબ'માંથી છૂટા પડયા બાદ તેમના મોટાભાઇ એદલજી ફાર્બસે નવી કંપનીની સ્થાપના કરી જે 'પારસી બેરોનેટ કલબ' તરીકે ઓળખાઇ. આ કલબનું સુકાન નસરવાનજીએ પોતાનાજ હાથમાં રાખ્યુ હતું જેથી તેમણે દિગ્દર્શક તરીકે તે વખતના એલફીનસ્ટન સ્કુલના શિક્ષક પેસ્તનજી કાવસજી સંજાણાને નિયુકત કર્યા. આ નાટક મંડળીનું આયુષ્ય ખૂબ લાંબુ નિવડયું ન હતું. તેના ઉપક્રમે 'બરજો અને મહેરસીમનોઝાર' નામનો ઇરાની ખેલ કર્યો હતો જે ઘણા શનીવાર શંકરશેઠની નાટકશાળામાં ભજવાયો હતો. દરેક રાત્રે આ 'બેરોનેટ કલબ'પોતાનું નાટક શરુ કરે તે પહેલા નસરવાનજી ફારબસ જમશેદજીનું પ્રશસ્તિ ગીત ગાતા જેમની બંધાવેલી હોસ્પીટલનો ડ્રોપસીન તે કલબમાં વપરાતો. અને ઉપરોકત ગીત ગવાયા પછીજ નાટક ભજવવામાં આવતું. નાટક પછી પારસી બેરોનેટ કલબના ઉપક્રમે કોઇ અન્ય નાટક ભજવાયું હોય તે જાણ્યામાં નથી. ઇ.સ.૧૮૬૬માં 'ઝોરાસ્ટ્રીયન કલબ' ફરીથી નાટક ભજવવા માટે સક્રીય થઇ ત્યારે તેનું યોગ્ય સંચાલન કરવા માટેના આધારસ્થંભોમાં નસરવાનજી ફારબસ મુખ્ય હતાં. તેઓ સ્વભાવે શાંત અને ગંભીર વિચારના હતાં. તેમણે અંગ્રેજી ભાષાની ઉચ્ચ પ્રકારની કેળવણી પ્રાપ્ત કરી હતી. આના કારણેજ તેઓએ સર દીનશાહ પીટીટના સેક્રેટરી તરીકે લાંબો સમય સેવા આપી હતી.

નાટયક્ષેત્રની તેમની કારકિર્દી દરમ્યાન તેઓ 'જેન્ટલમેન એમેચ્યઅર્સ કલબ', 'ઝોરાસ્ટ્રીયન થિયેટ્રિકલ કલબ', અને 'પારસી બેરોનેટ કલબ' સાથે સંકળાયેલા હતાં. 'ખુશરો શીરોન' નાટક પછી તેમણે 'ઝોરાસ્ટ્રીયન થિયેટ્રિકલ કલબ' સાથેનો સંબંધ છોડી દીધો હોય તેવી સંભાવના છે. કારણ કે ત્યાર પછી 'ઝોરાસ્ટ્રીયન'ના કોઇપણ નાટકમાં તેઓ જોવા મળ્યા નથી. ત્યારબાદ તેઓ તેમના ભાઇએ સ્થાપેલી 'પારસી બેરોનેટ કલબ'માં જોડાયા પણ તેનુ આયુષ્ય લાંબુ ના નિવડતાં તે બંધ પડી અને તે પછી નસરવાનજી ફારબસની નાટકીય કારકિર્દી બંધ થઇ ગઇ.

## શેક્સપિયર નાટક મંડળી

જ્યારે રંગભૂમિ પર ઈરાની નાટકોની પરંપરા સર્જા હતી, તેની ભજવણી માટે સારી એવી હવા પેદા કરી હતી ત્યારે એકની એક વાતોને ઈરાની તવારિખના ભિન્ન ભિન્ન ઐતિહાસિક પ્રસંગો અને કથાઓને રંગભૂમિ પર રજૂ થવાને કારણે ઉભી થયેલી એકતાનતાના કારણે કેટલાક શિક્ષિત યુવાનોએ નક્કી કર્યું કે શેક્સપીયરના નાટકોને અનુવાદિત કરી ભજવવા માટે નાટક મંડળીની સ્થાપના કરવી. આમ ઉત્સાહી યુવાનો ભેગા એક નાટ્યક્લબની સ્થાપના કરી જે 'શેક્સપીયર નાટક મંડળી' ના નામે ઓળખાઈ. નાટક મંડળીની સ્થાપના પછી તેમની સમક્ષ નાટ્યકાર મેળવવાની જરુરિયાત ઉભી થઇ. એદલજી ખોરી અને કેખશરુ કાબરાજી તે વખતે નાટ્યકાર તરીકે જાણીતા હતા પરંતુ તેઓ 'ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી' અને 'વિક્ટોરિયા નાટક મંડળી'માટે કાર્ય કરનાર હતાં. વળી 'શેક્સ્પીયર નાટક મંડળી' ગુજરાતી નાટક જરુર હોવાથી તેમને તે વખતના લેખક તરીકે પ્રસિધ્ધ હતાં, પરિણામે 'શેક્સ્પીયર ક્લબ'ના સ્થાપકોએ તેમને શેક્સ્પીયરનું નાટક ક્લબ માટે તૈયાર કરવાનું જણાવ્યું. કોસાભાઈ રાંદેલીઆએ શેક્સ્પીયરનું 'રોમીયો-જુલિયટ'નાટક 'શેક્સ્પીયર ક્લબ'ને ભજવવા આપ્યું. 'શેક્સ્પીયર ક્લબ'ના માલીક મંચેરશા નવરોજી મહેતા જે ખૂબ ઉત્સાહી પારસી હતાં તેમણે સારા અને શિક્ષિત કલાકારોનો અપેક્ષિત સહકાર પ્રાપ્ત કર્યો હોવાના કારણે જે કાંઇ મુડી હતી તે બધી ડ્રેસ-ડાન્સ અને સ્ટેજ સજાવટ પાછળ ખૂબ ખર્ચો કર્યો. વળી મંચેરશા મહેતા પોતાને બીજા કરતાં સૌથી સારા કલાકાર અને ડાયરેક્ટર સમજતા હતાં. વળી રોમીયો-જુલિયટ' નાટકમાં જાણીતા ડાયરેક્ટર હીરજી ખંભાતા અને રોમીયોનું પાત્ર ભજવનાર કલાકાર હોરમસજી જમશેદજી આંટીયા જેવા અંગ્રેજી કેળવણી પામેલા કલાકારો હતાં. જેઓએ નાટકના પાત્રોને યોગ્ય ન્યાય આપ્યો હોવાથી તે ખૂબ સફળ રીતે સ્ટેજ પર રજૂ થયું હતું.

હોરમસજી મંચેરજી આંટીયા એક સારા એમેચ્યુઅર કલાકાર હોવા ઉપરાંત તેમણે નોકરીમાં ખૂબજ ઉચ્ચ હોદ્દાઓ શોભાવ્યા હતાં. વળી તેઓ શેક્સ્પીયરના સાહિત્યના અભ્યાસી હોવાને કારણે તેમણે 'રોમીયોજુલિયેટ' નાટકમાં રોમીયોનું પાત્ર ભજવવાની તક લઇ લીધી હતી. 'શેક્સ્પીયર નાટક મંડળી' કલાકારોના સહકારથી ઊભી થઇ હતી જે ઇ.સ.૧૮૭૭-૭૮ મા નાટકીય ક્ષેત્રે લુપ્ત થઇ ગઇ. હોરમસજી આંટીયાએ પાછળથી 'રોમીયો'નું પાત્ર ભજવવાની ના પાડી અને તેના આગેવાન કલાકારો જેઓ નોકરી કરતાં હોવા છતાં પણ નાટક કરવાનો શોખ કેળવેલો હોવાને કારણે ભેગા થઇ એક નવી નાટક મંડળી સ્થાપવાનો નિર્ણય કર્યો અને તેઓએ એક નાટક મંડળીની સ્થાપના કરી જે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'ના નામે ઓળખાઈ

## ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી

શેકસ્પીયર નાટક મંડળી બંધ પડતા તેના આગેવાન કલાકારોએ એક નવી નાટક મંડળી ચાલુ કરવાનો વિચાર કર્યો. આ કલાકારો નોકરીકરતા હોવા છતાં પણ રંગભૂમિ પ્રત્યેની નિષ્ઠાને કારણે તેમણે નવી નાટક મંડળીની સ્થાપના કરી જે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'ના નામે ઓળખાઇ. આ નાટક મંડળીના ઉપક્રમે સૌ પ્રથમ 'રુસ્તમ અને સોહરાબ'નો ઓપેરા ભજવાનું નક્કી થયું ત્યારે તેના નીચે મુજબના પાંચ ભાગીદારો હતા, જેમાં પેસ્તનજી દીનશાહ ડાંગા મુખ્ય હતાં :

(૧) પેસ્તનજી દીનશાહ ડાંગા

(૨) બેરામજી પેસ્તનજી કલેકટર

(૩) બેરામજી ન. કાત્રક

(૪) ફરામજી હોરમસજી લાલકાકા

(૫) રુસ્તમજી હોરમજી બામજી.

ઉપરોકત ભાગીદારો તેમજ કલાકારોએ 'પારસી નાટક તખ્તાની તવારિખમા લેખક ધનજીભાઇ પટેલ રચિત 'રુસ્તમ અને સોહરાબ'નો ઓપેરા ભજવ્યો હતો. આ ઓપેરામાં બેરામજી કલેકટરે ગુરગીનનો, બેરામજી કાત્રકે પહેલવાન હજીરનો, પેસ્તનજી ડાંગાએ કયેકાઉસનો અને રુસ્તમજી બામજીએ પહેલવાન હોમાનનો પાર્ટ ખૂબજ સુંદર રીતે અદા કર્યો હતો. આ ઓપેરાના અંતે 'ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી' 'રતાઇ મદમ' નામનું ફારસ ભજવતી. આ ફારસની ભજવણીમાં રુસ્તમજી બામજી એક મોબેદનું પાત્ર ભજવતા હતા. લોકમાનસ ફારસ જોવાંમાં વધુ ઉમંગ બતાવતું હોવાથી ઓપેરાની ભજવણીની સાથે સાથે 'રતી મદમ'ના ફારસે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'ની સફળતામાં મહત્વનો ભાગ ભજવ્યો. 'રુસ્તમ અને સોહરાબ'ઓપેરા ભજવવા માટે સૌ પ્રથમ નાટકશાળાનો પ્રશ્ન ખૂબજ જટિલ બન્યો કારણ કે 'વિકટોરિયા નાટકશાળામાં''વિકટોરિયા નાટક મંડળી'તેના નાટકો ભજવતી જયારે શંકરશેઠની નાટકશાળામાં કુંવરજી નાઝર પોતાના નાટકો ભજવતા હતાં. આ પરિસ્થિતિમાં નાટક ઉત્તેજક મંડળીના ભાગીદારોએ પોતાના નાટક ભજવવા માટે કાફર્ડ માર્કીટ સામે પોતાનું લાકડાનું થિયેટર ઊભું કર્યું હતું. આ થિયેટર એસ્પ્લેનેડ થિયેટર તરીકે ઓળખાતુ. જેમા 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'એ મંગળ અને શુક્રવારે પોતાનો ઓપેરા ભજવવાની શરૂઆત કરી હતી.

'રુસ્તમ અને સોહરાબ'ના ગીતોથી આકર્ષિત થઇ ફ્રામજી કાવસજી મહેતાએ બધા ગીતોની એક ચોપડી છપાવી તેના રચયિતા શ્રી ધનજીભાઇ ન.પટેલને અર્પણ કરી હતી. આ ચોપડી તેમણે છાપાઓમાં રીવ્યુ માટે મોકલી આપી હતી. બેરામજી મલબારી તે ગીતો વાંચી ઓપેરા જોયા બાદ તેની ભારોભાર પ્રશંસા પોતાના અઠવાડીક પત્ર 'ઇન્ડીયન સ્પેકટેટર'માં કરી હતી જે વાંચી શ્રી કેખશરુ કાબરાજી પણ આ ઓપેરા જોવા ગયા હતાં. શ્રી કેખશરુ કાબરાજી અને બહેરામજી મલબારી ભાગ્યેજ કોઇ નાટક જોવા જતાં. તેમની હાજરી પણ કલાકારોને-ગાયકોને ખૂબજ સભાન બનાવી હતી. પારસી તખ્તાના વિખ્યાત દિગ્દર્શક દાદાભાઇ ઠુંઠી સ્વ.કાબરાજીનું પોતાના ગુરુ જેટલું સન્માન કરતાં.

તત્કાલીન નાટકીય સૃષ્ટિમાં ફ્રામજી ગુસ્તાદજી દલાલ પણ એનેક સ્વરુપવાળી પ્રતિભામાં ગણાતા. ઘણી બધી નાટકીય ચળવળો તેમણે કરી હતી. સ્વ.કાબરાજીનો 'રુસ્તમ અને સોહરાબ' વિષેનો પ્રશંસનીય રીવ્યું તેમણે 'રાસ્ત ગોફતાર'માં વાચ્યો અને ત્યારબાદ ફ્રામજી ગુસ્તાદજી દલાલે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'ના સંચાલકોને થિયેટર આપવાનું બંધ કર્યું હતું. શુક્રવારે 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'નાટક ભજવતી હોવાને કારણે શનીવારે નાટક ઉત્તેજક મંડળી' દ્વારા ભજવાતા નાટકને હાઉસફુલ મળતાં ન હોવાને કારણે તેમણે થિયેટર આપવાનું બંધ કર્યું હતું. થિયેટર પ્રાપ્ત ન થતાં કલાકારોનો ઉમંગ તૂટી ગયો. 'રુસ્તમ અને સોહરાબ' પછી 'બેજન અને મનીજેહ'નો ઓપેરા ભજવવાની સંપૂર્ણ તૈયારી હોવા છતા થિયેટરનો પ્રશ્ન ઉપસ્થિત થતાં તેમની પાસે કોઇ માર્ગ ન રહયો. ગ્રાન્ટરોડના થિયેટરમાં ઇરાની નાટક ચાલવાની કોઇ શકયતા ન હતી કારણ કે ત્યાં ઇરાની નાટક નિષ્ફળ ગયા હોવાને કારણેજ ઉર્દૂ નાટક ભજવવાની શરુઆત થઇ હતી. પરિણામે પારસી નાટક-તખ્તાના ઉત્કર્ષમાં મર્યાદિત થિયેટરની સંખ્યાના કારણે તેની વિકાસોન્મુખ સ્થિતિમા વિક્ષેપ ઉભા થતા ઘણી નાટયમંડળીઓ અકાળે બંધ પડી ગઇ. વિવિધ નાટક મંડળીના માલીકોએ આ પ્રશ્નને ગંભીર લેખી થિયેટરનું મહત્વ સમજી જો તે માંગ પૂર્ણ કરવા પ્રયત્ન કર્યો હોત તો કદાચ આજે રંગભૂમિનું કોઇ અન્ય ચિત્ર આપણી સમક્ષ ઉભું થયુ હોત તે નિઃશંક છે. 'ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી'પણ યથા સમયે થિયેટર પ્રાપ્ત કરી શકવા માટે કમનશીબ સાબીત થઇ. કલાકારોનો ઉત્સાહ અને ઉમંગ તૂટી જતાં તે વિખરાઇ ગયાં. આમ એક સક્રિય રીતે કાર્ય કરવાની શકિત ધરાવતી અને જેનું ભાવી ઉજ્જવળ હોવાની નિશાની શરુઆતથી પ્રાપ્ત થઇ હતી તેવી નાટકમંડળી થિયેટર ન મળતા અકાળે બંધ થઇ ગઇ.

## કોરંથિયન નાટક મંડળી - કલકત્તા

માદન થિયેટર્સના નેતૃત્વ હેઠળ ઘણી નાટકમંડળીઓ સંચાલિત થતી હતી જેના નેતા હતા જમશેદજી માદન. આ માદન થિયેટર્સ કુંવરજી નાઝરની એલફીન્સ્ટન નાટક મંડળી ખરીદી લીધી હતી. આ નાટક મંડળીમાં બેગમ શરીફાના નામે પ્રખ્યાત અભિનેત્રી હતી. તેના પર મુગ્ધ થઇને ચરખારી મહારાજાએ ત્રણ લાખ રુપિયા માદન થિયેટર્સને આપી આ મંડળી ખરીદી લઇ તેનું નવું નામ આપ્યું 'કોરંથિયન નાટક મંડળી' $_{૨૪}$ આ નાટકમંડળીના મહત્વના નાટયકાર હતા આગા 'હશ્ર'કાશ્મીરી, હરિકૃષ્ણ જૌહર, તુલસીદત્ત 'શૈદા' કહેવાય છે કે કોરંથિયન નાટક મંડળીમાં ઘણી સ્ત્રી અભિનેત્રીઓ હતી જેમાં યુરોપીય મહિલાઓનો પણ સમાવેશ થયેલ જોવા મળે છે. મુનશી નસ્ત્ર 'પ્રેમીબાલક' મહિઉદ્દીન 'અઝમ'નું 'સતી કે આંસું' અને 'અનોખી સહાય', અર્સનું 'નવી સમાજ'નાટક-આ નાટક મંડળીના ઉપક્રમે ભજવાયું હતું. આ ઉપરાંત ઇ.સ.૧૯૩૮ માં 'કિસાન કી બેટી' નામનું નાટક પણ આજ નાટક મંડળીના ઉપક્રમે કલકત્તામાં ભજવાયું હતું. આ નાટકના મુખ્ય અભિનેતામાં સોહરાબજી કેળાંવાલા, પ્રેમલતા, મુબારક આદિ કલાકારો હતાં જયારે બ્રિજલાલ શર્મા તેના સંગીત નિર્દેશક હતા. મહારાજાનો સાથ હોવાને કારણે આ નાટકમંડળીને કયારેય આર્થિક ભીંસ સહન કરવી પડી ન હતી. પરિણામે તેનું સંચાલન વ્યવસ્થિત રીતે ચાલતું હતું.

## કોરોનેશન નાટક કંપની

ડો.પવનકુમાર મિશ્ર તેમના 'પારસી રંગમંચ ઉસકે નાટક ઔર નાટકકારો કા આલોચનાત્મક અધ્યયન' નામના પુસ્તકમાં જણાવે છે તેમ 'કોરોનેશન નાટક મંડળી'ની સ્થાપના પંજાબમા થઇ હતી. આ નાટક મંડળીના મુખ્ય અભિનેતા હતા મુનશી અંજુમ હયાત અને માસ્ટર પેશાવરી. આ નાટક મંડળી મહેબુબની કોરોનેશન નાટક કંપનીના નામે વિખ્યાત હતી. મહેબુબ સ્વયં એમ સારો અભિનેતા અને નૃત્યકાર હતો. આ નાટક મંડળીના ઉપક્રમે ભજવાયેલ નાટકોમાં વિનાયક પ્રસાદ 'તાલિબ કૃત 'કનકતારા' અને ઇ.સ.૧૯૦૮માં પેશાવરમાં ભજવાયેલ 'નાહદે ઇરદાની' નાટક ખૂબજ વિખ્યાત નાટકો હતાં. પેશાવરની મુસાફરી દરમ્યાન તેણે ઘણા નાટકો ભજવ્યાં. ઇ.સ.૧૯૦૦ ની આસપાસ બરેલીમાં ઔલાદઅલી દ્વારા સ્થાયેલી 'જુબલી'નાટક મંડળી જેવા નાટક મહેબુબની નાટક મંડળીમાં થતાં. આ નાટક મંડળીની વિશિષ્ટતા નોંધતા હિન્દી રંગમંચના મહાન નાટયકાર રાધેશ્યામ

કથાવશ્યક લખે છે તે પ્રમાણે 'જુબલી' નાટક મંડળી કરતા આ નાટક મંડળીના પોષાક શ્રેષ્ઠ પ્રકારના હતાં.૨૫

ધી પારસી કોરોનેશન થિયેટ્રિકલ કંપની-કલકત્તા

આ નાટક મંડળીની સ્થાપના ઇ.સ.૧૯૩૭ માં કલકત્તામાં થઇ હતી. તેના સંચાલક તરીકે પેસી કરાની, દિગ્દર્શક તરીકે માસ્ટર માણિકલાલ, સંગીતકારના રુપે ઉસ્તાદ ઝંડે ખાં અને પેંટર તરીકે દિનશા ઇરાની હતા.૨૬ પં.નારાયણપ્રસાદ 'બેતાબ'નું 'હમારી ભૂલ' નામનું નાટક આ કંપનીના ઉપક્રમે કલકત્તામાં ભજવાયું હતું. હિન્દુ સમાજને તાદ્રશ રીતે રજૂ કરતાં આ નાટકમાં હિન્દુ સમાજની મર્યાદાઓનું નિરુપણ કરવામાં આવ્યું હતું. આ નાટક મંડળીનું આયુષ્ય બહું અલ્પ સાબિત થયું અને એક વર્ષ પછી તે બંધ પડી ગઇ.

પારસી નાટક મંડળી

'વિકટોરિયા નાટક મંડળી'માંથી પ્રથમ ફરામજી અપ્પુ છૂટા પડયા અને ત્યારબાદ દાદાભાઇ ઠુંઠી પણ રાજીખુશીથી વિકટોરિયામાંથી છૂટા પડયાં, પરિણામે વિકટોરિયા કલબ ત્રણ માલિકોની સત્તા હેઠળ રહી. વિકટોરિયાના આ તણે માલીકોએ લંડનની મુસાફરીની તૈયારી કરવાની શરુઆત કરી, અને તે મુસાફરીએ ઉપડાયા. વિકટોરિયાના આ પ્રયાસ દરમ્યાન દાદાભાઇ ઠુંઠી મુંબઇમાં એકલા રહી ગયા. એકલા રહી ગયેલા દાદાભાઇ ઠુંઠીનો કલાકાર આત્મા શાંત બેસી શકયો નહી. તેમણે પારસી અને મરાઠી નાટક મંડળીઓ દ્વારા ભજવાતા નાટકો જોવાનું શરુ કર્યુ અને વિભિન્ન નાટયમંડળીઓમાંથી તેમને યોગ્ય કલાકારો પસંદ કરી તેમને સારા પગારની આશા આપી મુંબઇમાં એક નવી 'પારસી નાટક મંડળી' શરુ કરી જે 'મુંબઇ નાટક મંડળી' તરીકે ઓળખાઇ. 'વિકટોરિયા નાટક મંડળી'છોડયા બાદ પોતાના સ્વસંચાલન હેઠળ શરુ કરેલી 'મુંબઇ નાટક મંડળી'માં દાદી ઠુંઠી મરાઠા કુંપનીમાં કામ કરતાં ઉર્દૂ નાટકની એવી સુંદર તાલીમ આપી જેના પરિણામે તે કલાકારોએ પાછળથી ઉર્દૂ નાટક તખ્તાને એક નૂતન રુપ પ્રદાન કર્યૂં. હામાન, બકાવલી, ચતરા વગેરે સંગીત નાટકોને પણ ખૂબજ સફળતાપુર્વક ભજવી સંગીત નાટયમાં પણ પ્રાણ પૂરવાનો પ્રયત્ન કર્યો હતો. આ બન્ને કલાકારોને લીધે "મુંબઇ નાટક મંડળી'ના નાટકો સફળતાને વર્યા અને આર્થિક રીતે પણ કલાકારોને યોગ્ય મૂલ્ય મળી રહેવા લાગ્યું. અન્ય કલાકારમાં

નવલુ મજગામવાળો નવરોજી દોરાબજી દીતીયા નામના એક પારસી કલાકાર હતા.જેઓએ બાળપણથી નાટકનો શોખ કેળવ્યો હોવાને કારણે સૌ પ્રથમ 'નાટક ઉત્તેજક મંડળી' અન્ય પારસી નાટયમંડળીમાં નાના મોટા પાત્ર ભજવ્યા હતા. નકલ કરવાની તેમની શકિત એટલી સૂક્ષ્મ હતી કે દાદી પઠ્ઠુઠીની તેમની અદભુત અનુકરણ શકિતને કારણે નાટકીય ક્ષેત્રે તેઓ 'છોટા દાદી ઠાઇસ્ટ'તરીકે ઓળખાતા.' નાટક ઉત્તેજક મંડળી'મા ગૌણ પાત્ર ભજવતાં ભજવતા મુખ્ય કલાકાર તરીકે ખ્યાતિ પામેલા દોરાબજી બજા પણ 'મુંબઇ નાટક મંડળી'નો એક મહત્વનો કલાકાર હતો. નાટક ઉત્તેજક મંડળી દરમ્યાન દોરાબજી બજા, નવલુ મજગામવાલો 'નવલુ દીતીયો'ના સંપર્કમાં આવ્યો હતો અને બન્ને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઇ હતી. પરિણામે 'મુંબઇ નાટક મંડળી'મા દાદાભાઇ ઠુંઠીએ નવલુને રાખ્યો ત્યારે તેણે પોતાના ઘનીષ્ટ મીત્ર દોરાબજી બજા ભલામણ કરી અને અંતે બન્ને મિત્રો 'મુંબઇ નાટક મંડળી'માં જોડાયા.

'મુંબઇ નાટક મંડળી'માં જોડાયા બાદ દોરાબજી બજા એક મુખ્ય કલાકાર ગણાયો હતો. તે સારો કલાકાર હોવા છતાં સ્ટેજ પર કયારેય ગાયું ન હતું ; પરંતુ દાદાભાઇ ઠુંઠીએ તેમને 'બકાવલી' નાટકમા 'અફસોસ આંખોસે દેખાઇ નહી દેતા''[२७] નામનું ગીત ગવડાવ્યું જે ગાયા બાદ એક ગાયક-કલાકાર તરીકે તેની ગણના થવા લાગી. દાદાભાઇ ઠુંઠી નવલું મજગામવાળો અને દોરાબજી બજા જેવા, કલાકાર-દોસ્તોને કારણે 'મુંબઇ નાટક મંડળી' ના નાટકો ખૂબજ સફળતાપૂર્વક ભજવાવા લાગ્યા. દોરાબજી બજાનો કદાવર અને મોહક ચહેરો હોવાને કારણે તેને યોગ્ય પાત્ર, મળતાં તેમનો કલાકાર તરીકે ખૂબજ ઉત્કર્ષ થયો. કલાકાર તેમજ ભાગીદાર તરીકે દાદાભાઇએ આ બન્ને કલાકારને પોતાની કલબમાં રાખેલા હોવાથી પગાર ઉપરાંત સારી રકમ તે સર્વને ફાળે આવતી. પારસી નાટક મંડળીઓની પડતી અને સર્વનાશ થવાના કારણોમાં મુખ્યત્વે એક બળે ખૂબજ અસર કરી અને તે કલાકારો-ભાગીદારો વચ્ચે વૈમનસ્ય જેના પરિણામે સારા કલાકાર કંપની છોડી દેતા, જે કલાકારો કંપનીના આધાર સ્થંભ જેવા ગણાતા તેવા કલાકારો જતા રહેતા કંપનીની સંગીનતા ખલાસ થઇ જતી. પરિણામે બાકી રહેલા કલાકારોનો ઉત્સાહ ઓસરી જતો. નાટકોની ભજવણી પરત્વે એક ઉદાસીનતા પ્રસરતી અને ધીમે ધીમે કંપની છિન્ન-વિચ્છિન્ન થઇ જતી. 'મુંબઇ નાટક મંડળી' પણ આજ કારણેને લીધે જેટલી ત્વરિત ગતિથી ઉત્કર્ષ પામી હતી તેટલીજ ત્વરાથી તે વિસર્જિત થઇ. જો કલાકારોમા સંપ અને એકસૂત્રતા જળવાઇ હોત તો આ કંપની તેની કારકિર્દી વધુ ઉજ્જવળ બનાવી શકી હોત. હામાન, ચતરા બકાવલી જેવો નાટકો

દાદાભાઇ ઠુંઠીએ ખૂબજ 'મહેનત કર્યા બાદ રંગભૂમિ પર રજૂ કર્યા હતાં. આ નાટકોનું સંગીત એટલુ પ્રખ્યાત બન્યું કે અન્ય કલબોએ તેનું અનુકરણ કર્યું. 'નાટક ઉત્તેજક મંડળી'ના નાટકો જેમ કેખશરુ કાબરાજીના માર્ગદર્શન હેઠળ એક વર્ષ સુધી રીહર્સલ કર્યા બાદ ભજવાતા હતાં તેવીજ રીતે દાદાભાઇ ઠુઠી તેમના ઉર્દૂ નાટકોનું રીહર્સલ એક વર્ષ સુધી થયા બાદજ તેને સ્ટેજ પર મૂકતા. સ્ટેજ પર રજૂ કર્યા બાદ આ નાટકો એક વર્ષ સુધી ભજવાતા આને પરિણામે કંપની તેમજ કલાકારો સારી એવી રકમ મેળવતાં.

'મુંબઇ નાટક મંડળી'મા જો વૈમનસ્ય નિષ્પન્ન ના થયું હોત તો આ કલાકારો દ્વારા ઉર્દૂ નાટક તેમજ રંગભૂમિને સારા નાટક મળ્યા હોત. દાદી પટેલ 'મુંબઇ નાટક મંડળી'થી છૂટા પડયા એને પરિણામે બાકીના કલાકારોને કંપની ચલાવવાની જવાબદારી આવી પડી. નવલું મજગામવાળો,'નવરોજી દીતીયો' દોરાબજી બજાં દીનશા અપુ અને ફરામજી અપુએ કંપનીને નવું નામ આપી ફરીથી નાટયકાર્ય શરુ કર્યું. આમ 'મુંબઇ નાટક મંડળી'નું નામ 'ધી પારસી નાટક મંડળી' રાખવામા આવ્યું. ઈ.સ.૧૮૫૩ માં ફ્લુઘુસે સ્થાપેલી 'પારસી નાટક મંડળી' અને મુંબઇ નાટક મંડળી'ને બદલે 'ધી પારસી નાટક મંડળી' સ્થાપાવામાં આવી તે બન્નેના માલિકો જુદા હતાં. 'ધી પારસી નાટક મંડળી'માં દીનશા અપુ એક ખૂબ ભલા અને સર્વ કલાકારોના માનીના ભાગીદાર હતાં. દરેક કલાકાર તેમનું માન રાખતા. આ નાટક મંડળીના મહત્વના કલાકારોમાં દાદાભાઇ મિસ્ત્રીએ ખૂબજ મહત્વની સેવાઓ આપી હતી. દાદાભાઇ મિસ્ત્રીએ તેમના નાટકીય જીવનની શરુઆત 'આલ્ફ્રેડ નાટક મંડળી'માંથી કરી હતી. આ નાટય મંડળીએ ભજવેલ 'જેહાબક્ષ'નાટકમાં ગુલરુખસારને લઇ હવામાં ઉડી જનાર દેવ તરીકે પાત્ર ભજવી ખૂબજ કીર્તિ હાંસલ કરી હતી. ત્યારબાદ પેસ્તનજી કાવસજી સંજાણા રચિત 'શાહ જાદા એરચ' નામના ઈરાની ખેલમાં શાહજાદા તુરનો ભાગ ભજવ્યો હતો. ત્યારબાદ ભિન્ન ભિન્ન કલબો દ્વારા નાટકો ભજવી દાદાભાઇ મીસ્ત્રી એક સારા કલાકાર તરીકેની નામના પામ્યા હતાં.'આલ્ફ્રેડ નાટક મંડળી' દ્વારા ભજવાયેલ 'જેહાંબક્ષ અને ગુલરુખસાર'નામના નાટકમાં દાદાભાઇ મીસ્ત્રીએ એક સ્ત્રીનું પાત્ર ભજવ્યુ હતું.

દાદાભાઇ મીસ્ત્રી એક સારા કલાકાર હોવા ઉપરાંત ગાયક તરીકે પણ તેમણે નામના પ્રાપ્ત કરી હતી. તેમના ગળામાં જે માધુર્ય હતું તેના કારણે ગાયન-શોખીન વર્ગમાં તેમનું ઉચ્ચ સ્થાન હતું. અભિનેતા અને ગાયક હોવા ઉપરાંત દાદાભાઇ એક સારા હાસ્ય કલાકાર હતા. ભિન્ન ભિન્ન કલબોમાં તેમણે કામ કરી પોતાની હાસ્યકળાને વિવિધ નાટકોમાં વિવિધ પાત્ર દ્વારા પ્રકટ કરી એક સારા હાસ્યકલાકાર તરીકેની નામના પામ્યા. આમ

દાદી પટેલ તેમની નાટકીય કારકિર્દી દરમ્યાન એક 'ઓલ-રાઉન્ડ એકટર' તરીકે પોતાની પ્રતિભા ઉપસાવી શકયા. દાદી મીસ્ત્રી કોઇપણ એક કલબમાં સ્થિર થઇને રહયો ન હતો. ગળાની મધુરતાને કારણે અનેક કલબોના માલિકો તેમની કદર કરતાં. નાટક અને રંગભૂમિના પૂર ઓસરવાની નિશાની વર્તી જઇને અને તેઓ 'ધી પારસી નાટક મંડળી'માં સ્થિર થયા. દાદાભાઇ મીસ્ત્રીએ ભજવેલા વિભિન્ન નાટકોના ભિન્ન ભિન્ન પાત્રોમાં તેમનો અભિનય'પારસી-રંગભૂમિ' માટે અવિસ્મરણીય બની રહેશે.

| નાટક | પાત્ર |
|---|---|
| જેહાંબક્ષ અને ગુલરુખસાર | ગુલરુખસારને લઇ ગૂમ થઇ જનાર દેવ |
| '' | એક જાદૂગર સ્ત્રી |
| ઇન્દ્રસભા | કાળાદેવ |
| અલાદ્દીન ઓપેરા | ગુલામ (હાસ્ય કલાકાર તરીકે) |
| પાછળથી અલાઉદ્દીન ઓપેરા | અબનેઝાર |
| દોરંગી દુનિયા (કોમેડી) | બાબક |

ઉપરોકત નાટકોમાં ભજવેલા પાત્રો ઉપરાંત તેમણે બીજા ઘણા નાટકોમાં અભિનેતા-ગાયક-હાસ્ય કલાકાર-સ્ત્રી પાત્ર ભજવી નાટયક્ષેત્રે ખૂબજ કીર્તિ પ્રાપ્ત કરી દાદાભાઇ મીસ્ત્રીના મરણથી પારસી રંગભૂમિને એક 'ઓલ રાઉન્ડર' સિતારો ખરી પડયો. અને શ્રી ધનજીભાઇ પટેલ લખે છે તે પ્રમાણે 'આજ સુધી દાદીના મરણ પછી દાદી જેવો મધુર ગાયક અને બાહોશ ખેલાડી પારસી સ્ટેજ ઉપર બીજો કોઇ રજુ થયો નથી.'' ૨૮

ભર વરસાદમાં પાયધોનીમાંથી મળી આવેલો સ્ત્રી કલાકાર તરીકે પોતાની કીર્તિ અમર કરી ગયો.પેસ્તનજી ફરામજી માદન જયારે વિકટોરિયા નાટક મંડળીને છોડી ગયા ત્યારે એદલજી દાદીભાઇ મીસ્ત્રી વિકટોરિયા નાટક મંડળીના એક આધાર સ્થંભ સમો બની ગયો.તે રંગભૂમિના ચાહકોમાં 'એદુ કોલેજર'ના નામે ઓળખાયો. તેણે સૌથી પહેલા વિકટોરિયા નાટક મંડળીમાં 'અલ્લાદ્દીન' ઓપેરામાં ચીનની શાહજાદીનું પાત્ર ખૂબજ સફળતાપૂર્વક ભજવી નાટકીય ક્ષેત્રે સ્ત્રી કલાકાર તરીકે કીર્તિ પ્રાપ્ત કરી હતી. તે ખૂબજ ભેજાનો ફાટેલો હોવાથી કોઇપણ નાટય મંડળીમા સ્થિર રહી શકતો નહી. ૨૯ પેસ્તનજી માદનના જતા રહેવાના કારણે ઉમરજી નાઝર જે નિરાશા ફેલાઇ હતી તે એદુ કોલેજરના આવવાથી દૂર થઇ હતી. તે વાતનો ઉલ્લેખ અહીંયા પુનઃ કરવો જરુરી ગણાય. સ્ત્રી પાત્રની ભજવણીમાં એદુ એટલો સુંદર રીતે અભિનય આપતો કે પારસી રંગભૂમિમાં ઉચ્ચ કક્ષાના સ્ત્રી પાત્ર ભજવનારા કલાકારોમાં એદુનું નામ

પાટિયા ઉપર ચડતું તે દિવસે થિયેટર હાઉસફુટ થઇ જતાં. ઝોરાસ્ટ્રીયન કલબને પારસી સંસારી નાટકો કરતી જોઇ એદુના મનમાં પારસી નાટક ભજવવાનું જોમ જાગૃત થયું. જેના પરિણામે તેણે 'ધી પારસી નાટકની મંડળી'ના સંચાલક ફરામજી અપુને ભારપૂર્વક કહ્યું કે જો પારસી સંસારી નાટક ભજવવામા આવે તો રંગભૂમિના ક્ષેત્રે અને આર્થિકક્ષેત્રે વધુ સફળતા પ્રાપ્ત કરી શકીશું. ફરામજી અપુની નામરજી છતાં એદુ એ કેખશરુ કાબરાજીની સ્ત્રી-બોધમાં છપાયેલી 'દુઃખીયારી બચુ'નામની વાર્તાનું નાટયમાં રુપાંતર કરી તેને 'પારસી નાટક મંડળી'ના ઉપક્રમે ભજવવા માટે અરજ કરી. પરિણામે ફરામજી અપુએ એક સારા કલાકારોનો બેચ લઇ ગેઇટી થિયેટરના તે નાટકને ભજવ્યુ. તેમાં દુઃખીયારી બચુનું પાત્ર ડોસાભાઇ હાથીરામે, તેના પતિનું પાત્ર ફરામજી અપુએ જયારે 'લુચ્ચો લવંગીઓનું પાત્ર એદુ કોલેજરે જાતે ભજવ્યું હતું. આ નાટકને એટલી સફળતા મળી કે ત્યારબાદ વિવિધ નાટયકલબો દ્વારા પારસી સંસારી નાટકો લખાવા લાગ્યા અને તે ભજવાવા લાગ્યા. આમ એદુ કોલેજરના 'દુઃખીયારી બચુ'નાટક પછી તે પ્રકારના નાટકનો જમાનો પારસી રંગભૂમિ પર શરુ થયો. પરિણામે પારસી સંસારી નાટકની પ્રણાલિકા શરુ કરનાર એક પ્રણેતા તરીકે એદુ કોલેજરનું નામ પારસી રંગભૂમિમાં અમર રહેશે. એદુ કોલેજર ઉપરાંત નસરવાનજી વીરજી નામે એક પ્રખ્યાત ગાયક-કલાકારે પણ ઉર્દુ નાટકોના સફળ પ્રયોગ કર્યા. કદાવર અને મજબૂત બાંધાનો હોવા ઉપરાંત ગાયક હોવાને કારણે તે નાટયક્ષેત્રે ખૂબ જાણીતો હતો. 'ધી પારસી નાટક મંડળી' પાસે આવા સારા અભિનેતાઓ હતાં જેના કારણે પારસી સંસારી તેમજ ઉર્દૂ નાટકની રંગભૂમિ પર બોલબાલા થઇ ગઇ.

'ધી પારસી નાટક મંડળી'ના સદભાગ્યે જેમ સારા કલાકારો મળ્યા હતાં તેમ સારા નાટયકારો પણ પ્રાપ્ત થયા હતાં. આમ કલાકારો-ગાયકો અને નાટયકારો ત્રણેયનો સંગમ થતાં કંપની નવી હોવા છતા આર્થિક રીતે સધ્ધર ન હોવા છતાં પણ નાટકો ભજવી કંઇક કમાણી કરતી થઇ. કંપનીના બે મહાન નાટયકારોમાં એક બમનજી નવરોજી કાબરાજી અને જહાંગીર પટેલ 'ગુલફામ' રચિત અનુક્રમે 'દોરંગી દુનિયા' અને 'ફાંકડો ફીતુરી' નામના નાટક પારસીઓ ઉપરાંત અન્ય લોકોમાં પણ ખૂબજ આવકાર્ય બન્યા હતાં. ઉર્દૂ અને પારસી સંસારી નાટકો ભજવી 'ધી પારસી નાટક મંડળી'એક સારી નાટક મંડળી તરીકેની 'ઇમેજ' ઉભી કરી હતી. પરંતુ કમભાગ્યે મંડળીના આધારસ્થંભ સમા ફરામજી અપુ અને દીનશાહ અપુનું અવસાન થતાં મંડળીની તમામ મિલકત, નાટકો આદિ કલકત્તાની જમશેદજી ફરામજી માદનની કુંપનીને વેચી દેવામા આવ્યા. અંતે મુંબઇની જાણીતી નાટક મંડળીના આધારસ્થંભો તૂટતાં તેને સંગીનરીતે ટકાવવાના પ્રયત્ન ન થતા તે સદાને માટે બંધ થઇ ગઇ.

## નાટક ઉત્તેજક મંડળી

'વિકટોરિયા નાટક મંડળી'ની માલિકીમાં ફેરફાર થતાં રંગભૂમિ પર એક નવીન ચળવળ ચાલી જેના પરિણામે રંગભૂમિ પર સ્ત્રી પાત્રોનું આગમન યાંત્રીક દૃશ્યોનો વધારો, ગીત-સંગીતનું વાતાવરણને.અનુસરીને થતું આયોજન આદિ તત્ત્વો વધ્યા. આ બધા તત્ત્વોએ રંગભૂમિ પર સારી-નરસી અસર કરી. સ્ત્રી પાત્રોના આગમનને પરિણામે વાતાવરણ કલુષિત બન્યું હતું. આ પરિસ્થિતિમાં રંગભૂમિનું સતત ચિંતન કરનાર કેખશરુ કાબરાજીએ ઉત્તમ કોટિના નાટકો ભજવી બતાવવા માટે એક નવી મંડળીની સ્થાપના કરી જે 'નાટક ઉત્તેજક મંડળી'ના નામે ઓળખાઇ. ઇ.સ.૧૮૭૪-૭૫ ના વર્ષ એ નાટક અને રંગભૂમિની ભરતીના વર્ષ ગણાવી-એ તો અતિશયોક્તિ ના ગણાય. તે વખતની નોંધપાત્ર ઘટનામાં ગુજરાતી પ્રેક્ષકો અને શુધ્ધ ગુજરાતી નાટકની રંગભૂમિ પર અછત વર્તાતી હતી. આ અછત દૂર કરવાનો પણ એક આશય 'નાટક ઉત્તેજક મંડળી'ની સ્થાપના પાછળ ગણાવી શકાય. એકંદરે રંગભૂમિ પર આવેલા નવીન જુવાળને અટકાવવા, રંગભૂમિને ઉત્તરોત્તર ઉત્ક્રાન્તિના માર્ગે લઇ જઇ, ઉત્તમ પ્રકારના નાટક ભજવવાના હેતુથી કાબરાજીએ 'નાટક ઉત્તેજક મંડળી'ની સ્થાપના કરી એમ કહી શકાય. કાબરાજીએ 'ગાયન ઉત્તેજક મંડળી' પરથી આ નવી કંપનીનું નામ 'નાટક ઉત્તેજક મંડળી' આપ્યું હતું.[30]

'નાટક ઉત્તેજક મંડળી'ના ઉપક્રમે કાબરાજીનું 'સૂડી વચ્ચે સોપારી'નાટક ભજવાયું. ગ્રાન્ટ રોડની નાટકશાળામાં ભજવાયેલ આ નાટક સંપૂર્ણપણે કોમેડી નાટક હતું જેને ભજવતાં પહેલા બે-ત્રણ માસ સુધી તેનુ રીહર્સલ કરવામા આવ્યું હતું. આ શ્રેષ્ઠ કોમેડી નાટકની કદર પ્રેક્ષકો કરી શકયા નહી અને નાટક ટિકીટ બારી પર નિષ્ફળ ગયું. 'સૂડી વચ્ચે સોપારી' નાટક નિષ્ફળ જતાં તેના માલિકો નિરાશ થઇ ગયા. આ પરિસ્થિતિમા કાબરાજીએ મંડળીની મિટિંગ બોલાવી જેમાં રણછોડભાઇ ઉદયરામ અને મનસુખરામ સૂર્યરામ જેવા ગુજરાતીના સાક્ષરો બિરાજતા હતાં. તેમના સૂચનોને અને રણછોડભાઇનું 'હરિશ્ચંદ્ર'નામનું નાટક ભજવવાનુ નક્કી કરવામાં આવ્યું. રણછોડભાઇના આ નાટકને કાબરાજીએ તેમની રજા મેળવી સ્ટેજને લાયક બનાવ્યું. નાટકની ભજવણી અંગેનો નિર્ણય થતાં કંપની સમક્ષ સૌથી મોટો જટીલ પ્રશ્ન ઉભો થયો થિયેટરનો. આવી વિકટ પરિસ્થિતિમાં કાબરાજીએ તેમની બુધ્ધિ અને લાગવગનો ઉપયોગ કરી ધોબીતળાવ પાસે આવેલા ફરામજી કાવસજી હોલમાં સ્ટેજ તૈયાર કરી ત્યાં એક વરસ સુધી નાટક ભજવવાની રજા મેળવી લીધી.

P/Th 3267

'હરિશ્ચંદ્ર'માં શુધ્ધ ગુજરાતી ભાષા અને શુધ્ધ ગુજરાતી પહેરવેશને કારણે પ્રથમ તબક્કાથીજ કંઇક અતડાપણું તેમાં વર્તાવા લાગ્યું. પારસી કલાકારો શુધ્ધ ભાષા બોલી શકશે ખરા ? પ્રેક્ષકોને આ નાટક પસંદ પડશે ? નાટક ભજવનારનું તો નાટક નહીં થાય ને ? આદિ અનેક શંકા-કુશંકા શરુઆતથી થવા લાગી. અંતે આ નાટક કેખશરુ કાબરાજીએ પરત કરવામાં આવ્યું અને તેની ભજવણી અંગે ઉપરોક્ત કારણો દર્શાવવામા આવ્યા. આ આખીય પરિસ્થિતિમા પ્રત્યુત્તરુપે કાબરાજીએ તેમની પાસે બધુંજ નાટક સરળતાપૂર્વક વાંચી સંભળાવ્યું જેના કારણે કલાકારોનો ઉત્સાહ પુનઃસ્થાપિત થયો અને તે ભજવવા અંગેના રીહર્સલ શરુ થયાં. કેખશરુ કાબરાજીએ તે નાટક તેમજ તેમાં આવતા ગીતોની સંપૂર્ણ તૈયારી કરાવવાની શરુઆત કરતાં કલાકારોનો ઉમંગ બેવડાયો. કલાકારો તરફથી સંપૂર્ણ સહકાર મળતાં કાબરાજીએ આ નાટકની ભજવણી પરત્વે પોતાની સર્વશક્તિ કામે લગાડી દીધી હતી.

નાટકની સાધન સામગ્રીમાં રાજાના મુકુટ, ઋષી અને જતીઓની જટાઓ ત્યા તેમની મૂંછો, પઘની પાવડીઓ, ધોતિયા, દંડ આદિની પૂર્ણ તૈયારીઓ થતી હતી. કાબરાજીની સંપૂર્ણ માર્ગદર્શન શક્તિને કારણે પારસી કલાકારો શુધ્ધ ગુજરાતી સરળ રીતે બોલતા થઇ ગયાં. 'હરિશ્ચંદ્ર' નાટક તૈયાર થતાં તેના કાર્યક્રમ અંગેની જાહેરાત છાપાઓમાં આવવા લાગી. તે વાંચતા પ્રેક્ષકો તે જોવા ખૂબજ અધીરા બનતા નાટકના પ્રથમ દિવસે સાત આઠ વાગે થિયેટરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા ! શની, બુધ અને સોમવારના દિવસો દરમ્યાન 'હાઉસફુલ'ના પાટિયાં લગભગ એક વરસ સુધી લટકતા રહયાં. આ નાટક 'નાટક ઉત્તેજક મંડળી'ની સોળ વર્ષની કારકિર્દી દરમ્યાન લગભગ અગીયારસો વખત ભજવાયું. હતું. આ નાટકની આ ઉચ્ચ કોટિની સફળતાનો આધાર તેના કલાકારોમા રહેલી અભિનય કૌશલ્યતા નાટયકારની નાટક પરત્વેની સૂઝ અને કાબરાજીનું શ્રેષ્ઠ દિગ્દર્શન ગણાવી શકાય. આ નાટકની ભજવણીને કારણે 'વિકટોરિયા નાટક મંડળી'ની આવક પર અસર થઇ હતી જેના કારણે તેના માલિકોએ 'ચવચવનો મુરબ્બો'નો શો કરી બહારગામ ઉપડી જવાની તૈયારીઓ કરવા માંડી. આ 'ચવચવનો મુરબ્બો'ની શોધ અને શરુઆત ખુરશેદજી બાલીવાળાએ કરી હતી. જયારે કોઇ નાટક મંડળી પાસે ભજવવા માટે નાટક ના હોય ત્યારે તે વિવિધ આઇટમોના મિશ્રણવાળો એક ખેલ ભજવતી જેમાં ગાયન, હાસ્યમિશ્રીત નાટય-ખંડ, જાદૂઇ ખેલ, નૃત્યાદિ આદિ આઇટમ રજૂ કરવામાં આવતી.

'હરિશ્ચંદ્ર'નાટકમાં નીચે મુજબના કલાકારોએ વિવિધ પાત્ર ભજવ્યાં હતાં :

| | |
|---|---|
| હરિશ્ચંદ્ર | હોરમસજી ધનજીભાઇ મોદી 'કાકાવાલ' |
| વિશ્વામિત્ર | ફરામજી ગુસ્તાદજી દલાલ |
| તારમતી | અરદેશર હીરામાણેક |
| નક્ષત્ર | કાવસજી ગુરગીન |
| ઢેડી | પેસ્તનજી બ્રહતસેના 'પેસુ ઢેડી' |

આ શિવાય બીજા પણ ઘણાં કલાકારો આ નાટકમાં કામ કરતાં હતાં.

ફરામજી કાવસજી હોલમાં 'હરિશ્ચંદ્ર' નાટક આશરે સો-દોઢસો વખત ભજવાયો હતો. આ નાટકની સફળતાને કારણે ખુરશેદજી બાલીવાળાએ તેનું ઉર્દૂમાં રુપાંતર કર્યુ હતું. 'નાટક ઉત્તેજક મંડળી'ના માલિકોને 'હરિશ્ચંદ્ર'ની સફળતા પછી તે કલબના ઉપક્રમે અન્ય નાટકો ભજવી તેને એક ઉચ્ચતર સ્વરુપ આપવાની ઇચ્છા થઇ. 'હરિશ્ચંદ્ર'ને કારણે મળેલી સફળતા અને આર્થિક સધ્ધરતાને કારણે ફ્રાફર્ડ માર્કેટ પાસે એક જગા પર એક લાકડાની નાટકશાળા બાંધી ત્યાં નાટકો ભજવવાનો નિર્ણય કર્યો. 'હરિશ્ચંદ્ર'નાટકની સફળતા પછી ફ્રાફર્ડ-માર્કેટ પાસે બંધાવેલ નાટકશાળામાં રણછોડભાઇ ઉદયરામ રચિત નાટક 'નળ-દમયંતી'નાટક ભજવવાનું શરુ કર્યુ. આ નાટકની હિન્દુ પ્રેક્ષકો પર એટલી ત્રીવ્ર અસર પડી કે હિન્દુ સ્ત્રીઓનો ધસારો ખૂબ વધી ગયો અને નાટકની ભજવણી દરમ્યાન તેમના બાળકોને રડવાનો અવાજ ખલેલ પહોંચાડતો હોવાથી મંડળીની વ્યવસ્થાપક કમીટીએ નાટકશાળાની બહાર ઘોડીયા મૂકાવી તેની દેખરેખ રાખવા માટે માણસો નિયુકત કરવા પડયાં. આ વ્યવસ્થાને કારણે હિન્દુ સ્ત્રીઓનું ખેંચાણ એટલું વધી ગયું કે ત્યારબાદ કેટલાક અઠવાડીયા સુધી નાટકશાળામાં તેમનો ધસારો થતો રહયો હતો.

કેખશરુ કાબરાજીની આ યોજનાથી 'નાટક ઉત્તેજક મંડળી'ના માલિકોને ખૂબજ આવક થઇ હતી પણ દૂ:ખદ એ છે કે ત્રણે માલિકોએ - ફરામજી ગૂસ્તાદજી દલાલ, કાવસજી નસરવાનજી કોહીદારુ (કાવસજી બા), હોરમસજી ધનજીભાઇ મોદી (કાકાવાલ)-કાબરાજીની આ ઉન્નત બુધ્ધિ અને શકિતનો સહેજ પણ બદલો આપ્યો ન હતો. ઉપરોકત ઘટના જોતાં એક વસ્તુ ખૂબજ સ્પષ્ટ થાય છે કે નાટકમંડળીના માલિકો માત્ર વ્યાપારી ધોરણવાળી દૃષ્ટિથી આગળ વધી શકયા નહોતા. પરિણામે કોઇપણ કલાકારનું મૂલ્ય કરી શકતાં નહિં.

નળ-દમયંતી નાટક પછી 'નાટક ઉત્તેજક મંડળી'ના ઉપક્રમે 'ફરીદુન'નાટક ભજવવામા આવ્યું હતુ. આ નાટક શ્રી કેખશરુ કાબરાજીએ દાદાભાઇ ઠુંઠીને હિંદી નાટક મંડળી માટે ભજવવા આપ્યું હતું. જે પાછળથી દાદાભાઇ ઠુંઠીએ તેના પૈસા ના આપી શકવાથી

કાબરાજીએ પાછુ આપ્યું હતુ. આ નાટક કાબરાજીએ કેટલાક સુધારા-વધારા સાથે 'નાટક-ઉત્તેજક મંડળી'ને આપ્યું હતું જે થોડાક માસ સુધી સતત ભજવાયું હતુ. 'ફરીદુન'નાટક પછી 'નાટક ઉત્તેજક મંડળી'એ કવિ નર્મદનું 'સીતા હરણ' નાટક ભજવ્યું હતુ. રણછોડભાઇ ઉદયરામના 'હરિશ્ચંદ્ર' અને 'નળ-દમયંતી'નાટકની જેમ 'સીતાહરણ'નાટકને પણ કાબરાજીને યોગ્ય કાપકુપ કરી અને સુધારા કર્યા બાદ સ્ટેજને લાયક બનાવવું પડયું હતું. આ નાટક પણ કંપનીને ખૂબજ સારી આવક કરાવી શકયું હતું. આ નાટકને જોવા હિન્દુ શેઠીયાઓ તેમજ મહારાજો આદિ પ્રેક્ષકોનો ખૂબજ ધસારો નાટકશાળા પર રહેતો અને નાટકની ભજવણી દરમ્યાન જ્યારે રામ અને સીતાનું દશ્ય સ્ટેજ પર રજુ થતું ત્યારે પ્રેક્ષકો તેમની સીટ ઉપર ઉભા થઇ બે હાથ જોડી પગે લાગતા ! ! ! આ ઉપરાંત 'નંદ-બત્રીસી', 'લવકુશ', 'વિનાશ કાળે વિપરિત બુધ્ધિ', અને 'નીંદાખાનું' આદિ નાટકો પણ તેમણે રચ્યા હતાં. 'નિંદાખાનુ'નાટક કાબરાજીની નિજી દેખરેખ હેઠળ ભજવાયું હતુ. ઇ.સ.૧૮૮૩માં 'નાટક ઉત્તેજક મંડળી'ના ઉપક્રમે તે ખૂબજ સફળતાપુર્વક ભજવાયું હતું. કાબરાજીએ આ નાટક Sheridan ના School for Scandal, ના આધારે રચ્યું હતું. આ નાટકમાં કાબરાજીએ પારસી સંસારનો આબેહૂબ ચીતાર આપ્યો હતો. આ નાટકના રીહર્સલ દરમ્યાન દોઢથી બે કલાક ચાલે તેવો સૂર સંભળાતા તેના માલિકોએ તેને લંબાવવાનું સૂચન કર્યુ હતુ પણ કાબરાજીએ તે ન સ્વીકારતા નાટક જેવું હતુ તેવુંજ એસપ્લેનેડ નાટકશાળામાં રજૂ કરવામાં આવ્યું અને તે રાતના એક-દોઢ વાગે પુરુ થયું હતું. સાડા અગીયારે પૂર્ણ થનાર નાટક દોઢ વાગ્યા સુધી ચાલ્યું તેનું રહસ્ય માત્ર એટલુ કે નાટક દરમ્યાન આવતા હાસ્યપ્રસંગો દરમ્યાન પ્રેક્ષકોએ દોઢ કલાક તો હસવામાં લીધો હતો. 'નિંદાખાનું'એ કાબરાજીની તેમજ 'નાટક ઉત્તેજક મંડળી'નુ છેલ્લું મહત્વપૂર્ણ નાટક કહી શકીએ.

'નાટક ઉત્તેજક મંડળી'ની હસ્તી સોળ વર્ષ સુધી ટકી હતી. આ દીર્ઘકાળ દરમ્યાન અનેક હિન્દુ તેમજ પારસી નાટકો ભજવ્યા હતાં પરંતુ જ્યારથી કાબરાજીએ 'નાટક ઉત્તેજક મંડળી'નો સાથ છોડી દીધો ત્યારથી તે મંડળીનુ જોર ઓછું પડવા માંડયું તેની આવક ઘટવા માંડી અને તેના પરિણામે તેના માલિકો વચ્ચે મનભેદ વધવા લાગ્યા અને અંતે તેમની ભાગીદારી છૂટી પડી. કાવસજી કોહીદારુ અને હોરમસજી મોદી છૂટા થતા ફરામજી દલાલ મંડળીના એકલા માલીક બન્યાં. ફરામજી ગુસ્તાદજી દલાલ કંપનીના એકલા માલીક બન્યા તે પૂર્વે કાબરાજી મંડળીનો સંબંધ છોડી ગયા હોવાથી તેમણે મંડળીને નાટકો આપવાના બંધ કર્યા હતાં તત્પશ્ચાયત ફરામજી દલાલને એક નવા લેખક મળ્યા જેમના ધાર્મિક નાટકોએ કંપનીના

આયુષ્યમાં વધારો કર્યો. આ નવા લેખક તે શંકર બાપુજી ત્રીલોકેકર. ત્રીલોકેકરના મુખ્ય નાટકો 'દમયંતી સ્વયંવર', ''વિક્રમ ચરિત્ર', યાને શની ગ્રહનો કોપ'' 'સુભદ્રા હરણ', 'ચીત્રસેન ગાંધર્વ' આદિ ગણાવી શકાય. નાટયકાર હોવા ઉપરાંત કવી હોવાને કારણે તેઓ પોતાના નાટકના પોતાનાજ રચિત ગીતો મૂકતાં હતાં. આ સમય દરમ્યાન 'વિકટોરિયા નાટક મંડળી'માંથી છૂટા પડેલા દાદાભાઇ રતનજી ઠુંઠી ફરામજી દલાલના એક ભાગીદાર તરીકે જોડાયા. દાદાભાઇ ઠુંઠી કલબમા જોડાતા 'નાટક ઉત્તેજક મંડળી' જે માત્ર 'નાઇટ કલબ'હતી તેની સાથે અન્ય 'ડે-કલબ' સ્થાપવાના પ્રયત્નો કરવા લાગ્યા અને નવા કલાકારોની ભરતી કરવા લાગ્યા અને એક મુનશી રાખી ઉર્દૂ ઓપેરા 'પરસ્તાનના પરીઓં'ની રચના કરાવી તેના માટે ખાસ પડદા ચીતરાવ્યા. આ ઓપેરા નિષ્ફળ જતાં ફરામજી દલાલ એટલા બધા હતાશ થયા કે કંપની બંધ પડી ગઇ. બન્ને ભાગીદારો અલગ થઇ ગયા. અંતે તે મંડળીનો સામાન, ડ્રેસો અન્ય માલ મિલકત મહુમ નાનાભાઇ રાણીનાની 'આલ્ફ્રેડ કલબ' કઆટે રાખી લેવામા આવ્યું. અંતે એક સ્પષ્ટતા કરી શકાય કે 'ડે-કલબ' કરવાના સ્વપ્ના સેવતા ફરામજી દલાલ તે પ્રયોગમાં નિષ્ફળ જતાં સોળ વર્ષની ઉજ્જવળ કારકિર્દી ભોગવતી 'નાટક ઉત્તેજક મંડળી'ના આયુષ્ય અલ્પ કરવાનુ નિમિત્ત બન્યા.

## ગુજરાતી નાટક મંડળી

'નાટક ઉત્તેજક મંડળી' દ્વારા 'હરિશ્ચંદ્ર અને 'નળ-દમયંતી'નાટકની સફળ ભજવણીને કારણે તે ખેલ ભજવનાર ફરામજી ગુસ્તાદજી દલાલ પાસે નરોત્તમ તેમજ અન્ય કેટલાક મહેતાજીઓ તે નાટકનો એક પ્રયોગ ઉચ્ચક પૈસા આપી નક્કી કરવા ગયા. મહેતાજીઓએ ત્રણસો રુપિયા આપવાની તૈયારી બતાવી જયારે ફરામજીએ પાંચસો માંગ્યા. મહેતાજીઓએ કરેલી વિનંતીની કોઇ અસર ફરામજી પર ના થઇ. આકરા સ્વભાવના ફરામજી મહેતાજીઓની વિનંતી ઉદાર હૃદયે સ્વીકારવાને બદલે તેમનું અપમાન કરતાં બોલ્યો: '' જા જા વાનિયા તારે વેપલો કરવો હોય તો મૂક રુપિયા પાંસો મારી ટેબલ ઉપર નહી તો નીચી મુંડી કરી ચાલ્યો જા'' ૩૧ તે સાંભળી નરોત્તમે ગુજરાતીઓ પણ નાટક મંડળી સ્થાપી શકશે તેવી શ્રધ્ધા પ્રકટ કરી ત્યારે તે બોલ્યો ' અલ્યા વાણિયા, તુ સ્ટેજ ઉપર એક ઉંદરડી સરખી પણ ચલાવી શકે નહીં'' ૩૨

અપમાનિત થયેલા મહેતાજીઓએ આર્દ્ર સ્વરે સર્વ ઘટના રણછોડભાઇને કહી ગુજરાતી નાટક મંડળી સ્થાપવા વિનંતી કરી. રણછોડભાઇએ આ 'અઘરા વિષય'માં 'ખોવાના ધંધા'માં

ન પડવા સમજાવ્યું. પણ, દરેક પ્રકારનો ભોગ આપવાની તત્પરતા બતાવનાર મહેતાજીઓની વિનવણીથી બુધવાર તા.૫ મી જૂન ઇ.સ.૧૮૭૮માં 'ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના થઇ અને તેમણે 'લલિતા દુઃખ દર્શક' નાટક ભજવ્યું જેની એટલી તીવ્ર અસર થઇ કે એક ડોસીએ આ નાટક જોઇ તેની દીકરીનો વિવાહ તેની ઇચ્છા વિરુધ્ધ કરેલો હોવાથી તોડી નાંખ્યો. 'લલિતા દુ:ખદર્શક'ના પ્રયોગથી 'ગુજરાતી નાટક મંડળી' રંગભૂમિના ક્ષેત્રે સક્રિય બની અને તેના ઉપક્રમે રણછોડભાઇના નાટકો સતત ભજવાંયા ઉપરાંત ભાઇશંકર નાનાભાઇનું 'સુદામા ચરિત્ર' પણ ભજવાયું હતું.'ગુજરાતી નાટક મંડળી'ને ઉત્તેજન મળતાં મહેતાજીઓનો ઉત્સાહ વધ્યો અને ત્યારબાદ રણછોડભાઇનુ 'બાણાસુર-મદ મર્દન' નાટક ભજવ્યું હતું.

'ગુજરાતી નાટક મંડળી'નો ઉલ્લેખ કદાચ આ સંશોધનના વિષયાનુરુપ ન હોવા છતાં તેનો ઉલ્લેખ અનિવાર્ય બની રહે છે. પરંતુ આ નાટક મંડળી જે પરિસ્થિતિમાં સ્થપાઇ તે પરિસ્થિતિ અને જે પરિબળો એ તેની સ્થાપના કરવામા ફાળો આપ્યો તેનું મૂલ્ય વિસ્મરી શકાય નહીં. ફરામજીએ પોતાની પ્રકૃતિગત નિર્બળતા કે વિશિષ્ટતાને કારણે મહેતાજીનું જે અપમાન કર્યું તે વાકય અને ફરામજી બન્નેને 'ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપનાના પ્રેરક બળો કહીશું તો અયોગ્ય નહી લેખાય. ફરામજીના તે વાકયો એજ મહેતાજીઓમાં સુષુપ્તાવસ્થામાં રહેલા કલાકાર આત્માને ઉશ્કેર્યો જેના પરિણામે 'ગુજરાતી નાટક મંડળી'નો સ્થાપના વહેલી થઇ. અલબત્ત રણછોડભાઇ ઉદયરામનો સહકાર પણ તેના ઉત્થાનમાં એટલોજ મહત્વનો ભાગ ભજવતો દેખાય છે. ગુજરાતી રંગભૂમિના પ્રારંભકાળમાં પારસી ફરામજી ગુસ્તાદજી દલાલના અઘટિત વર્તને પણ રંગભૂમિની સ્થાપના અને વિકાસમાં જે તીવ્ર અને શીઘ્ર મનોબળ અર્પ્યું તે ઘટના માત્ર પારસી રંગભૂમિજ નહી પણ ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં સહર્ષ નોંધપાત્ર બની રહેશે.

o–o–o–o–o–o–o
o–o–o–o–o–o
o–o–o–o–o
o–o–o–o
o–o–o
o–o
o

## પ્ર ક ર ણ - ૬

## સંદર્ભ ગ્રંથ - સૂચિ :


| | | | |
|---|---|---|---|
| ૧. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૦ |
| ૨. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૧ |
| ૩. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૩૨ |
| ૪. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૩૮ |
| ૫. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૫૫ |
| ૬. | પારસી નાટક તખ્તો | ફીરોઝઘર | પૃ.૧૩ |
| ૭. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૩૮ |
| ૮. | હિન્દી રંગમંચ ઔર પં.નારાયણપ્રસાદ 'બેતાબ' | ડૉ.વિદ્યાવતી નમ્ર | પૃ.૭૨ |
| ૯. | મ્હારો નાટકી અનુભવ | જાહાંગીર ખંભાતા | પૃ.૪૧ |
| ૧૦. | મ્હારો નાટકી અનુભવ | જાહાંગીર ખંભાતા | પૃ.૨૦૪ |
| ૧૧. | મ્હારો નાટકી અનુભવ | જાહાંગીર ખંભાતા | પૃ.૨૪૫ |
| ૧૨. | મ્હારો નાટકી અનુભવ | જાહાંગીર ખંભાતા | પૃ.૭ |
| ૧૩. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૩૧૮ |
| ૧૪. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૨૩૮ |
| ૧૫. | હિન્દી રંગમંચડા ઇતિહાસ | ડૉ.ચંદુલાલ દુબે | પૃ.૭૭ |
| ૧૬. | પાસ્સી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૩૩૯ |
| ૧૭. | ગુજરાતી નાટ્ય-ઓકટોબર 'આપણી રંગભૂમિ | ડૉ. ડી.જી. વ્યાસ | પૃ. |
| ૧૮. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૧૯૨ |
| ૧૯. | પારસી નાટક તખ્તો | ફીરોઝઘર | પૃ.૧૮ |
| ૨૦. | પારસી નાટક તખ્તાની તવારિખ' | ડૉ.ધનજીભાઇ પટેલ | પૃ.૨૩૯ |
| ૨૧. | " " " | " " | પૃ.૨૩૦ |
| ૨૧. | હિન્દી રંગમંચ ઔર પં.નારાયણપ્રસાદ 'બેતાબ' | ડૉ.વિદ્યાવતી નમ્ર | પૃ.૮૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૩. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ. ધનજીભાઇ પટેલ | પૃ. ૨૬૩ |
| ૨૪. | પારસી રંગમંચ નાગરી પત્રિકા માર્ચ-એપ્રિલ-૧૯૬૮ | ડૉ. અજ્ઞાત | પૃ. ૧૦૬ |
| ૨૫. | મેરા નાટકકાલ [illegible] | પં. રાધેશ્યામ કથાવાચક | પૃ. ૧૮ |
| ૨૬. | હિન્દી રંગમંચ ઔર પં. નારાયણપ્રસાદ 'બેતાબ' | ડૉ. વિદ્યાવતી નમ્ર | પૃ. ૮૪ |
| ૨૭. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ. ધનજીભાઇ પટેલ | પૃ. ૩૭૫ |
| ૨૮. | પારસી નાટક તખ્તાની તવારિખ | ડૉ. ધનજીભાઇ પટેલ | પૃ. ૩૮૦ |
| ૨૯. | પારસી નાટક તખ્તો | ફીરોઝઘર | પૃ. ૨૨૫ |
| ૩૦. | ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ | ડૉ. મહેશ ચોકસી | પૃ. ૪૭ |
| ૩૧. | રણછોડભાઇ ઉદયરામ ગ્રંથ | સંપાદક ર. ઉ. શતાબ્દિ સમિતિ | પૃ. ૫૪ |
| ૩૨. | રણછોડભાઇ ઉદયરામ ગ્રંથ | સંપાદક ર. ઉ. શતાબ્દિ સમિતિ | પૃ. ૫૫ |